# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 264 ■ વિક્રમ સંવત ૨૦૮૨

કાર્તિક વદ-૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 November 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૮ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



A BRAND OF RAJNISH WELLNESS LIMITED

જોશ, તાકાદ અને ENERGY વધારો






તમારી સ્ટેમિનામાં વધારો અને પ્લે-વિન કેપ્સ્યુલ્સ સાથે જીવનમાં સક્રિય અને મોહક બનો. માત્ર 21 દિવસના કોર્સમાં, સુખ અને સંતોષ એક આદત બની જાય છે અને છેવટે સફળ અને ખુશ જીવન જીવે છે. શરીરના આવશ્યક ભાગો પર સખ્તાઇ અને સનસનાટીભર્યા નબળા ચેતા રાખવા માટે, કોર્સ સાથે પ્લે વિન ઓઇલનો ઉપયોગ કરો.

સારા પરિણામો માટે પ્લે-વિન તેલનો ઉપયોગ કરો

100% Ayurvedic | No Side effects | 100% Vegetatrian | 17 Precious Herbs

ફક્ત પુરુષો માટે
પ્લે-વિન કેપ્સ્યુલ

મહિલા માટે ભી ઉપલબ્ધ છે
પ્લે-વિન-F કેપ્સ્યુલ ફક્ત મહિલા માટે

21 દિવસ સુધી દરરોજ સવારે 1 અને સાંજે 1 પ્લે-વિન કેપ્સ્યુલ ખાવાનું

બધા મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે

MANASAROVAR
BY HARASIDDH GROUP

KANDIVALI WEST | LUXURIOUS 2 & 3 BHK FLATS 22 STORY TOWER

NEARING COMPLETION

MULTI SPORTS NETTED TURF | ROOFTOP SWIMMING POOL | ROOFTOP GYMNASIUM | LANDSCAPED SKY GARDEN | CHILDREN'S PLAY AREA

Split ACs and modular kitchen • Double height entrance lobby • Covered surface level parking • Natural light and cross ventilation



HARASIDDH GROUP
LEGACY OF 45+ YEARS

Contact: 93211 72023 | 91673 52018
Site Add: Manasarovar, Ram Lane, Kandivali West, Mumbai
manasarovar@harasiddhgroup.com
manasarovarkandivali.com

MahaRERA Registration No. P51800078732.
Scan for more details



Win a Free Tour
Europe / Dubai / Thailand / Himachal




Borivali 9 November

KESARI
41 Years of Legacy™

## Visit Kesari's Grand Travel Celebration

Free Seminars, Lucky Draw, Gift Vouchers & Special Offers. Enjoy Big Savings!

Many Offers* | One Line Offer Price* | On the Spot Double Discount* | Student Special* (2-18 Years up to ₹18,000) | All India One Price* | 8+ Group Discount* | No Cancellation Charges* | Free Tour Date Change* | Bonanza Discount* | Ex Guest* | 0% EMI*



| | | |
|---|---|---|
| Europe | 7 To 22 Days | 36 tour options |
| Africa | 6 To 13 Days | 6 tour options |
| Australia New Zealand | 7 To 17 Days | 4 tour options |
| Japan Korea | 6 To 9 Days | 5 tour options |
| America | 6 To 20 Days | 9 tour options |
| South East Asia | 4 To 12 Days | 22 tour options |
| Mauritius | 6 Days | 2 tour options |
| Sri Lanka Maldives | 6 To 8 Days | 3 tour options |
| Bhutan | 10 Days | 1 tour option |
| Nepal | 7 To 8 Days | 2 tour options |
| Dubai and Middle East | 5 To 10 Days | 10 tour options |



| | | |
|---|---|---|
| Madhya Pradesh | 4 To 15 Days | 5 tour options |
| North East | 5 To 12 Days | 4 tour options |
| Sikkim Darjeeling | 7 To 11 Days | 3 tour options |
| Kashmir | 6 To 9 Days | 8 tour options |
| Uttar Pradesh | 5 To 8 Days | 6 tour options |
| Himachal | 6 To 12 Days | 8 tour options |
| Andaman | 5 To 7 Days | 3 tour options |
| Kerala | 5 To 10 Days | 9 tour options |
| Rajasthan | 4 To 15 Days | 12 tour options |
| Andhra Pradesh | 5 To 8 Days | 4 tour options |
| Karnataka | 5 To 8 Days | 4 tour options |




Get Expert Travel Guidance! Borivali 9 November, Sunday 10 to 6 | 916 777 4972

| | | | |
|---|---|---|---|
| 11 AM | Indian Tours | 2 PM | SEA |
| 12 PM | Japan & Dubai | 3 PM | Australia New Zealand & USA |
| 1 PM | Srilanka Nepal & Bhutan | 4 PM | Europe & Off beat Europe |

Kesari Carnival: Sai Krupa Banquets, Opp. Aditya Institute, Ram Nagar, Mhatre Wadi, Borivali West




### Europe 2026

| Tour Code | Days | Tour | Price |
|---|---|---|---|
| PS | 08 | Swiss Paris Amsterdam Brussels | 1,93,000* |
| EP | 08 | Prague Vienna Budapest Bratislava | 2,43,000* |
| PR | 08 | Russia Murmansk Northern Lights | 2,53,000* |
| ER | 09 | Best of Eastern Europe | 2,53,000* |
| P8 | 10 | Glimpses Europe Lake Lugano | 2,63,000* |
| EF | 09 | Flavours of Italy | 2,78,000* |
| EI | 09 | London Scotland | 2,78,000* |
| EC | 07 | Athens Mykonos & Santorini | 2,83,000* |
| EL | 09 | Swiss Paris | 2,93,000* |
| EU | 09 | Greece Turkey | 2,98,000* |
| EM | 08 | Best of Switzerland | 3,02,000* |
| ED | 11 | Italy Swiss Paris | 3,08,000* |
| P7 | 12 | Images of Europe | 3,18,000* |
| E7 | 12 | Enticing Europe | 3,23,000* |
| EB | 11 | Austria Swiss Paris | 3,28,000* |
| EA | 09 | London Swiss Paris | 3,33,000* |
| EW | 09 | Best of Scandinavia | 3,33,000* |
| ES | 15 | Central Europe | 3,53,000* |
| EH | 13 | Spain Portugal Morocco | 3,63,000* |
| EO | 13 | England Scotland Ireland Wales | 3,68,000* |
| E6 | 14 | Best of Europe | 4,03,000* |
| EY | 12 | Scandinavia Midnight Sun | 4,18,000* |
| E4 | 16 | Wonders of Europe | 4,18,000* |
| EN | 08 | Best of Iceland | 4,53,000* |
| E1 | 22 | All of Europe | 5,35,000* |

*T & C Apply

9930 33 0066 | 1800 266 1100
Monday to Saturday 10 to 7. Sunday 11 to 6

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Mumbai | 022-61744100 | Vasai | 7045 00 0031 | Vashi | 022-69462222 | Kalyan | 9820 81 8332 | Alibag | 9881 47 1477 |
| Mahim | 9167774978 | Thane | 022-69721100 | Chembur | 7045 00 0091 | Khadakpada | 8879 63 5051 | Palghar | 8446605040 |
| Vile Parle | 7045 23 4545 | Thane | | Pokharan Road | 9619 24 6688 | Panvel | 9769 92 3188 | Boisar | 9869200253 |
| Borivali | 022 69582200 | Dombivali | 7045 00 0041 | Dombivali | 9930 60 3313 | Virar | 9890 35 7785 | Badlapur | 9850080108 |

KESARI.in

Kesari's Speciality Tours | Honeymoon | marigold Yatra to Spiritual Places | My Fair Lady | Second Innings | chota break

KESARI SELECT — CUSTOMIZED HOLIDAYS 1800 266 9080, 86577 58850

KESARI MICE — CORPORATE TOURS 70300 11444, 914556 1122

Foreign EXchange

Shop travel-curated products. www.shop.kesari.in

## પાકિસ્તાને ઓખાની ફિશિંગ બોટ સાથે આઠ ગુજરાતી માછીમારનું અપહરણ કરતા ચિંતાનું મોજું

અમદાવાદઃ અરબ સાગરમાં માછીમારી કરી રહેલા ગુજરાતના ૮માછીમારોને પાકિસ્તાન મેરી ટાઈમ સિક્યુરિટી એજન્સી (પીએમએસએ)એ બોટ સાથે અપહરણ કર્યું હોવાના ચોંકાવનારા સમાચાર બહાર આવ્યા હતા. આટલું જ નહીં પાકિસ્તાન મેરી ટાઈમ સિક્યુરિટી એજન્સીએ તેમની બોટને પણ જપ્ત કરી લીધી હતી. આ ઘટના દરમિયાન પાકિસ્તાની એજન્સી દ્વારા ભારતીય બોટ પર ફાયરિંગ કરવામાં આવ્યું હોવાની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગુજરાતના ઓખાની એક ફિશિંગ બોટનું પાકિસ્તાન મરીન સિક્યુરિટી દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું.આ ઘટના ભારત-પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સમુદ્રી સરહદ (આઈએમબીએલ) નજીક બની હતી. આ ઘટનાના પગલે માછીમાર સમાજમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. છેલ્લા ઘણા સમયથી પાકિસ્તાન મરીન સિક્યુરિટી દ્વારા ભારતીય માછીમારોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.પાકિસ્તાન દ્વારા અપહરણ કરાયેલ બોટનું નામ નર નારાયણ હોવાનું અને બોટ ગીરસોમનાથના મઢવાડની હોવાનું તેમજ તેનો રજિસ્ટ્રેશન નંબર આઈએનડી-જીજે-૩૨-એમએમ-૫૯૧ હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

ભારતીય માછીમારો માછીમારી દરમિયાન ભૂલથી કે અજાણતા આંતરરાષ્ટ્રીય જળસીમા નજીક પહોંચી જાય છે, જેનો લાભ લઈને પાકિસ્તાન મરીન સિક્યુરિટી દ્વારા તેમને પકડી લેવામાં આવે છે. આ ઘટના બાદ ભારતીય કોસ્ટ ગાર્ડ અને અન્ય સુરક્ષા એજન્સીઓ દ્વારા દરિયાઈ વિસ્તારમાં પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે. આ મામલે ભારતીય કોસ્ટ ગાર્ડ, મરીન વિભાગ, સરકાર કે સ્થાનિક તંત્ર તરફથી કોઈ પુષ્ટિ થઈ ન હતી. રાજ્ય ફિશરીઝ વિભાગ તરફથી પણ આ મામલે કોઈ સતાવાર પ્રતિક્રિયા બહાર આવી ન હતી. જેથી માછીમાર સમાજે આ અંગે તાત્કાલિક કાર્યવાહી કરીને માછીમાર બંધુઓને છોડાવાય તેવી માંગ સરકાર પાસે કરી હતી.

## ચૂંટણી પંચના નિયામકે ગાંધીનગરમાં 'સર' પ્રક્રિયાની સમીક્ષા યોજીઃ રાજ્યમાં એક કરોડથી વધુ ફોર્મનું વિતરણ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગત તા. ૨૭ ઓક્ટોબર, ૨૦૨૫થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી 'સર' (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) પ્રક્રિયાની સમીક્ષા કરવા ભારતના ચૂંટણી પંચના નિયામક શુભ્રા સક્સેના અને સચિવ બિનોદ કુમારે ગાંધીનગર ખાતેથી બેઠક યોજી હતી. આ બેઠકમાં 'સર' પ્રક્રિયાની પ્રગતિની વિગતો આપતાં મુખ્ય ચૂંટણી અધિકારી હારિત શુક્લાએ જણાવ્યું હતું કે, તા.૨૭ ઓક્ટોબર, ૨૦૨૫ની સ્થિતિએ ગુજરાતમાં ૫,૦૮,૪૩,૪૩૬ મતદારો નોંધાયેલા હતા, જે તમામને એન્યુમરેશન ફોર્મ એટલે કે ગણતરી પત્રકો પ્રિન્ટ કરીને આપવામાં આવશે. અત્યાર સુધીમાં ૫,૦૩,૮૩,૦૨૨ મતદારોના ગણતરી ફોર્મ પ્રિન્ટ કરી દેવામાં આવ્યા છે, બાકી રહેલા ફોર્મ્સના પ્રિન્ટીંગનું કામ હાલ પ્રગતિમાં છે. પ્રિન્ટ થયેલા ગણતરી ફોર્મ પૈકી ૧,૦૧,૦૪,૫૮૪ ફોર્મ મતદારો સુધી પહોંચાડી દેવામાં આવ્યા છે, જ્યારે બાકીના મતદારો સુધી આ ફોર્મ્સ સત્વરે પહોંચાડી દેવામાં આવશે.

ગાંધીનગર ખાતે રાજ્યના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશનરોને ભારતના ચૂંટણી પંચના નિયામક શુભ્રા સક્સેના અને સચિવ બિનોદ કુમાર દ્વારા મતદાન નોંધણી અધિકારીઓ અને બૂથ લેવલ ઓફિસર કઈ રીતે 'સર' દરમિયાન તમામ મતદારો સુધી પહોંચી શકે, તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સાથે જ મતદારોને ગણતરી ફોર્મ ભરવામાં કઈ રીતે સહાયતા કરી શકાય, તે અંગેનું માર્ગદર્શન આપવા સાથે મતદારોને ગણતરી ફોર્મ ભરવામાં કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે રીતે કાર્યવાહી હાથ ધરવા સૂચનાઓ આપવામાં આવી હતી.

ભારતના ચૂંટણી પંચ દ્વારા રાજ્યની ૮ મહાનગરપાલિકાઓના મ્યુનિસિપલ કમિશનરોને સ્પેશિયલ એડિશનલ ડિસ્ટ્રિક્ટ ઇલેક્શન ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ તમામ મ્યુનિસિપલ કમિશનરો દ્વારા તેમના તાબા હેઠળના સ્ટાફને પણ મતદારોની મદદ માટે મૂકવામાં આવશે.વધુમાં, ભારતના ચૂંટણી પંચના ઉચ્ચ અધિકારીઓની ટીમ દ્વારા ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના મતદાર નોંધણી અધિકારી તેમજ બૂથ લેવલ ઓફિસર્સ દ્વારા 'સર' અંતર્ગત કરવામાં આવી રહેલી કામગીરીની સમીક્ષા પણ કરી હતી. આ બેઠકમાં અધિક મુખ્ય ચૂંટણી અધિકારી એ.બી. પટેલ સહિત મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દૂધસાગર ડેરીના ભૂતપૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીને ઝટકોઃ મહેસાણા સેશન્સ કોર્ટનો સજા ઉપર સ્ટે આપવાનો ઈનકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણાની દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીને મહેસાણા સેશન્સ કોર્ટે મોટો ઝટકો આપ્યો હતો. વિપુલ ચૌધરી હવે આગામી સમયમાં યોજાનાર દૂધસાગર ડેરીની ચૂંટણી નહીં લડી શકે. સાગરદાણ કૌભાંડ કેસમાં વિપુલ ચૌધરીને ૭ વર્ષની સજા ફટકારી હતી. આ સજા ઉપર સ્ટે મૂકવા માટે વિપુલ ચૌધરીએ સેશન્સ કોર્ટમાં કરેલી અરજી ફગાવી દેવામાં આવી હતી. આ કેસના કારણે મહેસાણા સહિત ગુજરાતના દૂધિયા રાજકારણમાં ગરમાવો આવ્યો હતો. મહેસાણાની દૂધસાગર ડેરીની આગામી સમયમાં ચૂંટણી યોજાનાર છે. આ ચૂંટણીમાં વર્તમાન ચેરમેન અશોક ચૌધરી સામે પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીની પેનલ વચ્ચે ચૂંટણી થનાર છે. દૂધસાગર ડેરીમાં સત્તા મેળવવા માટે વિપુલ ચૌધરીએ તેમજ સત્તા જાળવી રાખવા માટે અશોક ચૌધરીએ કમર કસી છે. જો કે મહેસાણા સેશન્સ કોર્ટે વિપુલ ચૌધરીની સજા પર સ્ટે માટેની અરજી ફગાવી દીધી હોવાથી હવે તેઓ દૂધસાગર ડેરીના નિયામક મંડળની આગામી ચૂંટણી નહીં લડી શકે. દૂધસાગર ડેરીની ચૂંટણી જાહેર થાય તે પહેલાં પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરી માટે માઠાં સમાચાર કહીં શકાય. સાગરદાણ કૌભાંડ કેસમાં વિપુલ ચૌધરી સહિત ૧૫ આરોપીઓને ૭ વર્ષની સજા થઈ છે. બે વર્ષથી વધુની સજા થઈ હોય તેવી વ્યક્તિ ચૂંટણી લડી શકે નહીં. તેવી કાયદાકીય જોગવાહી હોવાથી વિપુલ ચૌધરીએ દૂધસાગર ડેરીની ચૂંટણી લડવા માટે સજા ઉપર સ્ટે મૂકવા મહેસાણા સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. સાગરદાણ કેસમાં થયેલું કન્વિક્શન મોકૂફ રાખવા માટે તેમણે કરેલી અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. તેથી વિપુલ ચૌધરીની દૂધસાગર ડેરીના નિયામક મંડળની ચૂંટણી લડવાની મહેચ્છા ઉપર પાણી ફરી વળ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મહેસાણાની દૂધસાગર ડેરીએ વર્ષ ૨૦૧૩માં ૨૨.૫૦ કરોડ રૂપિયાનું સાગરદાણ મહારાષ્ટ્રમાં મોકલાવ્યું હતું. જેના સંદર્ભે વર્ષ ૨૦૧૪માં વિપુલ ચૌધરી સહિત ૨૨ આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ હતી હતી. પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરી સામે ૨૧ હજાર પાનાની ચાર્જશીટ દાખલ થઈ હતી.

આ કેસના ૨૨ આરોપી પૈકી ત્રણ આરોપીનાં મૃત્યુ થયાં હતાં. જ્યારે ૧૯ આરોપીઓ પૈકી ૧૫ આરોપીઓને દોષિત ઠેરવી કોર્ટે ૭ વર્ષની સજા ફટકારી હતી. વિપુલ ચૌધરી, પૂર્વ એમડી નિશિથ બક્ષી, પૂર્વ એક્ઝિ. ડિરેક્ટર પી.આર.પટેલ, પૂર્વ એકાઉન્ટ હેડ રશ્મિકાંત મોદી, પૂર્વ વાઇસ ચેરમેન જલાબેન રબારી સહિત ૧૫ આરોપીને સજા ફટકારી હતી.

## ગુજરાતમાં આગામી ત્રણ દિવસમાં હાડ થીજવતી ઠંડીની હવામાન વિભાગની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર ઉત્તર ભારતમાં ગુલાબી ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. પર્વતો પરથી ફૂંકાતા ઠંડા પવનોને કારણે ઉત્તર ભારતના રાજ્યોમાં લઘુત્તમ તાપમાનમાં પણ ઘટાડો થયો છે. આ સાથે જ ગુજરાતમાં પણ ઠંડીનો ચમકારોનો અનુભવ થશે તેવું હવામાન વિભાગની આગાહી કરી છે.

વિભાગની આગાહી અનુસાર, આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યભરના સરેરાશ લઘુતમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે. તાપમાનમાં થનારા આ ઘટાડાને કારણે રાજ્યભરમાં ઠંડીના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થશે અને લોકોને હાડ થીજાવતી ઠંડીનો અનુભવ થશે.

આમ પણ, રાજ્યના અનેક વિસ્તારોમાં હવે રાત્રિ અને વહેલી સવારના સમયે ઠંડીનું જોર વધ્યું છે. રાજ્યમાં સૌથી નીચું તાપમાન કચ્છના નલિયામાં ૧૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સરેરાશ લઘુતમ તાપમાન કરતાં ૨.૫ ડિગ્રી ઓછું છે. નલિયાની સાથે સાથે, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનાં અન્ય શહેરોમાં પણ પારો ૨૦ ડિગ્રીથી નીચે ગયો હતો. જેમાં અમરેલીમાં ૧૮.૪ ડિગ્રી, ડીસામાં ૧૮.૮ ડિગ્રી અને ભુજમાં ૧૯ ડિગ્રી જેટલું લઘુતમ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગના અહેવાલમાં જણાવાયું હતું કે, રાજ્યમાં ઉત્તરપૂર્વથી પૂર્વ તરફના પવનો ફૂંકાઈ રહ્યા છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું હતું કે, આગામી બે દિવસ દરમિયાન ધીમે ધીમે બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાશે. ત્યારબાદ આ લઘુતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી.

વરસાદ અંગેની આગાહી કરતા હવામાન વિભાગે જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર સહિત આખા ગુજરાતમાં વાતાવરણ શુષ્ક રહેવાની સંભાવના છે. આ સાથે દીવ અને દમણ, દાદરા નગર હવેલીમાં પણ વાતાવરણ શુષ્ક રહેશે. ક્યાંય પણ ભારે વરસાદની આગાહી આપવામાં આવી નથી.

## મુખ્ય પ્રધાને અંબાજીથી એકતા નગર સુધી યોજાનારી જનજાતિય ગૌરવ યાત્રાને પ્રસ્થાન કરાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ભગવાન બિરસા મુંડાની દોઢસોમી જન્મ જયંતી ઉજવણી નિમિત્તે યોજાઇ રહેલી જનજાતિય ગૌરવ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતી અને 'જનજાતિય ગૌરવ વર્ષ'ની ઉજવણીના ભાગરૂપે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અંબાજીના જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતેથી મહત્ત્વપૂર્ણ 'જનજાતિય ગૌરવ યાત્રા'ને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી અને રાજ્ય પ્રધાન મંડળના પ્રધાનો સહિત મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ યાત્રાનું વિશેષ આયોજન ૭થી ૧૩ નવેમ્બર દરમિયાન કરવામાં આવ્યું છે. બે રૂટ પર યોજાનાર આ યાત્રા કુલ ૧,૩૭૮ કિ.મી.નું અંતર કાપશેઃ રૂટ નં-૧ ઉમરગામથી એકતાનગર (૬૬૫ કિમી) અને રૂટ નં-૨ અંબાજીથી એકતાનગર (૭૧૩ કિમી).

આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રનિર્માણમાં જનજાતિય સમાજના ગૌરવપૂર્ણ યોગદાનને જન-જન સુધી પહોંચાડવાનો અને આદિજાતિ ગામોના સર્વાંગી વિકાસનો વિલેજ એક્શન પ્લાન તૈયાર કરવા લોકોને જોડવાનો છે. યાત્રા દરમિયાન જે ગામોમાં ગૌરવ રથ જશે ત્યાં આરોગ્ય તપાસ કેમ્પ, સેવાસેતુ, સામૂહિક સ્વચ્છતા સફાઈ અને ભગવાન બિરસા મુંડાના જીવન પર નાટક-નિદર્શન જેવા કાર્યક્રમો યોજાશે.

## ગુજરાત હાઇ કોર્ટે રાજકોટની ૧૫ વર્ષીય દુષ્કર્મ પીડિતાને ગર્ભપાતની મંજૂરી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની દુષ્કર્મ પીડિતા ૧૫ વર્ષીય સગીરાના ૨૫ સપ્તાહના ગર્ભના ગર્ભપાત માટે ગુજરાત હાઇકોર્ટમાં તેના માતા-પિતા દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી. જેને પગલે હાઇ કોર્ટે ગર્ભપાતની મંજૂરી આપી, મેડિકલ અહેવાલ મુજબ કોઈ ગંભીર લક્ષણો નહીં, ગર્ભપાત શક્ય છે તેમ જણાવ્યું હતું.

આ સંદર્ભે હાઇ કોર્ટે રાજકોટની પીડીયુ હૉસ્પિટલને સગીરાના મેડિકલ તપાસના નિર્દેશ આપ્યા હતાં, જેથી જાણી શકાય કે સગીરાનો ગર્ભપાત શક્ય છે કે કેમ ? તેમાં કોઈ એબનોર્માલિટી છે કે કેમ? તેમાં જોખમ છે તો કેટલું છે? તે અંગે પણ જાણી શકાશે.

સગીરાના માતા પિતાએ ગર્ભપાત માટે અરજી કરી હતી. કારણ કે સગીર શારીરિક અને માનસિક રીતે ગર્ભ રાખવા, બાળકને જન્મ આપવા જે તેના નિભાવ માટે સક્ષમ નથી. આવા કેસોમાં કાયદા અનુસાર ૨૪ સપ્તાહના ગર્ભના ગર્ભપાત સુધી સામાન્ય સંજોગોમાં મંજૂરી અપાતી હોય છે. મેડિકલ રિપોર્ટ મુજબ સગીરાને ૨૫ સપ્તાહનો ગર્ભ છે. તેમજ તેને કોઈ ગંભીર લક્ષણો નથી અને ગર્ભપાત શક્ય છે. જેથી આગળની કાર્યવાહી કરી શકાય તેમ છે. ૨૪ સપ્તાહ પછીના ગર્ભનો ગર્ભપાત સ્ત્રીના શરીરને અસર કરે છે. હાઇ કોર્ટે ડૉક્ટરોને સગીરા સાથે વાત કરી, તેની સહમતિ મેળવી ગર્ભપાત કરવા નિર્દેશ આપ્યા હતા.

સગીરાની ગર્ભપાત પહેલા અને પછી યોગ્ય સારવાર અને કાળજી રાખવા હાઇ કોર્ટે નિર્દેશ આપ્યા હતા. વધુમાં જો બાળક જીવિત જન્મે તો તેના સારવારની યોગ્ય કાળજી રાખવી તેમ જ કાયદા મુજબ આગળ કાર્યવાહી કરવી અને સગીરાના ગર્ભના પેશીના ડીએનએ આરોપી સામે ગુન્હો પુરવાર કરવા એફએસએલમાં મોકલી આપવા નિર્દેશ આપ્યા હતા.

## ભવિષ્યને ધ્યાનમાં લઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મૅન પાવર એસેસમેન્ટ કરવા હાઈ કોર્ટની સરકારને તાકીદ

અમદાવાદઃ ગુજરાત હાઇ કોર્ટ દ્વારા અમદાવાદમાં રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવા, અકસ્માતો ઘટાડવા અને ટ્રાફિક નિયમોના પાલન અંગે ચીફ જજની બેંચ દ્વારા સુઓમોટો અરજી લેવામાં આવી હતી. આ અંગે શુક્રવારે સુનાવણી યોજાઇ હતી. જેમાં સરકારી વકીલે જણાવ્યું હતું કે, ટ્રાફિક પોલીસની જરૂરિયાત અને રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને લઈને આગામી ૧૫ વર્ષ માટે શહેરનું આયોજન કેવું હશે તે માટે એક્સપર્ટ એજન્સીઓ પાસેથી ટેન્ડર મગાવવામાં આવ્યું છે. આગામી વર્ષોમાં ટ્રાફિક કેવો હશે, રોડ અને ટ્રાન્સપોર્ટ માટે વિઝન, મેનપાવર અને ટૅકનોલૉજીનો ઉપયોગનો સંગમ કરવામાં આવશે. ૧૩ નવેમ્બર સુધી ટેન્ડર ભરવાની તારીખ રાખવામાં આવી છે, જેનો રિપોર્ટ ૧૫ સપ્તાહમાં આપવાનો રહેશે. આ માટે ચાર સિનિયર પોલીસ ઓફિસરની કમિટી બનાવવામા આવી છે, જેના ચેરમેન આઈજીપી ટ્રાફિક છે. ગૃહ વિભાગ દ્વારા મેનપાવર અંગે ફ્રેશ એસેસમેન્ટ કરવામાં આવશે.

કોર્ટે સૂચન કર્યું હતું કે, આજની અને ત્યારબાદના પાંચ વર્ષમાં કેટલા મેનપાવર અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર હશે તે નક્કી કરવામાં આવે. વર્તમાનમાં અમદાવાદ શહેરના મોટા ચાર રસ્તાઓ ઉપર પણ હોમગાર્ડને મૂકવામાં આવે છે કારણ કે, તમારી પાસે પૂરતો ટ્રાફિક સ્ટાફ નથી. તમે કોમનવેલ્થ અને ઓલિમ્પિક યોજવાનું આયોજન કરવા જઈ રહ્યા છો તો તે મુજબ એસેસમેન્ટ કરો. આ મુદ્દે વધુ સુનાવણી ૧૨ ડિસેમ્બરના રોજ યોજાશે.

## દારૂની પરમિટ માટે સરકારની ઍપનું ટ્રાયલ પૂર્ણઃ પ્રવાસીઓને ઘરે બેઠા જ દારૂની મંજૂરી મળી જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દારૂબંધી યથાવત્ છે, જોકે રાજ્યમાં પરમિટ આધારિત દારૂનો ઉપયોગ થઈ રહ્યો છે. ખાસ કરીને ગુજરાતના પ્રવાસન સ્થળોએ સરકારની પરમિટ બાદ સહેલાણીઓ દારૂનું સેવન કરતા હોય છે, પરંતુ આ પ્રવાસીઓને દારૂ પીવાની પરમિટ માટે એક ઓફલાઈન પ્રક્રિયામાંથી પસાર થવું પડી રહ્યું છે, ત્યારે આ લોકોની સમસ્યાને દૂર કરવા સરકારે એક વિશેષ મોબાઈલ એપ લોન્ચ કરવાનો નિર્ણય કર્યો છે, જેનાથી દારૂની પરમિટ સંપૂર્ણ ઓનલાઈન પ્રક્રિયાથી મળી રહે છે. સરકારના મતે આ પહેલથી ગુજરાતના પ્રવાસન ક્ષેત્રે વેગ મળશે.

હવે ગુજરાત રાજ્યમાં આવતા દેશ-વિદેશના પ્રવાસીઓને દારૂની પરમિટ માટે લાંબી કચેરીય પ્રક્રિયામાંથી પસાર થવું નહીં પડે. કારણ કે ગુજરાત સરકારે રાજ્યમાં દારૂ પરમિટ મેળવવાની પરંપરાગત કાગળ આધારિત પ્રક્રિયા સરળ બનાવીને તેને ડિજિટલ સ્વરૂપે ઓનલાઈન ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કર્યો છે. જેથી હવે ફક્ત એક મોબાઇલ એપ્લિકેશન દ્વારા ડોક્યુમેન્ટ્સ અપલોડ કરી દારૂ પીવાની સીધી પરમિટ માત્ર એક મોબાઈલ એપ્લિકેશન દ્વારા માત્ર એક ક્લિકમાં આ સમગ્ર પ્રક્રિયા શક્ય બનશે અને તમને ઘરે બેઠા જ દારૂની પરમિટ મળી જશે. સરકારે વિકસાવેલી આ નવી મોબાઇલ એપનો હાલ 'ટ્રાયલ રન' ગાંધીનગર ગિફ્ટ સિટી વિસ્તારમાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયો છે. ત્યારે હવે બીજા તબક્કે આ એપને સુરતની ડાયમંડ બુર્સ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કચ્છ અને અન્ય મહત્ત્વના પ્રવાસી વિસ્તારોમાં પણ આ સિસ્ટમ અમલમાં મૂકવાની યોજના છે. હાલની માહિતી મુજબ, આગામી સમયમાં રાજ્યવ્યાપી લોન્ચ થનાર આ મોબાઈલ એપમાં વપરાશકર્તાઓએ આધાર કાર્ડ, મતદાર આઈડી, ડ્રાઇવિંગ લાઇસન્સ અથવા પાસપોર્ટ જેવા જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે.

## પદ્મશ્રી જોરાવરસિંહ જાદવનું ૮૫ વર્ષની વયે નિધન, ગુજરાતે એક 'વિરાસત' ગુમાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના લોકસાહિત્ય, લોકકલા અને સંસ્કૃતિને આંતરરાષ્ટ્રીય ફલક પર ગૌરવ અપાવનાર પદ્મશ્રી જોરાવરસિંહ જાદવનું ૭મી નવેમ્બર, ૨૦૨૫, શુક્રવાર સવારે ૫:૦૦ વાગ્યે અમદાવાદ ખાતે તેમના નિવાસસ્થાને ૮૫ વર્ષની વયે નિધન થયું હતું. તેમના નિધનથી ગુજરાતના લોકસાહિત્ય અને સાંસ્કૃતિક જગતમાં એક યુગનો અંત આવ્યો છે. લોકસાહિત્યના આ દિગ્ગજ સંશોધકે તેમના જીવનકાળ દરમિયાન ૯૦થી વધુ લોકસંસ્કૃતિ-વિષયક પુસ્તકો આપીને ગુજરાતી લોકવારસાને ચિરંજીવ બનાવ્યો છે.

અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના આકરુ ગામના રાજપૂત ખેડૂત પરિવારમાં જન્મેલા જોરાવરસિંહ જાદવે બાળપણથી જ લોકજીવન અને તેની સંસ્કૃતિને નજીકથી જોઈ હતી. સ્નાતક અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં અનુસ્નાતક થયા બાદ તેમનું સંપૂર્ણ જીવન લોકસાહિત્યના સંશોધન અને પ્રચાર માટે સમર્પિત કર્યું હતું. ૧૯૬૮માં તેમનું પહેલું પુસ્તક 'મરદ કસુંબલ રંગ ચડે' પ્રકાશિત થયું હતું, જે લોકસંસ્કૃતિના અભ્યાસનો આરંભ હતો. તેમણે લોકનૃત્યો, લોકવાદ્યો, લોકગીતો, વેશભૂષા, અને વીરરસની ગાથાઓ પર સંશોધન કરીને અસંખ્ય ગ્રંથોનું સંપાદન કર્યું છે. આ કારણે જ તેમને લોકસંસ્કૃતિના એક મહત્ત્વપૂર્ણ સંશોધક અને પ્રચારક તરીકેની નામના મળી હતી. તેમણે 'સહકાર' સાપ્તાહિક અને 'ગ્રામસ્વરાજ' જેવા માસિકોનું પણ સંપાદન કર્યું હતું. લોકસંસ્કૃતિમાં તેમના અમૂલ્ય યોગદાન બદલ તેમને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી સહિત અનેક રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરના પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## અમૂલ દૂધમાં કેમિકલ ભેળવાતું હોવાના વીડિયો મામલે રાજકોટના તબીબ સામે ફરિયાદ

અમદાવાદઃ વિશ્વ વિખ્યાત ડેરી બ્રાન્ડ અમૂલનું સંચાલન કરતી ધી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (જીસીએમએમએફ)ની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાના આરોપ હેઠળ તબીબ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. ડૉ. હિતેશ જાનીએ યુ-ટ્યૂબ અને ફેસબુક પર એક વીડિયો અપલોડ કર્યો હતો, જેમાં અમૂલ દૂધની પ્રોસેસિંગ અંગે ખોટા અને ભ્રમિત આક્ષેપો કરવામાં આવ્યા હતા. આ વિવાદાસ્પદ વીડિયોમાં ડૉ. જાની દ્વારા અમૂલ દૂધની પ્રોસેસિંગ અંગે અનેક ગેરમાર્ગે દોરનારા દાવાઓ કરવામાં આવ્યા હતા. ડૉ. જાનીએ આક્ષેપ કર્યો હતો કે, દૂધમાં ૨૨ પ્રકારના કેમિકલ અને ડી.ડી.ટી. જેવા પ્રતિબંધિત કીટનાશકો ઉમેરાય છે. એટલું જ નહીં, દૂધ સાત દિવસ જૂનું હોય છે અને પાઉચમાં લખેલા જથ્થા કરતાં ઓછું ભરાય છે. ડૉક્ટરે અમૂલ પર ગ્રાહકો સાથે છેતરપિંડી કરીને નફાખોરી કરવાનો અને ઈએસઆઈ/એફએસએસએઆઈ સ્ટેમ્પ ધરાવતા ઉત્પાદનો પણ અસુરક્ષિત હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. વીડિયોમાં તેમણે આ સિસ્ટમ વિદેશી નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરીને જનતાને વીડિયો વાયરલ કરવાની અપીલ કરી હતી.

અમૂલફેડ ડેરીના અધિકારી આકાશ પુરોહિતે તેમની ફરિયાદમાં જણાવ્યું હતું કે, ડૉક્ટર જેવા જવાબદાર હોદ્દા પર રહેલા વ્યક્તિ દ્વારા આવી ભ્રમિત વાતો ફેલાવવાથી જાહેર જનતામાં ભય અને અવિશ્વાસ પેદા થાય છે. ડૉ. જાની સારી રીતે જાણતા હોવા છતાં, તેમણે સહકારી સંસ્થાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે અને ભારતીય સહકારી આંદોલન વિરુદ્ધ શંકા પેદા થાય તેવા ઇરાદાથી વીડિયો વાયરલ કર્યો છે.

## સરકારી જગ્યા પર ધાર્મિક કે અન્ય દબાણ હશે તો તેના પર બુલડોઝર ફરશે જઃ હર્ષ સંઘવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી કચ્છમાં ભારત-પાકિસ્તાન સરહદી ગામોની બે દિવસીય મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન તેઓ કચ્છના લખપત તાલુકાના કપુરાશી ગામ ખાતે કપુરાશી અને કોરિયાણી ગ્રામજનો સાથે સંવાદ કરીને ખાટલા બેઠકમાં સહભાગી થયા હતા. તેમણે સ્પષ્ટપણે ચેતવણી આપતા કહ્યું હતું કે, સરહદી વિસ્તારોમાં અનેક દબાણો પર બુલડોઝર ફેરવ્યા છે, હજુ પણ સરકારી જગ્યા પર કોઈ પણ સ્થળે ધાર્મિક કે અન્ય દબાણ હશે તો તેના પર બુલડોઝર ફરશે.

કપુરાશી ગામમાં યોજાયેલી આ ખાટલા સભાને સંબોધતા હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સરહદી ગામોનો વિકાસ કેવી રીતે કરી શકાય તે ઉદ્દેશ્ય સાથે ૩૦થી વધુ સિનિયર પોલીસ અધિકારીઓ સરહદી ગામોમાં સભા સંવાદ યોજીને નાગરિકોની સમસ્યાઓથી અવગત થયા છે. તેમણે કપુરાશીમાં રાત્રી સભા, રોકાણ અને ગ્રામજનો સાથેના સંવાદને એક મહત્વપૂર્ણ અવસર ગણાવ્યો હતો. સરહદ પારથી થતી ઘૂસણખોરી અટકાવવામાં ગ્રામજનોના સાવચેત વલણના કારણે સમયાંતરે મોટી સફળતા પ્રાપ્ત થઈ છે.

## ગુજરાતમાં પીએમજેએવાય-માં યોજનામાં ગેરરીતિ આચરતી ચાર હૉસ્પિટલ સામે કડક કાર્યવાહી

અમદાવાદઃ રાજ્ય સરકાર દ્વારા સરકારી યોજનામાં ગેરરીતિ આચરતી હૉસ્પિટલો સામે રાજ્ય સ્તરે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આકસ્મિક નિરીક્ષણ દરમ્યાન યોજનાની માર્ગદર્શિકાનું પાલન ન થતું હોવાનું જણાતાં ચાર ખાનગી હૉસ્પિટલમાંથી બે હૉસ્પિટલને સસ્પેન્ડ કરવામાં આવી હતી, જ્યારે અન્ય ૨ હૉસ્પિટલને કારણદર્શક નોટિસ પાઠવામાં આવી હતી. મોડી રાત સુધી આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરિયા સ્વયં સંકળાયા હતા અને આરોગ્ય સચિવ તથા વિભાગને ચાર હૉસ્પિટલ સામે પગલાં લેવા તાત્કાલિક નિર્દેશ આપ્યો હતો. આરોગ્ય વિભાગની તપાસમાં ચાર હોસ્પિટલોમાં ગંભીર ગેરરીતિઓ પકડાઈ હતી. જેમાં ગધરાની દીપ ચિલ્ડ્રન હોસ્પિટલ અને નીઓનેટલ કેરને સસ્પેન્ડ કરવામાં અવી છે. પીઆઈસીયુ અને એનઆઈસીયુ માટેના જરૂરી માપદંડોની પૂર્તિ કરી ન હતી, દવાઓ એક્સપાયર થઈ ગઈ હતી, ડોક્ટર હાજર ન હતા રહેતા, લાભાર્થીઓને યોજનાકીય માહિતી આપતું કિઓસ્ક સ્થાપિત નહોતું. આવી જ રીતે ભરૂચની કાશીમા હૉસ્પિટલને પણ સસ્પેન્ડ કરવામાં આવી છે. તેમણે પણ માપદંડો અનુસાર કામ ન કર્યું હોવાથી તેમની સામે પગલાં લેવાયાં છે. કલોલની મા ચિલ્ડ્રન અને જનરલ હોસ્પિટલ અને દાહોદના દેવગઢ બારિયાની મા ચિલ્ડ્રન અને નીઓનેટલ કેર હૉસ્પિટલને કારણદર્શક નોટિસ પાઠવી છે. આ બાબતે આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ નિવેદન આપતા જણાવ્યું કે રાજ્ય સરકાર આરોગ્ય સેવાઓને વધુ સુચારૂ, પારદર્શક અને લોકહિતકારી બનાવવા સતત પ્રયત્નશીલ છે.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 264 ■ વિક્રમ સંવત ૨૦૮૨
કાર્તિક વદ-૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 November 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૮ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## રખડતાં કૂતરાઓને હટાવોઃ સુપ્રીમ કોર્ટ




**શાળા, હૉસ્પિટલો, બસ અને રેલવે સ્ટેશન સહિતના જાહેર વિસ્તારોમાં કૂતરા કરડવાની સમસ્યાથી ચિંતિત સર્વોચ્ચ અદાલતે તમામ રખડતાં પ્રાણીઓને બે મહિનામાં દૂર કરવા કહ્યું**



**શ્વાનની સમસ્યાઃ** નવી દિલ્હીમાં સર્વોચ્ચ અદાલતના પ્રાંગણમાં ફરી રહેલા શ્વાન. (પીટીઆઇ)

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે શુક્રવારે શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, બસ સ્ટેશન અને રેલવે સ્ટેશન જેવા જાહેર વિસ્તારોમાં રખડતા શ્વાન કરડવાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો અંગે નોંધ લીધી અને અધિકારીઓને આવા કૂતરાઓને નિયુક્ત આશ્રયસ્થાનોમાં ખસેડવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા સહિત તમામ અધિકારીઓને હાઇવે અને એક્સપ્રેસવે પરથી રખડતા પ્રાણીઓ અને ઢોરોને દૂર કરવાનો પણ આદેશ આપ્યો હતો. જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ સંદીપ મહેતા અને જસ્ટિસ એન.વી. અંજારિયાની બનેલી એક ખંડપીઠે રખડતા કૂતરાઓના મુદ્દા પર અનેક નિર્દેશો આપ્યા હતા.

ખંડપીઠે કહ્યું હતું કે, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, રમતગમત સંકુલ, બસ સ્ટેન્ડ, ડેપો અને રેલવે સ્ટેશન જેવા સંસ્થાકીય વિસ્તારોમાં કૂતરા કરડવાની ઘટનાઓમાં ચિંતાજનક વધારાને ધ્યાનમાં રાખીને આ કોર્ટ જાહેર સલામતી અને આરોગ્ય, રખડતા કૂતરાઓના સંચાલનના હિતમાં નીચેના નિર્દેશો જાહેર કરવાનું યોગ્ય માને છે. તેણે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને બે અઠવાડિયામાં તેમના સંબંધિત સ્થાનિક અથવા મ્યુનિસિપલ

(જુઓ પાનું ૨) ▸▸

## ‘વંદે માતરમ્’ની મહત્ત્વની કડીઓ કાઢી નહેરુએ ભાગલાનાં બીજ રોપેલાંઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કૉંગ્રેસ પર આડકતરો શાબ્દિક પ્રહાર કરતા આક્ષેપ કર્યો હતો કે જવાહરલાલ નહેરુના પ્રમુખપદ હેઠળની કૉંગ્રેસે ૧૯૩૭માં દેશભક્તિનાં ગીત ‘વંદે માતરમ્’માંથી મહત્ત્વની કડી કાઢીને દેશના ભાગલાના બીજ રોપ્યાં હતાં. દેશમાં આજે પણ ‘ભાગલાવાદી માનસિકતા’ મોટી પડકારરૂપ છે.

તેમણે દેશભક્તિનાં ગીત ‘વંદે માતરમ્’ની રચનાનાં ૧૫૦ વર્ષની એક વર્ષ સુધી ચાલનારી ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો.

મોદીએ આ પ્રસંગે અહીંના ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમ ખાતે સ્મૃતિમાં ટપાલ ટિકિટ અને સિક્કાને બહાર પાડ્યા હતા.

વડા પ્રધાને જણાવ્યું હતું કે ‘વંદે

(જુઓ પાનું ૨) ▸▸



- ‘દેશમાં ભાગલાવાદી માનસિકતા આજે પણ પડકારરૂપ’
- દેશભક્તિનાં ગીતની રચનાનાં ૧૫૦ વર્ષની ઉજવણીનો પ્રારંભ
- કૉંગ્રેસે આ ગીતને ધર્મ સાથે જોડીને ઐતિહાસિક પાપ કર્યું હતુંઃ ભાજપ

### ટાગોરની સલાહથી ‘વંદે માતરમ્’ની ચાર કડી કઢાઇ હતીઃ કૉંગ્રેસ

નવી દિલ્હીઃ દેશભક્તિના ગીત ‘વંદે માતરમ્’ની મહત્ત્વની કડીઓ જવાહરલાલ નહેરુના નેતૃત્વ હેઠળની કૉંગ્રેસે ૧૯૩૭માં કાઢી નાખીને દેશના વિભાજનના બીજ રોપ્યાં હોવાનું કહેતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના આક્ષેપને ખોટો ગણાવીને કૉંગ્રેસે ખુલાસો કર્યો હતો કે રવીન્દ્રનાથ ટાગોરની ભલામણથી મૂળ ‘વંદે માતરમ્’ ગીતની પ્રથમ બે કડી અપનાવાઇ હતી અને બાકીની ચાર કડી કાઢી નખાઇ હતી. તેથી મોદીએ નોબેલ પુરસ્કાર વિજેતા

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતના ખેડૂતો માટે ₹ ૧૦,૦૦૦ કરોડનું જંગી રાહત પૅકેજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના વિવિધ ભાગોમાં માવઠાના કારણે પાયમાલ થયેલા ખેડૂતો માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે શુક્રવારે સાંજે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનું જંગી પૅકેજ જાહેર કર્યું હતું. ભૂપેન્દ્ર પટેલે શુક્રવારે સાંજે આ નિર્ણય સોશ્યલ મીડિયા હેન્ડલ એક્સ પર જાહેર કર્યો હતો.

અગાઉ મુખ્ય પ્રધાને કૃષિ, મહેસૂલ અને નાણાં વિભાગના અધિકારીઓ સાથે એક બેઠક બોલાવી હતી. હવે સરકાર પૅકેજના માપદંડો, જોગવાઈઓ વગેરેને અંતિમ રૂપ આપી દરેક પાત્ર ખેડૂતને સહાય મળી રહે તે પ્રમાણે આગળની કાર્યવાહી હાથ ધરશે. માવઠા બાદ મુખ્ય પ્રધાન સહિત કેબિનેટના પ્રધાનોએ વિવિધ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત પણ લીધી હતી. એક અહેવાલ પ્રમાણે લગભગ ૪૨ લાખ હેક્ટરથી વધારે અને ૧૬ હજાર ગામથી વધારે ગામોમાં નુકસાન થયાનો પ્રાથમિક અંદાજ છે.

મુખ્ય પ્રધાને સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે, ગુજરાતમાં ગત બે દાયકામાં ન થયો હોય એ પ્રકારનો અસાધારણ કમોસમી વરસાદ આ વર્ષે થતા રાજ્યના વિવિધ જિલ્લાઓના ખેડૂતોના પાકને મોટું નુકસાન થયું છે. આ સંદર્ભે, મેં તથા મારા સાથી મંત્રીઓએ જુદા-જુદા જિલ્લાઓમાં જઈને અસરગ્રસ્ત ખેડૂતોની સાથે પ્રત્યક્ષ વાતચીત કરીને તેમની સ્થિતિ જાણી હતી. કુદરતી આપત્તિની આ ઘડીમાં ધરતીપુત્રોની વ્યથાને સમજીને રાજ્ય સરકાર પૂરી સંવેદનાથી તેમની પડખે ઊભી છે. રાજ્યભરના

(જુઓ પાનું ૨) ▸▸

## દિલ્હી ઍરપોર્ટ પર ટેક્નિકલ સમસ્યાઃ ૮૦૦થી પણ વધુ ફ્લાઇટ અટવાઇ

નવી દિલ્હીઃ દિલ્હી એરપોર્ટ પર શુક્રવારે એર ટ્રાફિક કન્ટ્રોલ સિસ્ટમમાં ટેકનિકલ ખામીને કારણે લગભગ ૮૦૦થી વધુ ડૉમેસ્ટિક ઇન્ટરનૅશનલ ફ્લાઇટ્સ મોડી પડી હતી, જેના કારણે સેંકડો મુસાફરોને અસુવિધાનો સામનો કરવો પડ્યો હતો. સૂત્રોએ આ જાણકારી આપી હતી. એરપોર્ટ પર તમામ એરલાઇન્સની ફ્લાઇટ કામગીરી પ્રભાવિત થઈ છે અને અધિકારીઓ આ ખામીને સુધારવા માટે કામ કરી રહ્યા છે.

એરલાઇન્સ કંપનીઓ ઇન્ડિગો, એર ઇન્ડિયા, સ્પાઇસજેટ અને અકાસા એરએ શુક્રવારે જણાવ્યું હતું કે એર ટ્રાફિક કન્ટ્રોલ સિસ્ટમમાં ટેકનિકલ ખામીને કારણે દિલ્હી એરપોર્ટ પર તેમની ફ્લાઇટ્સ મોડી પડી રહી છે. રાષ્ટ્રીય રાજધાનીનું ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દરરોજ ૧,૫૦૦થી વધુ ફ્લાઇટ્સનું સંચાલન કરે છે અને તે દેશનું સૌથી વ્યસ્ત એરપોર્ટ છે.

એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયાએ જણાવ્યું હતું કે ઓટોમેટિક મેસેજ સ્વિચિંગ સિસ્ટમ (એએમએસએસ) માં ટેકનિકલ ખામીને કારણે દિલ્હી એરપોર્ટ પર ફ્લાઇટ કામગીરીમાં વિલંબ થઈ રહ્યો છે, જે એર ટ્રાફિક કન્ટ્રોલ ડેટાને સપોર્ટ કરે છે. સરકારી માલિકીના એએઆઈ એર ટ્રાફિક કંટ્રોલ અને નેવિગેશન સેવાઓ પૂરી પાડે છે. તેમણે કહ્યું હતું કે ટેકનિકલ ટીમો શક્ય તેટલી વહેલી તકે સિસ્ટમને ફરીથી શરૂ કરવા માટે કામ કરી રહી

(જુઓ પાનું ૨) ▸▸

## આવતા વર્ષે હું ભારતની મુલાકાત લઈશઃ ટ્રમ્પ

વોશિંગ્ટન ડીસીઃ અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ભારત અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને લઈને અવારનવાર ટિપ્પણી કરતા રહે છે. હવે તેમણે ફરી એકવાર ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કર્યા છે. સાથોસાથ એક મોટી જાહેરાત પણ કરી છે. જેનાથી ભારત અને અમેરિકાના સંબંધો વધુ મજબૂત બનશે તેવું નિષ્ણાતો અનુમાન લગાવી રહ્યા છે.

આંતરાષ્ટ્રીય મીડિયા પાસેથી મળતી માહિતી મુજબ તાજેતરમાં અમેરિકાના ટ્રમ્પે મીડિયાને સંબોધન કર્યું હતું. ટ્રમ્પે મીડિયાને સંબોધતા કહ્યું જણાવ્યું કે, ‘‘તેઓ (પીએમ મોદી) મારા મિત્ર છે, અને અમે વાત કરીએ છીએ, અને તેઓ ઇચ્છે છે કે હું ત્યાં જાઉં... હું જઈશ... વડાપ્રધાન મોદી એક મહાન માણસ છે, અને હું જઈશ. આગામી વર્ષે ભારતની મુલાકાત લેવાની તેમની યોજના અંગે પૂછવામાં આવતા, ટ્રમ્પે કહ્યું, એવું થઈ શકે છે, હા.

આમ, ટ્રમ્પે જાહેરાત કરી છે કે તે ટૂંક સમયમાં ભારતની મુલાકાત લેશે. અગાઉ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦૨૦માં પોતાના

(જુઓ પાનું ૨) ▸▸



## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સુપ્રીમનો આદેશ સારો પણ રખડતાં ઢોરને રાખવાં ક્યાં?

**ભારતમાં** છેલ્લા કેટલાક સમયથી કૂતરાં સહિતનાં રખડતાં પશુઓનો કકળાટ ચાલે છે. રસ્તા પર રખડતાં કૂતરાં લોકો પર હુમલા કરીને તેમને ઘાયલ કરી દે છે ને ઘણા કિસ્સામાં તો ભોગ બનનારનું મોત પણ નિપજે છે તેની નોંધ લઈને સુપ્રીમ કોર્ટે પોતે આ કેસમાં જાતે સુનાવણી શરૂ કરેલી તેથી સુપ્રીમ કોર્ટમાં તો આ મામલો પહોંચેલો જ પણ દેશની જુદી જુદી હાઈ કોર્ટોમાં પણ અરજીઓ થયેલી. આવી જ એક અરજીના સંદર્ભમાં ત્રણ મહિના પહેલાં રાજસ્થાન હાઈકોર્ટે જવાબદાર સરકારી એજન્સીઓને રસ્તાઓ પર રખડતાં જાનવરોને હટાવવાનું ફરમાન કરીને કહેલું કે, આ કાર્યવાહીમાં રોડાં નાખનારાં સામે પોલીસ ફરિયાદ કરીને તેમને જેલમાં નાખી દેવાશે. રાજસ્થાન હાઈ કોર્ટના ચુકાદા સામે કકળાટ પણ થયેલો પણ સુપ્રીમ કોર્ટે આ કકળાટની હવા કાઢી નાંખી છે.

સુપ્રીમ કોર્ટે દેશનાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ફરમાન કર્યું છે કે, રાજસ્થાન હાઈ કોર્ટનો નિર્ણય આખા દેશમાં લાગુ કરાય અને તમામ બધા સ્ટેટ અને નેશનલ હાઈવે પરથી રખડતાં પશુઓને હટાવવામાં આવે. જે કોઈ તેની સામે વાંધો લે કે ડખા કરે તેની સામે ફરિયાદ કરીને જેલભેગા કરો. સુપ્રીમ કોર્ટે રખડતાં કૂતરાંના સંદર્ભમાં પણ ખાસ આદેશ આપ્યો છે કે, હૉસ્પિટલો, બસ ડેપો, સ્કૂલો અને કોલેજ કેમ્પસ સહિતનાં તમામ જાહેર સ્થળેથી રખડતાં કૂતરાંને ઉઠાવી લો અને તેમની નસબંધી કરી નાંખો. જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ સંદીપ મહેતા અને જસ્ટિસ એનવી અંજારિયાની બેન્ચે ખાસ તાકીદ કરી છે કે, કૂતરાંની ખસી કર્યા પછી તેમને જ્યાંથી પકડવામાં આવ્યાં હોય ત્યાં છોડવામાં ના આવે, બાકી આખી ક્વાયતનો કોઈ અર્થ જ નહીં રહે. સુપ્રીમ કોર્ટે તો રખડતા કૂતરાંના ત્રાસથી બચવા માટે હૉસ્પિટલો, સ્કૂલો અને કોલેજ કેમ્પસમાં વાડ લગાવવા પણ કહ્યું છે.

સુપ્રીમ કોર્ટે પોતાના આદેશનું ગંભીરતાથી પાલન થાય એ માટે અમલની જવાબદારી તમામ રાજ્યોના ચીફ સેક્રેટરીને સોંપીને ફરમાન કર્યું છે કે, બધા રાજ્યોના મુખ્ય સચિવ આ નિર્દેશોનું કડક રીતે પાલન કરાવશે. તમામ ચીફ સેક્રેટરી ૩ અઠવાડિયામાં સ્ટેટસ રિપોર્ટ અને સોગંદનામું રજૂ કરશે. આ કેસમાં હવે પછીની સુનાવણી ૧૩ જાન્યુઆરીએ થાય એ પહેલાં બધા નેશનલ હાઇવે પર રખડતા પશુઓની હાજરીની જાણકારી આપવા માટે હેલ્પલાઇન નંબર શરૂ કરવા પણ સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે, રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશો (ગ્ઠ) ૨ અઠવાડિયામાં રખડતાં જાનવરો અને કૂતરાં ફર્યા કરતાં હોય એવી સરકારી અને ખાનગી સ્કૂલ-કોલેજ, હોસ્પિટલો, સહિતનાં જાહેર સ્થળોની યાદી બનાવીને પશુઓને પ્રવેશતાં રોકવા માટે કેમ્પસમાં વાડ લગાવશે. સ્થાનિક સ્વરાજની સંસ્થાના જવાબદાર અધિકારી દર ૩ મહિને ઓછામાં ઓછા એક વાર આ કેમ્પસની તપાસ કરીને લાલિયાવાડી તો નથી ચાલી રહી ને તેની ખાતરી કરશે. આ ચકાસણી થતી રહે એ માટે નોડલ અધિકારીની નિમણૂક પણ કરવાની રહેશે. સુપ્રીમ કોર્ટે બીજા પણ આદેશ આપ્યા છે ને એ બધાનો ઉદ્દેશ એક જ છે કે, રખડતાં કૂતરાં અને પશુઓનો ત્રાસ હવે સહન નહીં કરાય ને આ ત્રાસ બંધ કરવાની જવાબદારી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની છે.

સુપ્રીમ કોર્ટનો આદેશ મહત્ત્વનો છે અને જનહિતમાં છે કેમ કે રખડતાં કૂતરાંનો ત્રાસ સાચે જ ભયંકર વધી ગયો છે. કમનસીબી એ છે કે, જેમની જવાબદારી આ ત્રાસ રોકવાની છે એ તંત્રને કશું પણ કરવામાં રસ જ નથી. લાંબા સમયથી કૂતરાં જાહેરમાં લોકોને કરડે ને કોઈને મારી પણ નાંખે તો પણ તંત્રમાં બેઠેલાં લોકોનું રૂવાડું પણ ફરકતું નહોતું. આ તો દિલ્હીમાં બાળકોને રખડતા કૂતરા કરડવાના કારણે મોત થવાના અને હડકવાના કેસો વધી ગયા એ અંગે મીડિયામાં રિપોર્ટ છપાયો ને સુપ્રીમ કોર્ટનું એ તરફ ધ્યાન ગયું પછી સુપ્રીમ કોર્ટે સુઓમોટો એટલે કે સામે ચાલીને સુનાવણી શરૂ કરી ત્યારે બધા દોડતા થયા. સુપ્રીમ કોર્ટે ૨૮ જુલાઈએ મીડિયા રિપોર્ટની નોંધ લઈને પહેલાં દિલ્હીમાં બાળકોમાં રખડતા કૂતરા કરડવાના કેસો અંગે સુનાવણી શરૂ કરેલી ને પછી આ કેસનો વ્યાપ દિલ્હી-એનસીઆર પૂરતો ના રાખતાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લીધાં તેમાં આ મુદ્દો રાષ્ટ્રીય બન્યો.

સુપ્રીમ કોર્ટે પોતાની જવાબદારી અદા કરી દીધી પણ તેના કારણે આ સમસ્યાનો ઉકેલ આવી જશે એવી આશા રાખવા જેવી નથી કેમ કે સુપ્રીમ કોર્ટે જે કંઈ કહ્યું તેનો અમલ તો નઘરોળ તંત્રે જ કરવાનો છે. અત્યારે સુપ્રીમ કોર્ટે ટપાર્યા છે અને દોડતા કર્યા છે એટલે કદાચ થોડો સમય પૂરતી દોડધામ ચાલુ રહેશે ને દેખાવ ખાતર પગલાં પણ લેવાશે પણ પછી પાછી પહેલાંની જેમ લાલિયાવાડી જ ચાલુ થઈ જવાની. આપણો આ વરસોનો અનુભવ છે ને ફરી એ જ અનુભવ થશે તેમાં કોઈ શંકા નથી કેમ કે ભારતમાં સરકારી તંત્રને કામ કરવામાં રસ જ નથી.

કૂતરાં કરડે કે રખડતાં ઢોર લોકોને પટકીને પછાડે એ સમસ્યા નવી નથી. આ સમસ્યા બહુ જૂની છે ને તેના ઉકેલ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન સહિતની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ કૂતરાં પકડવા કે હરાયાં ઢોરને રસ્તા પરથી દૂર કરવા માટે માણસો પણ રાખે છે. તેમને સરકારી રાહે પગાર ચૂકવાય છે, તેમના માટે વાહનો પણ હોય છે ને તેમની કામગીરીમાં વિઘ્ન ના આવે એ માટે પોલીસ રક્ષણ સહિતની કાયદાકીય જોગવાઈઓ પણ કરાયેલી છે છતાં સમસ્યા ઉકેલાઈ નથી પણ વકરતી જ જાય છે. તેનું કારણ એ કે, સરકારી તંત્ર કામગીરી કરતું નથી અને પોતાની ફરજ બજાવતું નથી. તેનુ કારણ સરકારી તંત્રમાં કામ કરતાં લોકોની માવસિકતા છે અને આ માનસિકતાને સુપ્રીમ કોર્ટનો આદેશ પણ ના બદલી શકે.

બીજો એક મુદ્દો પણ નોંધવા જેવો છે. સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો પણ રખડતાં ઢોર કે કૂતરાંને ઉઠાવી લીધા પછી ક્યાં રાખવાં તેની કોઈ વ્યવસ્થા પણ નથી. આ વ્યવસ્થા કરવા માટે દર વરસે બજેટ ફાળવાય છે પણ આ બજેટ ચવાઈ જાય છે તેથી વાસ્તવિક રીતે કોઈ વ્યવસ્થા જ ઊભી કરાઈ નથી. આ સંજોગોમાં સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે કૂતરાં કે હરાયાં ઢોરને પકડીને લઈ જવાય તો પણ તેમને ક્યાં રાખવાં એ પ્રશ્ન પણ ઊભો ને ઊભો જ છે. ને આ સમસ્યાનો ઉકેલ શું એ ખબર નથી. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન-સૌર હેમંતઋતુ, શનિવાર, તા. ૮-૧૧-૨૦૨૫, સંકષ્ટ ચતુર્થી

- ભારતીય દિનાંક ૧૭, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક વદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ વદ-૩
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૮મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર મૃગશીર્ષ રાત્રે ક. ૨૨-૦૧ સુધી, પછી આર્દ્રા
- ચંદ્ર વૃષભમાં બપોરે ક. ૧૧-૧૩ સુધી, પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૦, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૭, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૩-૧૩, મધ્યરાત્રે ક. ૦૨-૧૭ (તા. ૯)
- ઓટઃ સવારે ક. ૦૭-૩૨, રાત્રે ક. ૧૯-૧૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ - તૃતીયા. ચતુર્થી ક્ષય તિથિ છે. સંકષ્ટ ચતુર્થી ચંદ્રોદય રાત્રે ક. ૨૦-૪૨, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૭-૩૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, પુરુસુક્ત, શ્રી સુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, ખેરનું વૃક્ષ વાવવું, ચંદ્ર-શનિ ગ્રહદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનનું પૂજન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, બી વાવવું, ખેતીવાડી.
- આચમનઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ શંકાશીલ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ ચાલબાજીવાળા, ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાપ્રેમી.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ

- ગ્રહગોચરઃ સૂર્ય તુલા, મંગળ-વૃશ્ચિક, માર્ગી બુધ-વૃશ્ચિક, ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# ઉમેદવાર ગુનાની સજા છુપાવશે તો તેની ચૂંટણી રદઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ઉમેદવારીપત્રમાં સજાની જાણકારીનો ખુલાસો નહીં કરવા પર ચૂંટાયેલા ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. જસ્ટિસ પી.એસ. નરસિંહા અને જસ્ટિસ એ. એસ. ચાંદુરકરની બેન્ચે ભૂતપૂર્વ નગરસેવિકા પૂનમ દ્વારા દાખલ કરાયેલી અપીલ પર આ આદેશ આપ્યો હતો. પૂનમને તેમના પદ પરથી દૂર કરવામાં આવી હતી કારણ કે તેમણે ચૂંટણી માટેના તેમના નોમિનેશન ફોર્મમાં એક કેસમાં તેને થયેલી સજાનો ખુલાસો કર્યો નહોતો. પૂનમને મધ્ય પ્રદેશના ભીકનગાંવ મ્યુનિસિપલ કાઉન્સિલમાં નગરસેવિકા તરીકેના તેમના પદ પરથી દૂર કરવામાં આવ્યા હતા. તેમને ચેક બાઉન્સ કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને એક વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. તેમને વળતર ચૂકવવાનો પણ આદેશ આપવામાં આવ્યો હતો.

ગેરલાયક ઠેરવવા સામે પૂનમની અરજીને ફગાવી દેતા બેન્ચે કહ્યું હતું કે, જ્યારે એવું જાણવા મળે છે કે ઉમેદવારે તેમની અગાઉની સજાની જાણકારી જાહેર કરી નથી, ત્યારે તે મતદારના સ્વતંત્ર ચૂંટણીના અધિકારનો ઉપયોગ કરવામાં અવરોધ ઉભો કરે છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે, આમ મતદારને જાણકાર અને સલાહકારના આધારે પસંદગી કરવાની તકથી વંચિત રાખવામાં આવે છે. આ ઉમેદવાર દ્વારા માહિતી છૂપાવવાનો - જાહેર ન કરવાનો કેસ હશે જેના કારણે ચૂંટણી રદ થશે. ■

# રશિયાના સૈન્ય વતી ૪૪ ભારતીય લડી રહ્યા છેઃ વિદેશ મંત્રાલય

## ગુજરાત સહિતનાં રાજ્યોના યુવાનોની સાથે છેતરપિંડીની ફરિયાદ

નવી દિલ્હીઃ વિદેશ મંત્રાલયે શુક્રવારે જણાવ્યું હતું કે રશિયાના લશ્કર વતી ૪૪ ભારતીય નાગરિક યુક્રેનની સામે લડી રહ્યા છે. આ યુવાનોમાં ગુજરાત, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, તેલંગણા સહિતના કેટલાક રાજ્યના રહેવાસી હોવાનું કહેવાય છે. તેઓને રશિયાના લશ્કરના 'હેલ્પર' કે 'સપોર્ટ સ્ટાફ' તરીકે નોકરીની લાલચ આપીને યુદ્ધ મોરચે ધકેલ્યા હોવાનું મનાય છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે અમે આ ભારતીય નાગરિકોને લશ્કરમાંથી છૂટા કરવા અને આવી ભરતી બંધ કરવા રશિયાના સત્તાવાળાઓને વિનંતિ કરી છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સાપ્તાહિક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે અમે રશિયાના સંબંધિત સત્તાવાળાઓ અને અસરગ્રસ્ત ભારતીયોના પરિવારના સંપર્કમાં છીએ. અમે નિયમિત માહિતી મેળવીને તેની જાણ ભારતીય પરિવારોને કરી રહ્યા છીએ તેમ જ ભારતીયોને સ્વદેશ પાછા લાવવા મૉસ્કોની સાથે સંકલન સાધી રહ્યા છીએ.

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન ડિસેમ્બરમાં ભારત આવવાના છે. રશિયાના લશ્કર વતી લડી રહેલા ભારતીયોના પરિવારના સભ્યોએ પોતાના દીકરાઓને સ્વદેશ પાછા લાવવાની માગણીને લઇને તાજેતરમાં દિલ્હીમાં જંતર-મંતર ખાતે દેખાવ કર્યા હતા. આ પરિવારો રશિયાના લશ્કર વતી લડી રહેલા પોતાના દીકરાઓની સાથે સંપર્કમાં પણ નથી અને તેઓને શોધીને સ્વદેશ પાછા લાવવા પગલાં લેવા સરકાર પાસે માગણી કરી રહ્યા છે. (એજન્સી) ■

# ગુપ્ત અણુ પ્રવૃત્તિઓ પાકિસ્તાનનો ઈતિહાસ જ રહ્યો છેઃ ભારત

નવી દિલ્હીઃ ભારતે શુક્રવારે પાકિસ્તાન દ્વારા અણુ શસ્ત્રોનું પરીક્ષણ કરવા અંગેના અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના નિવેદનોની નોંધ લીધી હતી અને કહ્યું કે ઇસ્લામાબાદની ગુપ્ત પરમાણુ પ્રવૃત્તિઓ દાયકાઓથી ચાલી રહેલા દાણચોરી અને નિકાસ નિયંત્રણ ઉલ્લંઘનો પર કેન્દ્રિત છે.

ગયા અઠવાડિયે, ટ્રમ્પે અણુ શસ્ત્રોનું પરીક્ષણ કરનારા દેશોમાં પાકિસ્તાનનું નામ આપ્યું હતું.

ત્રણ દાયકાથી વધુ સમય પછી અમેરિકાની પોતાની પરમાણુ સંપત્તિનું પરીક્ષણ ફરી શરૂ કરવાની તેમના વહીવટીતંત્રની યોજનાઓને યોગ્ય ઠેરવવા માટે અમેરિકી પ્રમુખે આ કહ્યું હતું.

ગુપ્ત અને ગેરકાયદે અણુ પ્રવૃત્તિઓ પાકિસ્તાનના ઇતિહાસ સાથે સુસંગત છે, જે દાયકાઓથી ચાલી રહેલા દાણચોરી, નિકાસ નિયંત્રણ ઉલ્લંઘનો, ગુપ્ત ભાગીદારીઓ પર કેન્દ્રિત છે, તેવું વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે તેમના સાપ્તાહિક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું.

તેઓ આ મુદ્દા પરના એક પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા.

ભારતે હંમેશા પાકિસ્તાનના રેકોર્ડના આ પાસાઓ પર આંતરરાષ્ટ્રીય સમુદાયનું ધ્યાન દોર્યું છે, એમ જયસ્વાલે કહ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે આ પૃષ્ઠભૂમિમાં, અમે પાકિસ્તાનના પરમાણુ પરીક્ષણ વિશે પ્રમુખ ટ્રમ્પની ટિપ્પણીની નોંધ લીધી છે. ■

## પ્રજામત

### ઈન્તેઝાર...

દિલ કભી પ્યાર કરતા હૈ,
કભી કરતા હૈ ઈનકાર,
ઐસા ક્યું હોતા હૈ,
મેરે યાર.
છલકતી નિગાહોં કા,
જામ પિતા હૈ શાયર બનકર,
કભી કભી શાયરી સુનાતા હૈ,
ઐસી ધડકન હોતે હુએ ભી,
ક્યું નહીં આતી બહાર?
આહિસ્તે આહિસ્તે રાત
ગુઝરતી હૈ, ચંદા કા કોઈ
ઠીકાના નહીં, બહેકતી હુઈ
દુનિયા કે બિના
અધૂરા રહ ગયા હૈ સંસાર.
બિખરે હુએ ફૂલો મેં
ખુશ્બુ કહાં? દો પલ
ઠહર જા આજ
હસીન વાદિયો મેં
તૂટ ગયા હૈ દિલકા તાર,
મહેફિલ હમારે લિયે હૈ, ઝિંદગી
પૂરી હો ના હો,
બજતી હુઈ શહનાઈ કા
કબ તક કરતે રહેંગે ઈન્તઝાર.

**- નવીનચંદ્ર રતિલાલ, કાચલિયા, નવસારી**

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

## પહેલા પાનાનું ચાલુ

### રખડતા કૂતરાઓને

રખડતા કૂતરાઓને

સત્તાવાળાઓ દ્વારા આવી સંસ્થાઓને ઓળખવાનો નિર્દેશ આપ્યો હતો.

બેન્ચે આવી સંસ્થાઓના વહીવટી વડાઓને નિર્દેશ આપ્યો હતો કે તેઓ ખાતરી કરે કે રખડતા કૂતરાઓના પરિસરમાં પ્રવેશ અટકાવવા માટે પૂરતી વાડ, દિવાલો, દરવાજા અને અન્ય માળખાકીય પગલાં લેવામાં આવે. તેમાં કહેવામાં આવ્યું છે કે આ કાર્ય શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ થવું જોઈએ, આઠ અઠવાડિયા કે બે મહિના માટે પૂર્ણ કરવામાં આવે તો યોગ્ય રહેશે. બેન્ચે જણાવ્યું હતું કે આવી સંસ્થાઓના સંચાલને એક નોડલ અધિકારીની નિમણૂક કરવી જોઈએ જે પરિસરની જાળવણી અને સ્વચ્છતા માટે જવાબદાર રહેશે અને ખાતરી કરશે કે રખડતા કૂતરા પરિસરમાં પ્રવેશ ન કરે અથવા રહે નહીં.

કોર્ટે કહ્યું હતું કે ઉક્ત અધિકારીની વિગતો પ્રવેશદ્વાર પર કાયમી ધોરણે પ્રદર્શિત કરવામાં આવશે અને સંબંધિત મ્યુનિસિપલ સંસ્થા અથવા સત્તાધિકારીને તેના વિશે જાણ કરવામાં આવશે. બેન્ચે જણાવ્યું હતું કે સ્થાનિક મ્યુનિસિપલ સંસ્થાઓ અને પંચાયતો આવા તમામ પરિસરનું નિયમિત, ઓછામાં ઓછા દર ત્રણ મહિનામાં એક વાર નિરીક્ષણ કરશે જેથી ખાતરી કરી શકાય કે આ સંસ્થાઓની અંદર અથવા તેની આસપાસ કોઈ રખડતા શ્વાન રહેતા નથી. કોર્ટે કહ્યું હતું કે, કોઈપણ શૈક્ષણિક સંસ્થા અથવા અન્ય સંસ્થાના પરિસરમાં જોવા મળતા દરેક રખડતા કૂતરાને તાત્કાલિક પશુ જન્મ નિયંત્રણ નિયમો અનુસાર યોગ્ય નસબંધી અને રસીકરણ પછી નિયુક્ત આશ્રયસ્થાનમાં ખસેડવાની જવાબદારી મ્યુનિસિપલ સંસ્થા અથવા સત્તાધિકારીની રહેશે. રખડતા કૂતરાઓને તે જ જગ્યાએ પાછા છોડવામાં આવશે નહીં જ્યાંથી તેમને ઉપાડવામાં આવ્યા હતા.

તેમાં કહેવામાં આવ્યું હતું કે, અમે ઇરાદાપૂર્વક આવા રખડતા કૂતરાઓને તે જ જગ્યાએ પાછા ન છોડવાનો નિર્દેશ આપ્યો છે જ્યાંથી તેમને ઉપાડવામાં આવ્યા હતા કારણ કે આવું થવા દેવાથી આવા સંસ્થાકીય વિસ્તારોને રખડતા કૂતરાઓથી મુક્ત રાખવા માટે જાહેર કરાયેલા નિર્દેશોની અસરને જ નુકસાન થશે. ખંડપીઠે ઓગસ્ટમાં રાજસ્થાન હાઈકોર્ટ દ્વારા પસાર કરાયેલા આદેશનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં શહેરના રસ્તાઓ અને નેશનલ હાઈવે પર રખડતા પ્રાણીઓના ભયને સંબોધવા માટે સૂચનાઓ જાહેર કરવામાં આવી હતી.

સર્વોચ્ચ અદાલતે તમામ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને એનએચએઆઈના અધિકારીઓને તેમના અધિકારક્ષેત્રમાં આવતા સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવે અને રાષ્ટ્રીય એક્સપ્રેસવે પરથી તમામ ઢોર અને અન્ય રખડતા પ્રાણીઓને દૂર કરવાની ખાતરી કરવા નિર્દેશ આપ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું હતું કે સત્તાવાળાઓ હાઇવે અને એક્સપ્રેસવેના એવા ભાગોને ઓળખવા માટે સંયુક્ત, સંકલિત ઝૂંબેશ ચલાવશે જ્યાં રખડતા ઢોર અથવા પ્રાણીઓ વારંવાર જોવા મળે છે અને તેમને હટાવવામાં આવે અને તેમને નિયુક્ત આશ્રયસ્થાનોમાં સ્થાનાંતરિત કરવા માટે તાત્કાલિક પગલાં લેશે.

બેન્ચે જણાવ્યું હતું કે ઢોર અને અન્ય રખડતા પ્રાણીઓને યોગ્ય સુવિધાઓમાં રાખવામાં આવશે અને પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા નિવારણ અધિનિયમ અને પશુ જન્મ નિયંત્રણ નિયમો, ૨૦૨૩ની જોગવાઈઓ અનુસાર જરૂરી ખોરાક, પાણી અને પશુચિકિત્સા સંભાળ પૂરી પાડવામાં આવશે.

બેન્ચે જણાવ્યું હતું કે, તમામ નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવે અને રાષ્ટ્રીય એક્સપ્રેસવે પર નિયમિત અંતરે હેલ્પલાઇન નંબરો સ્પષ્ટપણે પ્રદર્શિત કરવા જોઈએ જેથી મુસાફરો રખડતા પ્રાણીઓની હાજરી અથવા તેમના કારણે થતા અકસ્માતોની તાત્કાલિક જાણ કરી શકે.

બેન્ચે જણાવ્યું હતું કે સમસ્યાના તાત્કાલિક નિવારણ અને દેખરેખ માટે આ હેલ્પલાઇનોને સ્થાનિક પોલીસ, એનએચએઆઈ અને જિલ્લા વહીવટીતંત્રના નિયંત્રણ રૂમ સાથે જોડવામાં આવશે. કેસમાં વધુ સુનાવણી માટે ૧૩ જાન્યુઆરીના રોજ યોજાશે. ■

### 'વંદે માતરમ્'ની

માતરમ્' દેશની સ્વતંત્રતાની ચળવળનો 'નારો' બની ગયો હતો. કમનસીબે ૧૯૩૭માં દેશભક્તિનાં આ ગીતમાંથી મુખ્ય કડી કાઢી નખાઇ હતી અને તેને પગલે દેશના ભાગલાના બીજ રોપાયા હતા. રાષ્ટ્રીય નિર્માણના આ મહામંત્રના સંબંધમાં થયેલો અન્યાય આજની પેઢીને જણાવવાની જરૂર છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે 'વંદે માતરમ્' દરેક યુગમાં સુસંગત છે. દેશભક્તિનાં આ મૂળ ગીતમાં 'દેવી દુર્ગા' અને 'મા ભારતી'ની પ્રશંસા કરાઇ હતી. દુશ્મનોએ તાજેતરમાં ત્રાસવાદીઓની આડમાં આપણા નિર્દોષ લોકો પર હુમલો કર્યો ત્યારે ભારતીય લશ્કરે 'ઑપરેશન સિંદૂર' હેઠળ લશ્કરી કાર્યવાહી કરીને વિશ્વને બતાવી દીધું હતું કે ભારત માતા 'દેવી દુર્ગા'નું સ્વરૂપ પણ ધારણ કરી શકે છે. દરમિયાન, ભાજપે આક્ષેપ કર્યો હતો કે જવાહરલાલ નહેરુના પ્રમુખપદ હેઠળ કૉંગ્રેસે ૧૯૩૭માં 'વંદે માતરમ્' ગીતમાંથી ઇરાદાપૂર્વક મહત્ત્વની કડી કઢાવી હતી.

ભાજપના પ્રવક્તા સીઆર કેશવને 'એક્સ' પરની પોસ્ટમાં લખ્યું હતું કે કૉંગ્રેસે દેશભક્તિના આ ગીતને ધર્મ સાથે જોડીને ઐતિહાસિક પાપ કર્યું હતું. મૂળ 'વંદે માતરમ્' ગીતમાં 'મા દુર્ગા'ની પ્રશંસા કરતી કડી હતી, તે નહેરુના નેતૃત્વ હેઠળના કૉંગ્રેસે ઇરાદાપૂર્વક કઢાવી હતી.

મોદીએ જણાવ્યું હતું કે 'વંદે માતરમ્' દેશના લોકોમાં દેશભક્તિ જગાવે છે અને નવી ઊર્જા આપે છે. આ ગીત 'ભારત માતા'ને સમર્પિત છે. થોડી સદી અગાઉ વૈશ્વિક જીડીપીમાં ભારતનો હિસ્સો પચીસ ટકા હતો. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે દેશના સુવર્ણ યુગને ધ્યાનમાં રાખીને આ ગીત રચ્યું હતું, પણ વિદેશી આક્રમણખોરોએ દેશને લૂંટીને ગરીબ બનાવી દીધો હતો. 'મા ભારતી' અપાર શક્તિ ધરાવે છે અને મુશ્કેલીમાં પડકારનો સામનો કરવા માટે તેના નાગરિકોનું માર્ગદર્શન કરે છે.

દેશભરમાં 'વંદે માતરમ્' ગીતનાં ૧૫૦ વર્ષની ઉજવણી કરવા ૨૦૨૫ની સાત નવેમ્બરથી ૨૦૨૬ની સાત નવેમ્બર સુધી વિવિધ કાર્યક્રમનું આયોજન કરાયું છે. બંકિમચંદ્ર ચેટરજીએ ૧૮૭૫ની સાત નવેમ્બરે એટલે કે 'અક્ષય નવમી'ના દિવસે 'વંદે માતરમ્' ગીતની રચના કરી હતી. (એજન્સી) ■

### ટાગોરની સલાહથી

ગુરુદેવને 'ભાગલાવાદી માનસિકતા ધરાવતા' કહીને તેમનું આપમાન કર્યું છે. વડા પ્રધાને આ 'શરમજનક' નિવેદન બદલ માફી માગવી જોઇએ.

કૉંગ્રેસના સંદેશવ્યવહાર વિભાગના વડા મહામંત્રી જયરામ રમેશે સવ્યસાચી ભટ્ટાચાર્યના પુસ્તક 'વંદે માતરમ્'ને ટાંકીને જણાવ્યું હતું કે ૧૯૩૭ની ૨૯ ઑક્ટોબરે કૉંગ્રેસ કારોબારી સમિતિના ઠરાવ દ્વારા દેશભક્તિના આ ગીતને અપનાવાયું હતું. જયરામ રમેશે 'એક્સ' પરની પોસ્ટમાં લખ્યું હતું કે કૉંગ્રેસ કારોબારીની ૧૯૩૭માં યોજાયેલી બેઠકના ત્રણ દિવસ પહેલાં એટલે કે ૨૬ ઑક્ટોબરે રવીન્દ્ર ટાગોરે જવાહરલાલ નહેરુને આ ગીતના સંબંધે પત્ર લખ્યો હતો. ગુરુદેવે (ટાગોરે) દેશભક્તિના આ ગીતની પ્રથમ બે કડી અપનાવી લેવા ભલામણ કરી હતી અને તેને પગલે કૉંગ્રેસ કારોબારીએ સંબંધિત નિર્ણય લીધો હતો. ટાગોરની સલાહથી મૂળ ગીતમાંની છ કડીમાંથી પ્રથમ બે કડી અપનાવાઇ હતી. મોદીએ ગુરુદેવ ટાગોરને 'ભાગલાવાદી માનસિકતા ધરાવતા' કહીને તેમનું અપમાન કર્યું છે. મોદીએ દેશની બિનશરતી માફી માગવી જોઇએ. (એજન્સી)

### દિલ્હી ઍરપોર્ટ

છે. દિલ્હી એરપોર્ટનું સંચાલન દિલ્હી ઇન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (ડીઆઈએએલ) કરે છે.

ડીઆઈએએલ એ 'એક્સ' પર બપોરે ૧:૪૨ વાગ્યે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, દિલ્હી એરપોર્ટ પર બધી એરલાઇન્સની કામગીરી હાલમાં વિલંબિત છે. સંબંધિત અધિકારીઓ આ સમસ્યાને શક્ય તેટલી વહેલી તકે ઉકેલવા માટે કામ કરી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બોર્ડિંગ ગેટ પાસે લાંબી કતારો લાગી ગઈ છે અને સેંકડો મુસાફરો એરપોર્ટ ટર્મિનલની અંદર ફલાઇટની માહિતી માટે રાહ જોઈ રહ્યા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ટેકનિકલ સમસ્યાઓના કારણે એર ટ્રાફિક કન્ટ્રોલર્સ ગુરુવાર સાંજથી ફલાઇટનો પ્લાન પ્રાપ્ત કરી શક્યા નથી. તેમણે કહ્યું હતું કે એએમએસએસમાં કેટલીક સમસ્યાઓ છે, જે ફલાઇટ પ્લાન પૂરા પાડતી ઓટો ટ્રેક સિસ્ટમને માહિતી પૂરી પાડે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે સિસ્ટમમાં ચાલી રહેલી સમસ્યાઓને કારણે એર ટ્રાફિક કંટ્રોલર્સ ઉપલબ્ધ ડેટાના આધારે મેન્યુઅલી ફલાઇટ પ્લાન તૈયાર કરી રહ્યા છે, જે સમય માંગી લે તેવું છે અને પરિણામે ઘણી ફલાઇટ્સમાં વિલંબ થાય છે. ■

### ગુજરાતના ખેડૂતો

ખેડૂતોના પાકને થયેલા વ્યાપક નુકસાન સામે તેમની લાગણીને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા ધરતીપુત્રો માટે આશરે ૧૦ હજાર કરોડ રૂપિયાના રાહત-સહાય પૅકેજની જાહેરાત કરું છું.

આ ઉપરાંત, રાજ્ય સરકાર ૯ નવેમ્બરથી ખેડૂતો પાસેથી ટેકાના ભાવે આશરે ૧૫,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના મૂલ્યની મગફળી મગ, અડદ અને સોયાબીનની ખરીદી કરવા પણ જઈ રહી છે. અન્નદાતાઓની આર્થિક સુખાકારીની ચિંતા પોતાના માથે લઈને રાજ્ય સરકાર તેમની સહાયતા માટે હંમેશાં પ્રતિબદ્ધ હતી, છે અને રહેશે તેવો વિશ્વાસ આપું છું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ઓક્ટોબર મહિનાના છેલ્લા અઠવાડિયાથી શરૂ થયેલા કમોસમી વરસાદથી રાજ્યના અનેક ખેડૂતોના પાકને ઘણું નુકસાન થયું હતું. જે બાદ પાક નુકસાનની અણધારી કુદરતી આફતના સમયે સંપૂર્ણ સંવેદના સાથે ભૂપેન્દ્ર પટેલ સરકારે રાજ્યના ખેડૂતોની પડખે ઊભા રહીને નુકસાનીના સર્વેની કામગીરી શરૂ કરાવી હતી.

ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર ગાંધીનગર ખાતેથી રીયલ ટાઈમ મોનિટરિંગ કરીને તેમજ ઉચ્ચ સ્તરીય બેઠકો યોજીને ગુજરાતના ખેડૂતોને થયેલી નુકસાનીનો તાગ મેળવ્યો હતો, તેમણે ખેડૂતોના પાકને થયેલા વ્યાપક નુકસાનનો સંપૂર્ણ અહેવાલ મેળવવા માટેની સૂચનાઓ પણ આપી હતી. માવઠાના કારણે ખેતી પાકમાં થયેલા નુકસાન સામે ખેડૂતોને વધુમાં વધુ ઝડપથી સહાય મળી શકે તે માટે અસરગ્રસ્ત જિલ્લાઓમાં કુલ ૪૮૦૦થી વધુ ટીમો દ્વારા યુદ્ધના ધોરણે સર્વેની કામગીરી કરવામાં આવી હતી. નુકસાનીનો સર્વે થયા બાદ તાત્કાલિક રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો અને આ રિપોર્ટને કૃષિ પ્રધાન જીતુ વાઘાણી દ્વારા મુખ્ય પ્રધાન સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. ■

### આવતા વર્ષે

રાષ્ટ્રપતિ કાર્યકાળ દરમિયાન ભારતની મુલાકાત લીધી હતી.

ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી વેપાર વાટાઘાટો અને અમેરિકાએ ભારતીય માલ પર પચીસ ટકા ટૅરિફ તેમજ રશિયન તેલની ખરીદી પર પચીસ ટકા વધારાનો ટૅરિફ લાદવાના મુદ્દા પર ટ્રમ્પે ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે, તેઓ (ભારત) સારું કરી રહ્યા છે; તેમણે મોટાભાગે રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરી દીધું છે. ■

# ધનંજય મુંડેએ મારી હત્યાનું ષડયંત્ર ઘડ્યું હતુંઃ જરાંગે

## એનસીપીના વિધાનસભ્યએ આરોપ નકારી સીબીઆઈ તપાસની માગણી કરી

છત્રપતિ સંભાજી નગરઃ મરાઠા અનામત લડતના આંદોલનકારી મનોજ જરાંગેએ શુક્રવારે આરોપ કર્યો હતો કે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન અને એનસીપીના વિધાન સભ્ય ધનંજય મુંડેએ તેમની હત્યાનું ષડયંત્ર રચ્યું હતું. જોકે, મુંડેએ આરોપ નકારી આ સંદર્ભમાં દાખલ કરવામાં આવેલી ફરિયાદની સીબીઆઈ તપાસની માગણી કરી હતી.

જાલના પોલીસના જણાવ્યા અનુસાર આ અઠવાડિયાની શરૂઆતમાં જરાંગેના સાથી ગંગાધર કલકુટેએ આંદોલનકારીની હત્યાનું કાવતરું ઘડવાના આરોપીની ઔપચારિક ફરિયાદની તપાસ બાદ બે લોકોની અટકાયત કરવામાં આવી છે.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં મરાઠા અનામતની માંગના આંદોલનકારીએ ધનંજય મુંડેએ મારી હત્યાનું ષડયંત્ર રચ્યું હોવાનો આરોપ મૂકી જણાવ્યું હતું કે કંચન નામનો એક વ્યક્તિ જે મુંડેના પીએ છે અથવા તેને ઓળખે છે, તે અટકાયતમાં લેવામાં આવેલી એક શંકાસ્પદ વ્યક્તિને પરલી ગેસ્ટ હાઉસ લઈ ગયો હતો. એ ગેસ્ટ હાઉસમાં મુંડેએ એક બેઠક બોલાવી હતી અને પેલી વ્યક્તિએ તેમની સાથે વાતચીત કરી હતી. નકલી વીડિયો અને રેકોર્ડિંગ્સ બનાવીને તેમને બદનામ કરવા અથવા કેટલીક દવાઓનો ઉપયોગ કરીને તેને મારી નાખવા માટે ચર્ચા કરવામાં આવી હોવાનો દાવો કરી જરાંગેએ એમ પણ કહ્યું હતું કે તેમને ખતમ કરવા માટે અઢી કરોડ રૂપિયાનો સોદો થયો હતો. (પીટીઆઈ) ■




સાબિત કેલ્સીયોગ®
આયર્ન અને વિટામિન સી સાથે આયુર્વેદિક કેલ્શિયમ ટેબ્લેટ્સ
• હાડકા અને સાંધાના ટોનિક. • હાથ, પગ, કમર, ઘૂંટણ, પીઠ, સાંધાના દુખાવા માટે ઉત્તમ. • વાળ ખરવાનું ઓછું કરો. • સ્નાયુ, લિગામેન્ટ ઇજાઓ પર પ્રભાવી
9422011723
મેડિકલ અને આયુર્વેદિક સ્ટોર્સ પર ઉપલબ્ધ
Amazon પર કેશ ઑન ડિલિવરી ઉપલબ્ધ


# ‘વંદે માતરમ્’ પ્રાર્થના નથી, માતૃભૂમિ પ્રત્યે સામર્થ્ય અને એકતાનું પ્રતીક છેઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે કહ્યું હતું કે ‘વંદે માતરમ્’ માતૃભૂમિ પ્રત્યે સામર્થ્યની ભાવના અને એકતાની પ્રેરણા આપે છે અને ૨૦૪૭ સુધીમાં ‘વિકસિત ભારત’ બનાવવાનું લક્ષ્ય હોવાથી એ ધ્યેય સિદ્ધ કરવા જનતાને ફરી દેશ પ્રત્યે સમર્પણ કરવા હાકલ કરી છે. બંકિમચંદ્ર ચેટરજી રચિત ભારતના રાષ્ટ્રગીતની રચનાની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે રાજ્ય સચિવાલયમાં એક કાર્યક્રમમાં સીએમ બોલી રહ્યા હતા.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે કેટલાક લોકોનું માનવું છે કે ‘વંદે માતરમ્’ એક પ્રાર્થનાછે અને એટલે ગાવાનો ઇનકાર કરે છે. મૌલાના અબુલ કલામ આઝાદે પણ કહ્યું હતું કે ‘વંદે માતરમ્’ ને પ્રાર્થના કહેવું ખોટું છે. આ ગીત માતૃભૂમિ માટે બલિદાન આપવાની પ્રેરણા આપે છે અને એમાં એકતા અને સામર્થ્ય માટે પ્રતિબદ્ધતા છે.

ફડણવીસે દેશ ૨૦૪૭માં સ્વતંત્રતાની શતાબ્દી વખતે દેશ વિકસિત ભારત તરીકે ઉભરી રહ્યો છે ત્યારે લોકોને વિકાસ અને વારસા પ્રત્યે તેમની પ્રતિબદ્ધતાને દૃઢ કરવાની પ્રતિજ્ઞા લેવા વિનંતી કરી હતી.

મુખ્ય પ્રધાને એમ પણ જણાવ્યું હતું કે કયું ગીત રાષ્ટ્રગીત હોવું જોઈએ તે અંગે બે મત છે – ‘જન ગણ મન’ અથવા ‘વંદે માતરમ્’.

આપણા બંધારણ નિર્માતાઓએ ‘જન ગણ મન’ ને રાષ્ટ્રગાન (નેશનલ એન્થમ) અને ‘વંદે માતરમ્’ને રાષ્ટ્રગીત (નેશનલ સોન્ગ) બનાવીને બંને ગીતોને સમાન દરજ્જો આપ્યો છે. બ્રિટિશ શાસન વિરુદ્ધ આઝાદી માટે અહિંસક લડત ચલાવનાર ક્રાંતિકારીઓ તેમજ સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે ‘વંદે માતરમ્’પ્રેરણારૂપ છે. (પીટીઆઈ) ■


દશા શ્રીમાળી સ્થા. જૈન મરણ



શ્રીમતી નીલમબેન સન્મુખરાય અજમેરા
જન્મ : ૧૨-૦૩-૧૯૩૯ * અરિહંત શરણ : ૦૭-૧૧-૨૦૨૫
ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર નીલમબેન સન્મુખરાય અજમેરા ઉંમર વર્ષ –૮૬ તા. ૭–૧૧–૨૦૨૫ કારતક વદ ૨, શુક્રવારે વહેલી સવારના પરમકૃપાળુદેવનું સ્મરણ કરતા અરિહંત શરણ પામેલ છે. તેઓશ્રી ડો. રશ્મિબેન, ભારતીબેન તથા ડો. જીતેન્દ્ર અજમેરા ના માતુશ્રી, તેજલબેનના સાસુ અને ધ્રિતીના દાદી, સ્વ. માધવજીભાઈ શાહ (ઉરણ) ના દિકરી, સ્વ. વ્રજલાલ, સ્વ. રસિકલાલ શાહ તથા સ્વ. જયશ્રીબેન ટીંબડીયા ના બહેન.
તેમની પ્રાર્થનાસભા તા. ૯–૧૧–૨૦૨૫, રવિવાર ના રોજ સવારે ૯.૩૦ થી ૧૧.૦૦ રાખેલ છે.
સ્થળ :
પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ – ૮૬.
Mob.:
98210 55831 / 98677 55821
(વેલેટ પાર્કિંગની વ્યવસ્થા રાખેલ છે.)


# ભિવંડીની ડાઈંગ ફૅક્ટરીમાં ભીષણ આગ

## દાદરમાં રેસ્ટોરાંનું કિચન સળગ્યું

મુંબઈઃ થાણે જિલ્લાના ભિવંડી ખાતે કપડાંને ડાઈંગ કરવાની ફૅક્ટરીમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આગમાં બે માળનું મકાન સળગી ગયું હતું, જેને કારણે આસપાસના વિસ્તારમાં ધુમાડો ફેલાઈ ગયો હતો. આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ સતર્કતા ખાતર આસપાસની ફૅક્ટરીઓ ખાલી કરવવામાં આવી હતી. આગની બીજી ઘટનામાં દાદરની રેસ્ટોરાંનું કિચન સળગ્યું હોવાનું ફાયર બ્રિગેડે જણાવ્યું હતું.

ભિવંડી-નિઝામપુર મહાનગરપાલિકાના ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના ચીફ સાકીબ ખારબેએ જણાવ્યું હતું કે આગની જાણ શુક્રવારે સવારે ૯ વાગ્યાની આસપાસ થઈ હતી. ભિવંડીના સરાવલી ગામમાં એમઆઈડીસી પરિસરમાં આવેલી ડાઈંગની ફૅક્ટરીમાં આગ ફાટી નીકળી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ બે માળના મકાનમાં પહેલા માળે આગ લાગી હતી. પછી તરત ફેલાયેલી આગે બીજા માળને પણ ચપેટમાં લઈ લીધો હતો. જોતજોતાંમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ધુમાળાના ગોટેગોટા અમુક કિલોમીટર દૂરથી પણ જોઈ શકાતા હતા. દરમિયાન આગ લાગતાં જ કર્મચારીઓ ફૅક્ટરીની બહાર દોડી ગયા હતા. આગે આખું મકાન ભરડામાં લેતા આખા પરિસરમાં ધુમાડો ફેલાયો હતો. સતર્કતા ખાતર આસપાસની ફૅક્ટરીના કર્મચારીઓને બહાર નીકળવાની સૂચના અપાઈ હતી. દરમિયાન દાદર પશ્ચિમમાં એન. સી. કેળકર માર્ગ પર આવેલા મૉલમાંની એક રેસ્ટોરાંના કિચનમાં આગ લાગી હતી. ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ શુક્રવારની બપોરે ૩.૩૦ વાગ્યે આગ લાગ્યાની માહિતી મળતી હતી. ભીડવાળો વિસ્તાર હોવાથી સાવચેતી ખાતર ચાર ફાયર એન્જિન સાથે ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને આગ ઓલવવાની કામગીરી હાથ ધરી હતી. ■


100 years and going strong

CELEBRATING MAGANBHAI DOSHI'S BIRTHDAY



Honouring Shri Maganbhai Doshi on his 100th birthday. A life that continues to nurture and inspire us at Sharda Wellness, Panchgani.

His energy, faith, and kindness remain a guiding force for all who know him.



HEARTFELT WISHES FROM SMT. SHARDABEN MANSUKHLAL KAMDAR CHARITY FOUNDATION

Khinger Road; Behind Table Land
Panchgani
Tel: 02168 - 241941

139, Lila Villa, Indulal Bhuva Marg
Wadala, Mumbai 400031
Tel: 24161470

shardawellness@gmail.com


**મોનોરેલ ટ્રાયલ રન અકસ્માત**

# ટેકનિકલ રિપોર્ટ સબમિટ કરવા મોનો ટ્રેન બનાવનાર કંપનીને આદેશ

મુંબઈઃ ચેમ્બુર-જેકબ સર્કલ મોનોરેલ લાઇન પર બુધવારે નવી મોનોરેલ ટ્રેનોનું પરીક્ષણ ચાલી રહ્યું હતું ત્યારે એક ટ્રેન સાથે અકસ્માત થયો હતો, જેમાં ટ્રેનને ભારે નુકસાન થયું હતું. આ બાબતની નોંધ લેતા મહા મુંબઈ મેટ્રો ઓપરેશન્સ કોર્પોરેશન (એમએમએમઓસીએલ) એ મોનોરેલ પ્રોજેક્ટમાં સલાહકાર અને મોનોરેલ ટ્રેનોના નિર્માણ તેમજ અત્યાધુનિક કોમ્યુનિકેશન બેઝ્ડ ટ્રેન કંટ્રોલ સિગ્નલિંગ સિસ્ટમના અમલીકરણ માટે જવાબદાર મેધા એસએમએચ રેલ પ્રાઇવેટ લિમિટેડને ટેકનિકલ રિપોર્ટ સબમિટ કરવાનો આદેશ આપ્યો છે. આ રિપોર્ટમાં અકસ્માત કેવી રીતે થયો તેની માહિતી હશે અને દોષિતો સામે કાર્યવાહી કરવામાં આવશે. શ્રેણીબદ્ધ અકસ્માતોને કારણે સપ્ટેમ્બરથી મોનોરેલ સેવા અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવી છે અને હાલમાં લાઇનને આધુનિક બનાવવાનું કામ ચાલી રહ્યું છે. દરમિયાન નવી સ્વદેશી બનાવટની મોનોરેલ ટ્રેનોનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. તે મુજબ બુધવારે સવારે ૯ વાગ્યાની આસપાસ મોનોરેલ ટ્રેનનું પરીક્ષણ ચાલી રહ્યું હતું ત્યારે ખામીયુક્ત સિગ્નલ સિસ્ટમને કારણે એક મોટો અકસ્માત થયો હતો. એમએમઆરડીએ એ જણાવ્યું હતું કે આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી. જોકે અકસ્માતમાં બે લોકોને મામુલી ઈજાઓ થઈ હોવાનું જાણવા મળ્યું હતું. અકસ્માત કેવી રીતે થયો તે અંગે કોઈ ચોક્કસ માહિતી નથી.આ અકસ્માતને ધ્યાનમાં લઈને મોનોરેલ પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ અને મેધા એસએમએચ રેલ પ્રાઇવેટ લિમિટેડને આ અંગે ટેકનિકલ રિપોર્ટ રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે, એમ એમએમએમઓસીએલના મેનેજિંગ ડિરેક્ટર રૂબલ અગ્રવાલે માહિતી આપી. આ રિપોર્ટ બાદ આ મામલે કાર્યવાહી કરવામાં આવશે. અગાઉ ૧૯ ઑગસ્ટના રોજ, એક મોનોરેલ ટ્રેન વધુ વજનને કારણે ફસાઈ ગઈ હતી. તે સમયે, ફાયર બ્રિગેડે ટ્રેનના દરવાજા તોડીને ૫૮૮ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. ■


# અપર્ણા ભરત શાહ

સ્મરણાંજલિ

ડિસેમ્બર ૭ ૧૯૭૬



નવેમ્બર ૭ ૨૦૨૫

અમારા ઘરની લાડકવાયી, રહે છે હવે પ્રભુ શરણમાં
રહેશે સદા એક ખાલીપો, અમારા જીવનના કણ કણ માં
પણ નિર્મળતા અને સરળતાની આવી સરવાણી
યાદ કરાવે છે અમને, કે તેની જિંદગી હતી પ્રેમની એક ઉજાણી

તારા આત્માને શાંતિ આપે અરિહંત,
અમારી યાદોમાં તું હંમેશા રહીશ જીવંત

તારા સ્મરણમાં
સ્મિતા ભરત શાહ
અમિત, નિપા અને અમાયરા શાહ
પૂનમચંદ રાજપાલ શાહ પરિવાર
કાંતિલાલ કેશવલાલ શેઠ પરિવાર

સ્મૃતિ સભા
રવિવાર, ૯ નવેમ્બર ૨૦૨૫
૧૦:૩૦ સવાર થી ૧૨:૦૦ બપોર
ભારતીય વિદ્યાભવન ઓડિટોરિયમ
૨૯, કે.એમ. મુનશી રોડ, ગામદેવી, મુંબઈ - ૭



મનન અભ્યાસ મંડળ — જાહેર આમંત્રણ
અધ્યયન વર્ગ મુંબઈ



| વાર/તારીખ | સમય | વિષય | સ્થળ |
|---|---|---|---|
| સોમવાર ૧૦-૧૧-૨૫ | પ્રાતઃ ૭ થી ૮ | શ્રીમદ્ ભગવદ્‌ગીતા | દાસકાકા હૉલ, પાર્લેશ્વર મંદિર રોડ, વિલેપાર્લા-(પૂર્વ). મુંબઈ-૫૭. |
| મંગળવાર ૧૧-૧૧-૨૫ | પ્રાતઃ ૭ થી ૮ | પંચદશી (પ્ર.૧૦) નાટકદીપ | દાસકાકા હૉલ, પાર્લેશ્વર મંદિર રોડ, વિલેપાર્લા-(પૂર્વ). મુંબઈ-૫૭. |
| મંગળવાર ૧૧-૧૧-૨૫ | બપોરે ૩ થી ૪ | ભજગોવિંદમ્ | બ્રાહ્મણ સમાજ હૉલ.જોશી લેન, ઘાટકોપર (પૂર્વ).મુંબઈ-૭૭. |
| બુધવાર ૧૨-૧૧-૨૫ | પ્રાતઃ ૭ થી ૮ | યોગવશિષ્ઠ મહારામાયણ | પરમ કેશવ બાગ, નવરોજી લેન, દેરાસર પાસે, ઘાટકોપર-(પશ્ચિમ). |
| બુધવાર ૧૨-૧૧-૨૫ | સાંજેઃ ૫ થી ૬ | શ્રીમદ્ ભગવદ્‌ગીતા, સંસ્કૃત વર્ગ | આયોજકઃ પ્રેમપુરી આશ્રમ, બાબુલનાથ, ચૌપાટી, મલબાર હિલ, મુંબઈ-૦૭ |
| ગુરૂવાર ૧૩-૧૧-૨૫ | સવારે ૮ થી ૯ | શ્રીમદ્ ભગવદ્‌ગીતા | IES નાબર ગુરૂજી એસેમ્બ્લી હૉલ નં.૨, કિંગ જ્યોર્જ સ્કુલ ગેટ-૨, સર ભાલચંદ્ર રોડ, હિંદુ કૉલની, દાદર(ઈ) |
| શુક્રવાર ૧૪-૧૧-૨૫ | સવારે ૮.૩૦ થી ૯.૩૦ | શ્રીમદ્ ભાગવત મહાપુરાણ | શ્રી વલ્લભનિધિ ટ્રસ્ટ, ૧૦ મો રસ્તો, જુહુ સ્કીમ, વિલેપાર્લા-(પશ્ચિમ), મુંબઈ |
| શુક્રવાર ૧૪-૧૧-૨૫ | સાંજે ૬ થી ૭ | પંચદશી (પ્ર.૬) ચિત્રદીપ | કે.ઈ.એસ.ઈન્ટરનેશનલ સ્કૂલ, હેમૂ કલાની ક્રોસ રોડ-૪, કાંદિવલી (પ.), મુંબઈ-૬૭ |

પ્રવક્તાઃ પરમ પૂજ્ય માતાજી તન્મયાનંદ સરસ્વતી
સંપર્કઃ તરુણ ત્રાલસાવાલાઃ ૯૩૨૦૦૦૬૪૨૩ • વિજય મહેતાઃ ૯૮૨૧૦૮૬૧૪૫


# પુણેના સોફ્ટવેર એન્જિનિયર સાથે ૧૪ કરોડની છેતરપિંડીઃ ઢોંગી સાધ્વી, અન્ય બેની અટકાયત

પુણેઃ સ્વાસ્થ્યની સમસ્યાઓ સામે ઝઝૂમી રહેલી બે પુત્રીઓને ‘આધ્યાત્મિક શક્તિઓ’થી સાજી કરવાને બહાને પુણેના સોફ્ટવેર એન્જિનિયર સાથે ૧૪ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ પોલીસે ઢોંગી સાધ્વી અને અન્ય બે જણની અટકાયત કરી હતી.

સોફ્ટવેર એન્જિનિયર દીપક ડોલસે કેટલાક દિવસ અગાઉ ફરિયાદ સાથે પોલીસનો સંપર્ક સાધ્યો હતો, જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ઢોંગી સાધ્વીએ પોતે આધ્યાત્મિક શક્તિઓ ધરાવતી હોવાનો દાવો કરીને તેની સાથે છેતરપિંડી આચરી હતી.

પોલીસ કમિશનર અમિતેશ કુમારે જણાવ્યું હતું કે આ પ્રકરણે કોથરુડ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને બાદમાં આ કેસ આર્થિક ગુના શાખામાં ટ્રાન્સફર કરાયો હતો. ■

આ પ્રકરણે નાશિકથી ત્રણ જણને તાબામાં લેવાયાં હતાં, જેમાં ઢોંગી સાધ્વીનો સમાવેશ છે.

સોફ્ટવેર એન્જિનિયરે આક્ષેપ કર્યો હતો કે તેના પરિવારને ઢોંગી સાધ્વીએ ખાતરી આપી હતી કે તે ‘દૈવી શક્તિથી’ તેમની બંને પુત્રીને સાજી કરી દેશે.

ઢોંગી સાધ્વીએ તેમને તેમની મિલકતો વેચી દેવા માટે કહ્યું હતું. આ મિલકતોમાં યુનાઇટેડ કિંગડમ ખાતેનું ઘર (જ્યાં ડોલસ એક સમયે કામ કરતો હતો), પુણેમા રિયલ એસ્ટેટ અને તેના વતનમાં ખેતીની જમીનનો સમાવેશ થાય છે.

ફરિયાદમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે ડોલસે સમય જતા ઢોંગી સાધ્વીને ૧૪ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. રૂપિયા આપ્યા છતાં ડોલસની બંને પુત્રીની તબિયતમાં કોઇ સુધારો આવ્યો નહોતો, જેને પગલે તેણે પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી. (પીટીઆઇ) ■

# મુંબ્રા ખાડીમાં બીજે દિવસે પણ મૃતદેહ મળ્યો

થાણેઃ મુંબ્રાના રેતીબંદર ખાડીમાંથી ગુરુવારે બપોરે એક મહિલાનો મૃતદેહ મળી આવ્યાની ઘટના તાજી છે ત્યારે બીજે જ દિવસે શુક્રવારે પણ યુવાનનો મૃતદેહ મળતાં ખળભળાટ મચી ગયો હતો. મુંબ્રાના બાલાજી કાકડે ગણેશ વિસર્જન ઘાટ નજીકની રેતીબંદર ખાડીમાં અંદાજે ૩૦ વર્ષના યુવાનનો મૃતદેહ નજરે પડ્યો હોવાની માહિતી શુક્રવારની સવારે ૧૦ વાગ્યાની આસપાસ પોલીસને મળી હતી. માહિતી મળતાં જ મુંબ્રા પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.ફાયર બ્રિગેડના જવાનો અને સ્થાનિક માછીમારોની મદદથી ખાડીમાંથી મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. મુંબ્રા પોલીસે જરૂરી પ્રક્રિયા બાદ શબને પોસ્ટમોર્ટમ માટે કલવાની છત્રપતિ શિવાજી મહારાજ હૉસ્પિટલમાં મોકલી આપ્યો હતો. મુંબ્રા પોલીસના જણાવ્યા મુજબ ગુરુવારે પણ આ જ ઠેકાણેથી મહિલાનો મૃતદેહ મળ્યો હતો. બન્ને શબની ઓળખ થઈ શકી નહોતી. પોલીસ તેમની ઓળખ મેળવવાના પ્રયાસ કરી રહી છે. ■

# મુંબ્રા અકસ્માત કેસની અરજી મુલતવી

થાણેઃ મુંબ્રામાં રેલવે સ્ટેશન નજીક ઉપનગરીય ટ્રેનમાંથી પડી જવાથી પાંચ મુસાફરોનાં મોત થયા. આ અકસ્માત બાદ મધ્ય રેલવેના બે વરિષ્ઠ એન્જિનિયર સામે કેસ નોંધવામાં આવ્યો હતો. આ ગુના બાદ એન્જિનિયરોએ આગોતરા જામીન માટે અરજી કરી હતી. શુક્રવારે સવારે થાણે કોર્ટના જજ ગણેશ પવારની કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. એન્જિનિયરોના વકીલો બલદેવ સિંહ રાજપૂત અને પ્રિયંકા ડબલીએ પોતાની દલીલો રજૂ કરતા ન્યાયાધીશ સમક્ષ મધ્ય રેલવેનો રિપોર્ટ રજૂ કર્યો હતો. તેમાં દર્શાવવામાં આવ્યું હતું કે ભીડને કારણે અકસ્માત થયો હતો. ■

# પાલિકા ચૂંટણીમાં વીવીપેટનો ઉપયોગ ન કરવાના નિર્ણય વિરુદ્ધની અરજી : ચૂંટણી પંચને હાઈ કોર્ટની નોટિસ

નાગપુરઃ બોમ્બે હાઈ કોર્ટની નાગપુર ખંડપીઠે શુક્રવારે મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચ (એસઈસી)ને આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં વીવીપેટનો ઉપયોગ ન કરવાના નિર્ણયને પડકારતી અરજી પર નોટિસ ફટકારી છે. ન્યાયમૂર્તિ અનિલ કિલોરની અધ્યક્ષતાવાળી ખંડપીઠે ચૂંટણી પંચને આવતા અઠવાડિયા સુધીમાં અરજી અંગે જવાબ આપવા જણાવ્યું છે. ક

કોંગ્રેસ નેતા પ્રફુલ્લ ગુડધેએ વકીલ પવન દાહત અને નિહાલ સિંહ રાઠોડ દ્વારા દાખલ કરેલી અરજીમાં સ્પષ્ટતા કરી હતી કે પારદર્શક ચૂંટણી પ્રક્રિયા માટે વોટર વેરિફાયેબલ પેપર ઓડિટ ટ્રેઇલ મશીન (વીવીપેટ) જરૂરી છે. અરજીમાં રજૂઆત કરવામાં આવી છે કે જો રાજ્ય ચૂંટણી પંચ (એસઈસી) વીવીપેટનો ઉપયોગ નહીં કરે તો બેલટ પેપરનો ઉપયોગ કરીને મતદાન કરાવવું જોઈએ. વીવીપેટ ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન ઈવીએમ સાથે જોડાયેલી એક સ્વતંત્ર સિસ્ટમ છે, જે મતદારોને ચકાસણી કરવાની મંજૂરી આપે છે કે તેમની ઈચ્છા અનુસાર જ મળ્યા છે.

અરજદારે હાઈ કોર્ટને વિનંતી કરી છે કે તેઓ એસઈસીને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે બેલેટ પેપર દ્વારા ચૂંટણી યોજવા અથવા વીવીપેટ મશીનોનો ઉપયોગ ન કરવાના પંચના નિર્ણયને રદ કરવા નિર્દેશ આપે.

એસઇસીને કોઈ પણ ચૂંટણીમાં વીવીપીએટી વગર ઇવીએમનો ઉપયોગ કરવાથી રોકવામાં આવે એવી દરખાસ્ત પણ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

રાજ્યની વિવિધ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની છે.

# ભાજપનો થાણેમાં 'એકલા ચલો રે'નો સંકેત?: એકનાથ શિંદેને પડકારવાનો પ્રયાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં આગામી દિવસોમાં મુંબઈ અને થાણે જેવી મહત્ત્વની મહાનગરપાલિકાની ચૂંટણીઓ આયોજિત થવાની છે ત્યારે ભાજપે એવી ચાલ રમી છે જેનાથી ભાજપ 'એકલા ચલો રે' નીતિ અપનાવી રહી છે કે કેમ એવો સવાલ થાય છે. એટલું જ નહીં, ભાજપનો રાજ્યના રાજકારણમાં આ પ્રયોગ અનેક સંકેતો આપી રહ્યો છે.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અનિયમિતતાઓ અને કથિત ભ્રષ્ટાચાર સામે સતત આક્રમક વલણ અપનાવનારા અને શિંદેના કટ્ટર વિરોધી નેતાઓ વન ખાતાના પ્રધાન ગણેશ નાઈક અને વિધાનસભ્ય સંજય કેળકરને થાણે જિલ્લાની ચૂંટણીઓની જવાબદારી સોંપીને ભાજપે એક રીતે શિંદેને પડકાર આપ્યો હોવાની ચર્ચા હવે ચાલી રહી છે. કેલકરે અને નાઈક એવા લોકોમાં સામેલ છે જેઓ આગ્રહ રાખે છે કે ભાજપે થાણે, નવી મુંબઈ સહિત સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પોતાના દમ પર લડવી જોઈએ. નાઈકે પહેલેથી જ જાહેરાત કરી છે કે થાણેમાં ફક્ત કમલ જ હશે. આ પૃષ્ઠભૂમિમાં, આ બંનેની પસંદગી શિંદે માટે પડકાર માનવામાં આવી રહી છે.

વનમંત્રી બન્યા પછી, ગણેશ નાઈકે એકનાથ શિંદેની ટીકા કરવાની એક પણ તક ગુમાવી નથી. શિંદેના મતવિસ્તાર કોપરી વિસ્તારમાં નાઈકે આયોજિત સભામાં 'થાણેમાં ફક્ત ભાજપ'નું આવ્હાન કર્યું હતું. ત્યારબાદ વર્તકનગર સ્થિત ભાજપ વિભાગ કાર્યાલયમાં એક બેઠકમાં નાઈકે કહ્યું હતું કે, 'જો ભાજપ થાણેમાં સત્તા મેળવવા માગે છે, તો અહીંના અહંકાર જેવા રાવણને બાળી નાખવો પડશે.'

નાઈકે એમ પણ કહ્યું હતું કે જો કાર્યકરો સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પોતાના દમ પર લડવા માગતા હોય, તો હું નેતાઓ સમક્ષ તમારો પક્ષ રજૂ કરનારો પહેલો વ્યક્તિ બનીશ. આ પૃષ્ઠભૂમિમાં, બુધવારે ભાજપે સ્થાનિક સંસ્થાઓ માટે જિલ્લા ચૂંટણી પ્રભારીની નિમણૂક કરી, જેના કારણે એકનાથ શિંદેના સમર્થકોમાં અસ્વસ્થતા ફેલાઈ ગઈ છે. નાઈકને થાણે સહિત થાણે, નવી મુંબઈ, થાણે ગ્રામીણ, ભિવંડી, મીરા ભાઈંદર, ઉલ્હાસનગર અને કલ્યાણ, ડોમ્બિવલીની જવાબદારી સોંપવામાં આવી છે. નવી મુંબઈમાં, ભાજપે સંજીવ નાઈકને ચૂંટણી વડાનું પદ સોંપીને અહીં પણ ગણેશ નાઈકના હાથમાં જ બધી બાજી રાખી છે.

# બુલઢાણાના સેંકડો પોલીસ અધિકારીને ઈન્કમ ટૅક્સ વિભાગની નોટિસ

બુલઢાણાઃ ઈન્કમ ટૅક્સ રિટર્ન્સ (આઈટીઆર) અયોગ્ય રીતે ભરવા બદલ બુલઢાણાના સેંકડો પોલીસ અધિકારીને ઈન્કમ ટૅક્સ વિભાગ દ્વારા નોટિસ મોકલવામાં આવી હતી.

બુલઢાણાના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા છઠ્ઠી નવેમ્બરે આ અંગે વાયરલેસ મેસેજ મોકલવામાં આવ્યો હતો.

મેસેજમાં જણાવાયું હતું કે ૨૩ ઑક્ટોબરે આસિસ્ટન્ટ ઈન્કમ ટૅક્સ કમિશનરે ૨૩ ઑક્ટોબરે એક પત્ર મોકલાવ્યો છે, જેમાં ઈન્કમ ટૅક્સ સર્વેમાં એવું જણાયું છે કે જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ કર્મચારી વિષ્ણુ મુળે દ્વારા અયોગ્ય રીતે આઈટીઆર ભરવામાં આવ્યાં હોવાનું નોંધવામાં આવ્યું છે.

લેટર અનુસાર મુળેએ અનેક પોલીસ અધિકારીને તેમનાં આઈટીઆર ભરવામાં મદદ કરી હતી. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સાથેની સાઠગાંઠથી સંબંધિત પોલીસ અધિકારીઓ દ્વારા અયોગ્ય અને બોગસ રિટર્ન્સ ફાઈલ કરવામાં આવ્યાં હતાં. બોગસ ડિડક્શન્સ દેખાડવામાં આવ્યાં હતાં. લેટર સાથે અયોગ્ય ટૅક્સ રિટર્ન્સ ભરનારાઓનું લિસ્ટ પણ છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

એસપીને મોકલાયેલા લેટરમાં એવું પણ નોંધવામાં આવ્યું છે કે લિસ્ટમાં જે અધિકારીઓનાં નામ છે તેમણે ૧૦ નવેમ્બર, ૨૦૨૫ સુધીમાં યોગ્ય અને સુધારેલાં ઈન્કમ ટૅક્સ રિટર્ન્સ ભરી દેવાં. જો ભરવામાં નિષ્ફળ જાય તો આવકવેરા વિભાગ દ્વારા પગલાં લેવામાં આવશે.

આ લેટરમાં ૧,૬૩૩ નામ હોવાનું જાણવા મળ્યું હતું.

લેટરની નોંધ લઈ અમે સંબંધિત અધિકારીઓને આઈટીઆર ફરી ફરવાની જાણ કરી હોવાનું વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

# અભિનેત્રી-ગાયિકા સુલક્ષણા પંડિતનું નિધન

મુંબઈઃ બોલિવૂડ ગાયિકા અને અભિનેત્રી સુલક્ષણા પંડિતનું ૭૧ વર્ષની વયે અવસાન થયું છે. તેઓ લાંબા સમયથી બીમાર હતા અને નાણાવટી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. હોસ્પિટલમાં જ તેમનું અવસાન થયું. અભિનેત્રીના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા.

સુલક્ષણા પંડિતનો જન્મ ૧૯૫૪માં મુંબઈના એક સંગીત સાથે જોડાયેલા પરિવારમાં થયો હતો. તેમના કાકા, જસરાજ, એક પ્રખ્યાત શાસ્ત્રીય ગાયક હતા. સુલક્ષણાને ત્રણ અન્ય બહેનો અને ત્રણ ભાઈઓ હતા. નાનપણથી જ તેમને ગાયન અને અભિનયમાં રસ હોવાના કારણે તે ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ્યા. તેમણે ઘણી ફિલ્મોમાં પોતાનો અવાજ આપ્યો અને ઘણી ફિલ્મોમાં અભિનય કર્યો. તેમણે નવ વર્ષની ઉંમરે લતા મંગેશકર સાથે ગાવાનું શરૂ કર્યું હતું. ૧૯૭૫ની ફિલ્મ સંકલ્પના તુ હી સાગર હૈ તુ હી કિનારા ગીત માટે ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો. સુલક્ષણા પંડિતે તેમની કરિયરમાં ૭૯ થી વધુ ફિલ્મોમાં પોતાના અવાજથી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમણે ૧૯૯૬ માં આવેલી ફિલ્મ ખામોશીઃ 'ધ મ્યુઝિકલ' માટે પણ મધુર ગીત ગાયું હતું. આ પછી, તેઓ ફિલ્મ જગતથી દૂર થઈ ગયા.

છેલ્લા પાનાનું ચાલુ

## જમીનનો સોદો

વિકાસ ખર્ગેના નેતૃત્વમાં ચાલી રહેલી તપાસમાં બહાર આવશે અને તેઓ એક મહિનામાં પોતાનો અહેવાલ રજૂ કરશે,' એમ પણ પવારે જણાવ્યું હતું.

તેમણે એવો દાવો કર્યો હતો કે, તેમના ખાતાના અધિકારીઓ દ્વારા પાર્થ પવારની કંપની (અમાડિયા એન્ટરપ્રાઇઝિસ એલએલપી)ને જમીન ટ્રાન્સફર કરવા માટે કોઈ દબાણ કરવામાં આવ્યું ન હતું.

એફઆઈઆરમાં ત્રણ વ્યક્તિઓ (દિગ્વિજય પાટિલ સહિત)ના નામ છે, પરંતુ તેમના પુત્રનું નામ નથી કારણ કે આ ત્રણ વ્યક્તિઓ દસ્તાવેજો પર સહી કરવા માટે રજિસ્ટ્રાર ઑફિસ ગયા હતા, એમ પણ અજિત પવારે વધુમાં જણાવ્યું હતું. તેમણે અધિકારીઓને કહ્યું છે કે જો તેમને તેમના સંબંધીઓ સાથે સંકળાયેલા અન્ય કોઈપણ જમીન સોદામાં કોઈ ગેરરીતિ જણાય, તો તેમણે સોદો રદ કરવો અને કાર્યવાહી ધરવી, એમ તેમણે જણાવ્યું હતું.

મીડિયાએ વિવાદ અંગે અહેવાલ આપવાનું શરૂ કર્યું ત્યારે ગુરુવારે નાગપુરમાં રહેલા ફડણવીસ સાથે તેમણે વાત કરી હતી અને મુખ્ય પ્રધાનને કહ્યું હતું કે તેઓ યોગ્ય પગલાં લઈ શકે છે, એમ પણ પવારે જણાવ્યું હતું.

અજિતે જણાવ્યું હતું કે પાર્થ પવાર આ વ્યવહારમાં સામેલ પેઢીના ડિરેક્ટર છે, તેમણે ઉમેર્યું હતું કે તેમણે 'તથ્યોને સંપૂર્ણપણે સમજવા' માટે સંબંધિત અધિકારીઓ અને તેમના પુત્ર સાથે વાત કરી હતી.

'હું સ્પષ્ટ કરવા માંગુ છું કે મેં કે મારા કાર્યાલયે કોઈપણ તબક્કે કોઈ ફોન કોલ કર્યો નથી, કોઈ મદદ કરી નથી, કે કોઈ ભૂમિકા કે યોગદાન નહોતું,' એમ નાયબ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

'હવે ઉપલબ્ધ માહિતી પરથી, એ સ્પષ્ટ થઈ ગયું કે આ ફક્ત જમીન ખરીદવાનો કરાર હતો અને પાર્થ, તેની કંપની અમાડિયા, કે મારા પરિવારના કોઈપણ સભ્ય દ્વારા વેચનારને કોઈ ચુકવણી કરવામાં આવી ન હતી અને જમીનનો કબજો પણ લેવામાં આવ્યો ન હતો. તેથી, વ્યવહાર પૂર્ણ થયો નથી,' એમ તેમણે કહ્યું હતું.

'મારો પુત્ર પાર્થ કહે છે કે પ્રસ્તાવિત સોદો કાયદાના દાયરામાં હતો. જોકે, જાહેર જીવનમાં, આપણે ગેરરીતિની શંકા પણ ઉભરવા દેવી જોઈએ નહીં. ગેરરીતિના આરોપો લાગ્યા હોવાથી, તે સોદો રદ કરવા સંમત થયો છે. વેચાણ દસ્તાવેજ રદ કરવા માટે જરૂરી દસ્તાવેજ પહેલાથી જ નોંધણી અધિકારીને સબમિટ કરવામાં આવ્યો છે,' એમ પણ પવારે કહ્યું હતું.

પિંપરી ચિંચવડ પોલીસે રજિસ્ટ્રાર ઓફિસના ઇન્સ્પેક્ટર જનરલ દ્વારા દાખલ કરાયેલી ફરિયાદ પર દિગ્વિજય પાટિલ, શિતલ તેજવાણી (જેમણે પાવર ઓફ એટર્ની દ્વારા જમીનના ૨૭૨ 'માલિકો'નું પ્રતિનિધિત્વ કર્યું હતું) અને સબ-રજિસ્ટ્રાર આર. બી. તરુ સામે કથિત ગેરઉપયોગ અને છેતરપિંડી માટે એફઆઈઆર નોંધ્યો હતો.

**તહેસીલદાર નંબર-૧ આરોપી, પણ પાર્થ પવારનું નામ... પુણે પોલીસ કમિશનર**

પુણેઃ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવાર પુણેના કોરેગાંવ પાર્કમાં ૪૦ એકર જમીન ખરીદ પ્રકરણમાં મુશ્કેલીમાં મુકાયા છે. આ મામલો પ્રકાશમાં આવ્યા બાદ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સંકેત આપ્યો હતો કે તપાસ કરવામાં આવશે અને એમાં તથ્ય હશે તો કાર્યવાહી કરવામાં આવશે. આ વિધાન પછી ચક્રો ત્વરિત ગતિમાન થયા. ગુરુવારે આ કેસમાં એફઆઈઆર નોંધવામાં આવી હતી. પુણેના પોલીસ કમિશનર અમિતેશ કુમારે શુક્રવારે મીડિયાને દાખલ કરવામાં આવેલા ગુના અંગે જાણકારી આપી હતી. અમિતેશ કુમારે જણાવ્યું હતું કે જમીન ખરીદી કેસમાં તહસીલદાર નંબર વન આરોપી છે. ફરિયાદ આવી એ અનુસાર કેસ નોંધવામાં આવ્યો છે અને સંબંધિત પ્રકરણ આર્થિક ગુના શાખા (ઇઓડબ્લ્યુ)ને સોંપવામાં આવ્યો છે.

અજિત પવારના પુત્ર પાર્થ પવાર પર વિપક્ષ દ્વારા ઘણા આરોપ મુકવામાં આવ્યો છે. અમેડિયા હોલ્ડિંગ્સ એલએલપીમાં તેમની ભાગીદારી હોવાથી તેમને નિશાન બનાવવામાં આવ્યા હતા. જોકે, આ કેસમાં પાર્થ પવાર સામે કોઈ કેસ નથી નોંધવામાં આવ્યો. સંવાદદાતાઓએ અમિતેશ કુમારને આ અંગે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે આ સમયે આ સવાલ પર ટિપ્પણી કરવી યોગ્ય નહીં ગણાય. ફરિયાદ મળી એ અનુસાર કેસ નોંધવામાં આવ્યો છે. જેમ જેમ તપાસ આગળ વધે છે, તેમ તેમ તેના વિશે વાત કરવી યોગ્ય રહેશે. અમેડિયા હોલ્ડિંગ્સ એલએલપીની નાણાકીય લેવડ દેવડ પર શંકા કરવામાં આવી રહી છે અને ઘણા પ્રશ્નો ઊભા થયા છે. શું કંપનીના તમામ ડિરેક્ટરોની તપાસ કરવામાં આવશે? એ સવાલ પુણેના પોલીસ કમિશનર અમિતેશ કુમારને પણ પૂછવામાં આવ્યો હતો. મીડિયાના સવાલોનું નિશાન પાર્થ પવાર હતા. જોકે પોલીસ કમિશનરે આ અંગે સ્પષ્ટ વાત નથી કરી. આ કેસ આર્થિક ગુના શાખા (ઇઓડબ્લ્યુ)ને સોંપવામાં આવ્યો છે, જે વધુ તપાસ કરશે. તપાસમાં જેમ જેમ તથ્યો સામે આવશે તેમ તેમ જાહેર કરવામાં આવશે.

**અજિત પવાર મુખ્ય પ્રધાન ફડણવીસને મળ્યા**

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર તેમના પુત્ર સાથે સંકળાયેલી એક પેઢી પર ગેરકાયદે જમીનના સોદામાં ગેરરીતિના ગંભીર આરોપો લાગ્યાના બીજા દિવસે એટલે કે શુક્રવારે અહીં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા.

એનસીપીના નેતાઓ પ્રફુલ્લ પટેલ અને સુનીલ તટકરે અજિત પવારની સાથે જ હતા.

મુખ્ય પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન 'વર્ષા' ખાતે યોજાયેલી બેઠક લગભગ ૩૦ મિનિટ સુધી ચાલી હતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

મહારાષ્ટ્રના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ શુક્રવારે વિપક્ષને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ સાથે જોડાયેલી એક કંપની દ્વારા ૩૦૦ કરોડ રૂપિયાના પુણે જમીન સોદા પર ઉચ્ચ સ્તરીય સમિતિ પોતાનો અહેવાલ રજૂ કરે ત્યાં સુધી એક મહિના રાહ જોવા વિનંતી કરી હતી.

અજીત પવારના રાજીનામાની માગણી કરતા વિપક્ષી નેતાઓના જવાબમાં, બાવનકુળેએ પત્રકારોને જણાવ્યું હતું કે રાજ્ય સરકારે આ મામલાની તપાસ માટે અધિક મુખ્ય સચિવ (મહેસૂલ) વિકાસ ખર્ગેની આગેવાની હેઠળ પાંચ સભ્યોની સમિતિની રચના કરીને ઝડપી કાર્યવાહી કરી છે.

'સમિતિ એક મહિનામાં પોતાનો રિપોર્ટ રજૂ કરશે. રિપોર્ટ મળ્યા પછી, સંડોવાયેલા દરેક વ્યક્તિ સામે કાર્યવાહી કરવામાં આવશે. આરોપો અને પ્રતિઆક્ષેપોમાં સામેલ થવાને બદલે, રિપોર્ટની રાહ જોવી વધુ સારી છે,' એમ તેમણે જણાવ્યું હતું.

પાર્થ પવાર સાથે જોડાયેલી એક પેઢી સાથે સંકળાયેલા ૪૦ એકરના પ્લોટ માટે ૩૦૦ કરોડ રૂપિયાના સોદામાં અનિયમિતતાના આરોપો છે અને રાજકીય વિવાદ શરૂ થયો છે.

## ફોઈ, મેં કંઈ

કહે છે કે મેં તેના પર સહી કરી નથી, તેથી જો મેં તેના પર સહી ન કરી હોય, તો વ્યવહાર કેવી રીતે થયો?'એમ સુપ્રિયા સુળેએ પૂછ્યું છે.

સુપ્રિયા સુળેએ કહ્યું હતું કે, 'હા, મેં સવારે પાર્થ પવારને ફોન કર્યો અને પૂછ્યું કે વાસ્તવિક મુદ્દો શું છે, કૃપા કરીને મને સમજાવો. આના પર પાર્થ પવારે મને કહ્યું કે ફોઈ, મેં કંઈ ખોટું કર્યું નથી અને મેં મારા વકીલો સાથે વાત કરી છે. તેથી જો પાર્થ પવારે તેમના વકીલો સાથે વાત કરી છે, તો વકીલો આ સમજાવશે.'

## કાનૂની કાર્યવાહી

કરીને ટ્રેનોને રોકી દીધી હતી. લોકલ ટ્રેનસેવા ઠપ થવાને કારણે સેન્ડહર્સ્ટ રોડ સ્ટેશન નજીક પ્રવાસીઓ ટ્રેક પર ચાલીને જઈ રહ્યા હતા, ત્યારે ટ્રેનની ટક્કરનો ભોગ બન્યા હતા, પરંતુ મુંબઈ સબર્બન રેલવેમાં છાશવારે લોકલ ટ્રેન ખોટકાય અને ટ્રેનો મોડી પડવાને કારણે અંધાધૂંધી સર્જાય છે, પણ વાસ્તવમાં જવાબદારી અંગે રેલવે હંમેશાં હાથ ખંખેરી લેતી હોય છે, પણ નિર્દોષ પ્રવાસીઓના જીવનના મૂલ્યનું શું?

**જવાબદાર લોકો સામે કાર્યવાહી કરો**

આ અકસ્માત અંગે રેલવે એક્ટિવિસ્ટ સમીર ઝવેરીએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે સેન્ડહર્સ્ટ રોડ સ્ટેશને જે અકસ્માત થયો તેના માટે રેલવેએ જવાબદાર તત્ત્વો વિરુદ્ધ કાનૂની પગલાં ભરવા જોઈએ. આંદોલન કરનારા કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. એટલું નહીં હડતાળનું આયોજન કરનારાને નોકરીમાંથી બરતરફ કરવા સુદ્ધા કાર્યવાહી કરવી જોઈએ. ટ્રેન ઓપરેશનને રોકનારા કર્મચારીઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધાવવો જોઈએ. રેલવે સ્ટેશનના સીસીટીવી ફૂટેજ જોઈને અચૂક કાર્યવાહી કરવી જોઈએ, એમ એક્ટિવિસ્ટે જણાવ્યું હતું.

**યુનિયન સામે પગલાં ભરવા જરૂરી**

રેલ યાત્રી પરિષદ ઓલ ઈન્ડિયા સિટીઝન ટ્રાન્સપોર્ટ કમિટીના મંત્રી સુભાષ ગુપ્તાએ કહ્યું હતું કે રેલવે અકસ્માત માટે જવાબદાર રેલવે યુનિયન જ કહી શકાય. રેલવે યુનિયને કોઈ પણ સૂચના કે અલ્ટિમેટમ આપ્યા વિના આંદોલન કર્યું એ વાસ્તવમાં પગલું બિનજવાબદાર હતું, જેનાથી લોકલ ટ્રેનસેવા ઠપ થઈ હતી અને એના પછી અંધાધૂંધી સર્જાઈ એના માટે ફક્ત જવાબદાર સંગઠન જ ગણાય.

**અકસ્માતની તપાસ નિવૃત્ત જજ દ્વારા થવી જોઈએ**

મુંબઈ ઉપનગર રેલવે પ્રવાસી એકતા સંસ્થા (મહાસંઘ)ના પ્રમુખ લતા અરગડેએ મધ્ય રેલવેના જનરલ મેનેજરને મુમ્બ્રા રેલવે અકસ્માતની તપાસ નિવૃત્ત ન્યાયાધીશના નેતૃત્વ હેઠળ કરવાની માગણી કરી હતી. દરમિયાન સેન્ડહર્સ્ટ રોડ સ્ટેશનના અકસ્માત માટે જવાબદાર તત્વો સામે કડક પગલાં ભરવાનો અનુરોધ કર્યો હતો.

**સોશિયલ મીડિયા પર પ્રશાસન વિરુદ્ધ યૂઝર્સે નારાજગી વ્યક્ત કરી**

એડવોકેટ કંચન ગનસાનીએ સેન્ડહર્સ્ટ રોડ સ્ટેશન નજીકના અકસ્માત અંગે પ્રશાસન વિરુદ્ધ જોરદાર નારાજગી વ્યક્ત કરી હતી. રેલવે કર્મચારીઓની મનમાની અને ગેરવર્તણૂકને ચલાવી લેવા બદલ ડીઆરએમ અને જનરલ મેનેજરે જવાબદારી સ્વીકારવી જોઈએ. આ નિષ્ફળતા બદલ જનરલ મેનેજરે રાજીનામું આપવું જોઈએ એવી એક્સ પર ટવિટ પણ લખી હતી. અન્ય એક યૂઝરે લખ્યું હતું કે મોડી રાતના પ્રવાસીઓને અગવડ પડે નહીં એ રીતે હડતાળ પાડવી જોઈએ. સરકાર સામે વિરોધ હોય તો મંત્રાલય સામે વિરોધ પ્રદર્શન કરવું જોઈએ, પરંતુ નિર્દોષ પ્રવાસીઓના ભોગે આ પ્રકારના હિન કક્ષાના પ્રદર્શનો કઈ રીતે ચલાવી લેવાય?

**રેલવે યુનિયને શું કર્યો દાવો**

સીઆરએમએસ (સેન્ટ્રલ રેલવે મજદૂર યુનિયન)એ કહ્યું હતું કે ગુરુવારનું આંદોલન સ્વયંસ્ફુરિત હતું. પણ આ આંદોલન વખતે કર્મચારીઓએ પ્રવાસીઓ કે મોટરમેનને અટકાવ્યા નહોતા. પણ સેન્ડહર્સ્ટ રોડ સ્ટેશન ખાતે જે અકસ્માત થયો એ કમનીસબ છે, પરંતુ આ ટ્રેજડી માટે સંગઠન જવાબદાર નથી.

**રેલવે પોલીસ શું કરશે?**

અકસ્માત મુદ્દે એડીઆર નોંધાયો છે. જોકે સરકારી રેલવે પોલીસ (જીઆરપી)ના આસિસ્ટંટ પોલીસ કમિશનર (એસીપી) દ્વારા તપાસ કરવાનો આદેશ આપ્યો છે. સીએસએમટીમાં આંદોલન કર્યા પછી ટ્રેનસેવા રોકવામાં આવ્યા પછી લગભગ એક કલાક ટ્રેન બંધ રહી હતી, ત્યાર બાદ સેન્ડહર્સ્ટ રોડ સ્ટેશને ટ્રેન અકસ્માતમાં બે જણના મોત થયા હતા.

# હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

બકુલેશ મંજુલાબેન રામજીભાઇ કોટેચા ગામ કચ્છ તુણા રામપર, હાલ મુલુંડ (ઉં.વ. ૭૧) તા. ૫-૧૧-૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે ભાવનાબેનના પતિ. તે ઇશા શ્રેણિક કોટેચા અને રાશી હાર્દિક કોટેચાના પિતાશ્રી. ગોદાવરીબેન બાબુભાઇ જીવરાજ ખખ્ખર માટું ગાવાળાના જમાઇ. અવિશ્નભાઇ, નિરુપમાબેન જોબનપુત્રા અને પૂર્ણિમાબેન મડિયારના ભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૯ નવેમ્બર ૨૦૨૫ના સાંજના ૪થી ૫.૩૦. ઠે. રૂણવાલ એન્થુરીયમ-ધ કલબ બેંકવેટ, પોડીયમ, રૂણવાલ એન્થુરીયમ, વીના નગરની સામે, એલ.બી.એસ. માર્ગ મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. સાગર મહેશ ઠક્કર (ઉં. વ. ૩૮) ગામ સંગડ નિવાસી હાલ મુલુંડ અ. સૌ. દિના મહેશ જાદવજી ઠક્કરના પુત્ર. તે ઉર્વીના પતિ. હાર્દિકના ભાઇ. તે અ. સૌ. મીના ભરત માવજી ભલ્લાના જમાઇ તા. ૪-૧૧-૨૫ના રામશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૮-૧૧-૨૫ના શનિવારના સાંજે ૫થી ૭. ઠે. મહાજન વાડી, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ). બને પક્ષની પ્રાર્થનસભા રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

મૂળ ગામ ઉસરડ હાલ બોરીવલી ગીરીશકુમાર ચંદ્રકાન્ત જાની (ઉં. વ. ૭૩) તા. ૫-૧૧-૨૫ના અક્ષરવાસી પામ્યા છે. તે સ્વ. ચંદ્રકાન્ત પ્રભાશંકર જાની અને સ્વ. મનોરમા જાનીના સુપુત્ર. રંજનબેન જાનીના પતિ. જતીન અને જીગરના પિતા. પ્રજ્ઞાબેન ભટ અને ભરતકુમાર જાનીના ભાઇ અને સ્વ. ભૂપતરાય દયાશંકર જોશીના જમાઇ. પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**સોરઠિયા પ્રજાપતિ**

ગામ લાટી, હાલ દહીંસર, પુરુષોત્તમભાઈ દિનુભાઈ દેવળીયા (ઉં. વ. ૬૮) તા.૩૦-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે મુક્તાબેનના પતિ. જીગ્નેશ, કેતન અને હિના શાહના પિતા. ડિમ્પલ, વૈશાલી અને આશિષ શાહના સસરા. મયંક, સ્તુતિ અને ફલકના દાદા. ધ્રુવ અને ધન્વીના નાના. સ્વ. ઘેલાભાઈ તથા દેવીબેનના જમાઈ.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

બાબરાવાળા હાલ અમરેલી, ભોગીલાલ ત્રિભોવનદાસ છાટબાર (ઉં.વ.૮૩) તા. ૫-૧૧-૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. મુકેશ, સ્વ. કમલેશ, કિરીટ, ચંદ્રાબેનના પિતા. સ્વ. વૃજલાલ હીરાલાલ નિર્મળના બનેવી. સ્વ. મહેન્દ્ર રામજી આશરાના સાઢુભાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સમસ્ત દરજી સમાજ બાબરીયા વાડ**

ગામ ખાંભલિયા નિવાસી, હાલ મીરારોડ, સ્વ. આતુભાઈ કાળાભાઈ પરમારના ધર્મપત્ની સ્વ. શાંતાબેન આતુભાઈ પરમાર (ઉં. વ. ૯૦) ગામ પીપળવા નિવાસી, સ્વ. ગંગાબેન તથા સ્વ. જેરામભાઈ નથુભાઈ સોલંકીના દીકરી. ભીખુભાઈ, કાંતિભાઈ, વિનોદભાઈ, રાજુભાઈના માતુશ્રી. મીનાબેન, સ્વ. કમુબેન, નીલાબેન, મીતાબેનના સાસુમા. વિરલ, ચિરાગ, મનીષ, મેહુલ, કીર્તન, કરન, માનવ, દર્શન, અપેક્ષા, ઉપાસનાના દાદીમા. પ્રાર્થનાસભા તા. ૮/૧૧/૨૫ને શનિવારે ૩.૩૦ થી ૫.૩૦. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, હાલાઈ લોહાણા મહાજન વાડીની સામે, પારેખ લેન કોર્નર, એસ.વી. રોડ, કાંદીવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**લુહાર સુતાર જ્ઞાતિ**

ગામ ગાધેસર હાલ દહિસર પૂર્વ કાંતિભાઈ બચુભાઈ પીઠવા તા. ૪/૧૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે મંજુલાબેન પીઠવાના પતિ. પ્રહલાદભાઈ અને જયેશભાઇ, હંસાબેન નટવરભાઈ મકવાણા, હીનાબેન ગોપાલભાઈ વાળાના પિતાશ્રી. મીનાક્ષીબેન, મનીષાબેનના સસરા. સ્વ. કેશુભાઈ, રમેશભાઈ, અમૂભાઈ, દિનેશભાઇના મોટાભાઈ. બીલાવાળા સ્વ. લવજીભાઈ વેલજીભાઇ કનાડિયાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૮/૧૧/૨૫ શનિવારના સાંજે, ૫ થી ૭. ઠે. લુહાર સુતાર વેલ્ફેર સેંટર, કાર્ટર રોડ નં. ૩, બોરીવલી ઈસ્ટ.

**ગોમતીવાદ બ્રાહ્મણ**

મૂળ સંતરામપુર હાલ મુંબઈ, ધ્રુવકાંતભાઈ વિનાયકરાવ ઉપાધ્યાય (ઉં. વ. ૮૨) તા. ૨/૧૧/૨૫ રવિવારે અવસાન પામ્યા છે. તે વિનાયકરાવ નાથજી ઉપાધ્યાયના પુત્ર. કુમુદબેનના પતિ. મિલિન્દ તથા પારુલના પિતા. અલકાના સસરા. દિશાંકના દાદા. સાસરાપક્ષે કાંતિલાલ અમૃતલાલ ઉપાધ્યાયના જમાઈ. તેમની ઉત્તરક્રિયા વિધિ અમદાવાદ મુકામે રાખેલ છે.

**દશા મોઢ માંડલીયા વણિક**

ચોરવાડ નિવાસી હાલ બોરીવલી, વિનોદચંદ્ર નગીનદાસ મોતીલાલ શાહ (ઉં. વ. ૮૮) તા. ૫/૧૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પ્રતિમાબેનના પતિ. શર્મિલા શશાંક વોરા, ફાલ્ગુની દિલીપ ગોગરી, ડિમ્પલ પિયુષ શાહના પિતાશ્રી. શોધન, કૃતિ, સિદ્ધાર્થ નાગદા, દેવાંશીના નાના. સ્વ. મધુસુદન, સ્વ. ઇન્દુમતી લક્ષ્મીદાસ શાહ, સ્વ. જસુમતી હરકિશનદાસ રાઠોડ, સ્વ. કુમુદબેન શાહના ભાઈ. સ્વ.સાવિત્રીબેન તથા સ્વ. કાંતિલાલ શામળજી પટેલના જમાઈ. પ્રાર્થનાસભા પાવનધામ તા. ૮/૧૧/૨૫ના શનિવાર ૪ થી ૬. સ્થળ : પાવનધામ પાસે, એમ.સી.એ.ક્લબ, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

# પારસી મરણ

રોશન રુસ્તમ દવીએરવાલા (ઉં. વ. ૯૨) તા. ૫-૧૧-૨૫ના રોજ ગુજરી ગયાં છે. તે મરહુમ રુસ્તમ અરદેશીર દવીએરવાલાનાં પત્ની. તે મરહુમ સોરાબજી રુસ્તમજી મિરઝા અને મરહુમ મમઇ સોરાબજી મિરઝાનાં દીકરી. તે સરોશ નવરોઝ કાપડિયા, દિલનવાઝ મિરઝા શર્માના માતુશ્રી. તે નવરોઝ અદી કાપડિયા અસિત શર્માના સાસુ, તે આયેશા, ઇવમવિદ, આર્યા, એકાર્થનાં ગ્રાન્ડમધર. ઠે.૧૫૪, ડાયલ મહલ, દલામલ પાર્ક, કફ પરેડ. મુંબઇ-૫.

ઝીનોબિયા સોરાબ મીસ્ત્રી તે સોરાબ ફરદૂનજી મિસ્ત્રીના ધણીયાની. તે મરહુમો શીરીન તથા શાવકશા ઇરાનીના દીકરી. તે મીનુ ને માનેકના મમ્મી. તે બખ્તાવર ને ધનના સાસુજી. તે સરોશ, ઝરીન ને શેરનાઝના બહેન. તે પરવેઝ ને કૈયનાઝના બપયજી. (ઉં. વ. ૭૮) રે. ઠે. સી-૪૦૨, ઝીનોબિયા સોરાબ મિસ્ત્રી, પ્રીમીયર રેસીડન્સી, ઝંડા ચોક, ઉદવાડા, ૩૯૬૧૮૦. ઉઠમણાંની ક્રિયા તા. ૮-૧૧-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની ભાભા બંગલી નં.૨માં.

# જૈન મરણ

**સ્થાનકવાસી જૈન**

મૂળ ધોરાજી ગોંડલ નિવાસી હાલ વસઈ, અમૃતલાલ તારાચંદ કામદારના સુપુત્ર ગિરીશ (બકુલ) (ઉં.વ.૬૫) હિરેન, પલકના પિતાશ્રી. સરિતા, મહેશના સસરા. નૈતિક, મિતાંશના દાદા. સ્વ. ચુન્નીલાલ ભાણજી પારેખના જમાઈ. સ્વ. સરોજબેન ભરવાડા, હંસાબેન મારફતિયા, ઉષાબેન દોશીના ભાઈ. તા. ૦૪/૧૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૯/૧૧/૨૦૨૫ના ૩ થી ૫. જૈન ઉપાશ્રય, ગુજરાતીશાળા પાછળ, માણેકપુર, વસઈ પશ્ચિમ.

**ઝાલાવાડી સ્થાનકવાસી વિશા શ્રીમાળી જૈન**

મૂળ વતન મૂળી હાલ મુંબઈ, શ્રીમતી સ્મિતાબેન અને સ્વ. ભરતભાઈ શાહના સુપુત્રી અપર્ણા ભરતભાઈ શાહ (ઉં.વ.૪૮) તે સ્વ. સવિતાબેન અને પૂનમચંદભાઈની પૌત્રી. અમિત ભરતભાઈ શાહની બહેન. નિપા અમિત શાહના નણંદ, આશીતાબેન અને સ્વ. કાંતિભાઈ તલકચંદ શેઠની દૌહિત્રી, તા. ૦૭-૧૧-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તેમની સ્મૃતિસભા રવિવાર તા. ૦૯-૧૧-૨૫ના ૧૦.૩૦ થી ૧૨, સ્થળઃ ભારતીય વિદ્યાભવન ઓડિટોરિયમ, ૨૯, કે. એમ. મુન્શી માર્ગ, ગામદેવી, ચોપાટી, મુંબઈ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના રતાડીયાના શ્રી મોનીત મોહનલાલ દેઢિયા (ભાટે) (ઉં. વ. ૫૪) તા. ૬-૧૧ના અવસાન પામેલ છે. મંજુલાબેન મોહનલાલના પુત્ર. નિર્મલા વસંતલાલ સુંદરજીના જમાઈ. ભાવનાના પતિ. આદિત્ય, નીશીના પિતા. રાહુલના ભાઈ. પ્રાર્થના : શ્રી કચ્છી જૈન ભવન, સાંગલી. ટા. ૪ થી ૫.

સાડાઉના માતુશ્રી શાંતાબેન કાંતિલાલ ખુથીયા (ઉં. વ. ૮૬) તા. ૫-૧૧-૨૫ ના અરિહંત શરણ પામેલ છે. પાંચીબાઇ લાલજીના પુત્રવધૂ. કાંતિલાલના ધર્મપત્ની. કિરણ, નીતા, હીના, બીનાના માતુશ્રી. બારોઈ મુરીબાઈ મોરારજી કેશવજી કેનીયાની સુપુત્રી. પ્રવિણચંદ્ર, નવીનચંદ્ર, વસંતભાઈ, હરખચંદના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રી.સં.સં. શ્રી કરસન લઘુ નિસર હોલ, ૧લે માળે, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦.

**ઝાલાવાડ શ્વે. મૂ. વિશા શ્રીમાળી જૈન**

વઢવાણ નડિયાદ નિવાસી હાલ કાંદિવલી, મહેન્દ્રભાઈ શાહના પત્ની કલ્પનાબેન (ઉં. વ. ૭૯) તા. ૬/૧૧/૨૫ના ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. તે પૂર્વીબેન કલ્પેશકુમાર ગાંધી તથા શીતલબેન રાહુલકુમાર શાહના માતા. સ્વ. કાંતિભાઈ, સ્વ. ચંદ્રકાન્તભાઈ, ડૉ. પંકજભાઈ, રશ્મિનભાઈ, શારદાબેન મહાસુખલાલ શાહ તથા સ્વ. રંજનબેન વિરેન્દ્રભાઈ શાહના ભાભી. કરમસદવાળા સ્વ.મણીભાઈ ઈશ્વરભાઈ પુરોહિતના દીકરી. સ્વ. મૃદુલાબેન મધુસુદનભાઈ પુરોહિત તથા સ્વ.નયનાબેન હર્ષવર્ધનભાઈ શાહના બેન. પ્રાર્થનાસભા તા. ૮/૧૧/૨૫ના શનિવારે ૩ થી ૫. સ્થળ : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, પારેખ ગલ્લી, એસ.વી.રોડ, કાંદિવલી વેસ્ટ.

**રાયદેશ દશા હુંમડ દિગંબર જૈન**

મઉ નિવાસી હાલ કાંદીવલી, શાહ પ્રકાશચંદ્ર જીવરાજ (ઉં. વ. ૭૦) તે સુધાબેનના પતિ. પ્રતિક, હેતુલના પિતા. પાયલ, ખ્યાતિના સસરા. સોનમ, આત્મિક, જિયાન, જૈવિકના દાદા. સ્વ. ચીમનભાઈ, સ્વ. નરેશભાઈ, સ્વ. શારદાબેન, સ્વ. લીલાબેન, મીનાબેનના ભાઈ. પોશીના નિવાસી હાલ માલાડ, ગં. સ્વ. શાંતાબેન અમૃતલાલ શાહના જમાઈ તા. ૨૮-૧૦-૨૫ને મંગળવારના અરિહંતશરણ થયા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર તા. ૮-૧૧-૨૫ના ૧થી ૩. ઠે. લોહાણા બાલાશ્રમ હોલ, મથુરાદાસ એક્ષ્ટેંશન રોડ, અતુલ ટાવર પાસે, કાંદીવલી વેસ્ટ.

## દીકરી હેલીના

અન્ય બે જણ ઘવાયા હતા. જખમીઓમાંથી બેને હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ અકસ્માતમાં મૃત્યુ પામેલા અને જખમીઓને જે. જે. હૉસ્પિટલમાં લઈ જવાયા હતા. હૉસ્પિટલની કાર્યવાહી પછી હેલીનો મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો. શુક્રવારે તેના શબના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. આ કમકમાટીભરી ઘટના માટે જવાબદાર કોણ એવો પ્રશ્ન રેલવેના અધિકારીને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો ત્યારે તેમણે કોઈ પણ સંજોગોમાં પ્રવાસીઓએ ટ્રેનમાંથી ઊતરીને પાટા પર ન ચાલવું જોઈએ અને આ અંગે રેલવે દ્વારા વારંવાર સૂચના આપવામાં આવે છે, એવો જવાબ આપ્યો હતો. આવા જવાબ સામે હેલીના પિતા પ્રિયેશ મોમાયાએ સખત વિરોધ નોંધાવ્યો હતો. તેમનું કહેવું છે કે આ ઘટના માટે રેલવે જ જવાબદાર છે.

પ્રિયેશભાઈએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે ખાસ્સો સમય સુધી ટ્રેન એક જ જગ્યાએ ઊભી હોય અને પછી એવી જાણ થાય કે કર્મચારીઓએ હડતાળ કરીને ટ્રેનો બંધ કરી છે તો પ્રવાસીઓ પોતપોતાના સ્થળે જવા માર્ગ શોધવા માંડે છે. અન્ય પ્રવાસીઓને ટ્રેનમાંથી ઊતરીને ચાલતા જોઈને હેલી પણ ઊતરી હશે. હડતાળ પાછી ખેંચાઈ છે અને ટ્રેનો શરૂ થઈ રહી છે એ અંગે પણ રેલવેએ તાત્કાલિક પ્રવાસીઓને જાણ કરવી જોઈતી હતી અથવા એનાઉન્સમેન્ટ કરવી જોઈતી હતી. આ રેલવેની જ બેદરકારી છે, જેને કારણે મારી દીકરીએ જીવ ગુમાવ્યો છે. આ માટે હું રેલવે સામે એફઆઈઆર નોંધાવવાનો વિચાર કરી રહ્યો છું. માટુંગા પૂર્વના આંબેડકર રોડ પરની ઈમારતમાં રહેતી હેલી ફોઈ ખુશ્બૂ મોમાયા સાથે ગુરુવારની સાંજે દક્ષિણ મુંબઈના કાલા ઘોડા પરિસરમાં આવવા ઘરેથી નીકળી હતી. આ ઘટનામાં ખુશ્બૂ મોમાયા ઘાયલ થયાં હતાં. સોમૈયા કૉલેજના બીએના બીજા વર્ષમાં ભણતી હેલીનો ૧૭ સપ્ટેમ્બરે જન્મદિન હતો.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




# એન્જિયોપ્લાસ્ટી કે ઓપન-હાર્ટ બાયપાસ સર્જરી?

**જ્યારે** બ્રીચ કેન્ડીના ૫૨ વર્ષીય બિઝનેશમેન રમેશ શાહને એક બપોરે છાતીમાં ભારેપણું લાગવા માંડ્યું, ત્યારે તેમણે વિચાર્યું હતું કે તે એસિડિટી છે. થોડા કલાકોમાં જ, તેઓ ICUમાં હતા અને તેમને હૃદયરોગનો મોટો હુમલો આવ્યો હતો. તેમના પરિવારને ડર હતો કે તેમને ઓપન-હાર્ટ બાયપાસ સર્જરીની જરૂર પડશે. પરંતુ ૪૫ મિનિટમાં, તેમની ૧૦૦% બ્લોક થયેલી ધમની એન્જિયોપ્લાસ્ટી દ્વારા ખોલવામાં આવી હતી- જે એક ન્યૂનતમ ઈનવેસીવ પ્રક્રિયા હતી જેણે તેમનો જીવ બચાવ્યો હતો. બે દિવસ પછી, તેમના બાકીના બ્લોકેજીસની પણ સ્ટેન્ટથી સફળતાપૂર્વક સારવાર કરવામાં આવી હતી.

રમેશના જેવી વાર્તાઓ વધુને વધુ સામાન્ય બની રહી



છે. જેમ જેમ હૃદયરોગ વિશે જાગરૂકતા વધતી જાય છે, દર્દીઓ દ્વારા સૌથી વધુ વારંવાર પૂછાતો પ્રશ્ન : ''ડોક્ટર, મારે બાયપાસ સર્જરી કરાવવી જોઈએ કે એન્જીયોપ્લાસ્ટી?''

બંને સારવાર બ્લોક થયેલી ધમનીઓ માટે પુરવાર થયેલ સારવાર છે. પરંતુ વાસ્તવિક પ્રશ્ન ફક્ત એ નથી કે કઈ પ્રક્રિયા પસંદ કરવી, પણ તે કોણ કરે છે તે છે.




## સ્ટીલથી વધુ કુશળતા

ઘણા દર્દીઓ ધારે છે કે સ્ટેન્ટની બ્રાન્ડ અથવા કિંમત સફળતા નક્કી કરે છે. હકીકતમાં, સ્ટેન્ટ ફક્ત તે હાથ જેટલું અસરકારક છે જે તેને મૂકતા હોય છે. દક્ષિણ મુંબઈના અગ્રણી ઇન્ટરવેન્શનલ કાર્ડીયોલોજિસ્ટ ડો. **તનય પાડગાંવકરના** મતે, ''એન્જિયોપ્લાસ્ટી એ વિજ્ઞાન જેટલી જ કલા છે. બે ડોકટરો એક જ સ્ટેન્ટનો ઉપયોગ કરી શકે છે, છતાં પરિણામો અલગ અલગ હોય છે. જે મહત્ત્વનું છે તે સચોટ મૂલ્યાંકન, વાહિનીઓની તૈયારી અને ચોક્કસ વિસ્તરણ છે.''

***બ્રીચ કેન્ડી, સૈફી અને ભાટિયા હોસ્પિટલો સાથે*** જોડાયેલા ડો. પાડગાંવકરે અત્યાધુનિક ઇમેજિંગ અને અદ્યતન સાધોનોનો ઉપયોગ કરીને સેંકડોની સંખ્યામાં જટિલ એન્જિયોપ્લાસ્ટી કરી છે.

તેઓ સમજાવે છે, ''આજે, આપણે સૌથી વધુ કેલ્સિફાઇડ અને ગૂંચવણભરી ધમનીઓની પણ ચોકસાઈ અને સલામતી સાથે સારવાર કરી શકીએ છીએ, જો આપણે યોગ્ય ટેક્નોલોજી અને અનુભવનો ઉપયોગ કરીએ.''

## રિકવરી અને રોજિંદુ જીવનઃ

એન્જિયોપ્લાસ્ટી બાયપાસ સર્જરી કરતાં સ્પષ્ટ, વ્યવહારુ ફાયદા આપે છે:

- **ઓછામાં ઓછા ઈન્વેસીવઃ** કાંડા અથવા જંઘામૂળમાં માત્ર એક નાનું પંક્ચર
- **ઝડપી રિકવરીઃ** મોટાભાગના દર્દીઓ ૧-૨ દિવસમાં ઘરે પાછા ફરે છે અને એક અઠવાડિયામાં સામાન્ય જીવન ફરી શરૂ કરે છે
- **ઓછી ટૂંકા ગાળાની ગૂંચવણોઃ** ન્યૂનતમ રક્તસ્રાવ, ચેપ અથવા દુખાવો
- **રીપીટેબલઃ** જો નવા બ્લોકેજ થાય તો પ્રક્રિયા સુરક્ષિત રીતે ફરીથી કરી શકાય છે
- **ઓછો વિક્ષેપઃ** છાતીમાં કોઈ ચીરો નહીં, લાંબા પુનર્વસન નહીં

તુલનાત્મક રીતે, બાયપાસ સર્જરીનો અર્થ સામાન્ય રીતે હોસ્પિટલમાં ૫-૭ દિવસ અને લગભગ ૨ મહિનાની રિકવરી થાય છે, જેમાં ઘાના ચેપ, રક્તસ્રાવ અથવા ફેફસામાં ગૂંચવણોનું જોખમ વધારે હોય છે. બહુવિધ બ્લોકેજીસ ધરાવતા ઘણા લોકો માટે, એન્જિયોપ્લાસ્ટી સરળ રીતે વધુ કાર્યક્ષમ અને ઓછો આઘાતજનક માર્ગ છે.

## શું બાયપાસની હજુ પણ ભૂમિકા છે



કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટ (CABG)

બાયપાસ સર્જરી પસંદગીના કેસોમાં મૂલ્યવાન રહે છે - જેમ કે ડિફ્યુઝ બ્લોકેજીસ અને ટ્રિપલ-વેસલ ડિસીઝ બ્લોકેજીસ જે એન્જિયોપ્લાસ્ટી માટે યોગ્ય નથી. આ માટે, લાંબા ગાળાનું ગ્રાફ્ટ ટકાઉપણું એક ફાયદો હોઈ શકે છે. પરંતુ બે કે ત્રણ મેજર બ્લોકેજીસ ધરાવતા મોટાભાગના લોકો માટે એન્જિયોપ્લાસ્ટી ઓછી ઇજા અને ઝડપી રીકવરી સાથે તુલનાત્મક જીવન ટકાવી રાખવાની તક આપે છે.

આજના યુગમાં, નવીનતમ પેઢીના દવાયુક્ત સ્ટેન્ટ અને એન્જિયોપ્લાસ્ટી કરતી વખતે ઇમેજિંગ માર્ગદર્શન સાથે, લાંબા ગાળાના પરિણામો બાયપાસ સર્જરી જેવા જ છે. સૌથી અગત્યનું, એન્જિયોપ્લાસ્ટી સ્થાનિક એનેસ્થેસિયા હેઠળ કરી શકાય છે, જે બાયપાસ સર્જરી સાથે સામાન્ય એનેસ્થેસિયા અને લાંબા સમય સુધી ICUમાં રહેવાના જોખમોને ટાળે છે.

## એક આધુનિક, સુરક્ષિત પસંદગી

ભારતમાં વાર્ષિક *૩ મિલિયનથી વધુ એન્જિયોપ્લાસ્ટી* કરવામાં આવે છે અને ટેકનોલોજી અને તાલીમમાં સુધારો થતાં આ સંખ્યા સતત વધતી રહે છે.

ડો. પાડગાંવકરને એન્જીયોપ્લાસ્ટીમાં જટિલ એન્જિયોપ્લાસ્ટી અને ઇમેજિંગ માટે અમેરિકા, યુરોપ અને દક્ષિણ કોરિયામાં ફેલોશિપ સાથે વ્યાપક તાલીમ આપવામાં આવી છે. તેમનો અત્યંત ઊંચો સફળતા દર અને ખૂબ જ ઓછો જટિલતા દર એ કારણ છે કે તેમને ૨૦૨૫માં આઉટલુક મેગેઝિન દ્વારા મુંબઈમાં ટોચના ૫ ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટમાંના એક તરીકે પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

## સંચાલકથી ફરક પડે છેઃ

દુનિયાનું શ્રેષ્ઠ સ્ટેન્ટ નબળી ટેક્નિક અથવા ખોટી સમજણ માટે ભરપાઈ કરી શકતું નથી. સફળ એન્જિયોપ્લાસ્ટી સારી કુશળતાઓ પર આધાર રાખે છેઃ ચુસ્ત જખમમાંથી વાયરિંગ, બ્લોકેજનું મૂલ્યાંકન અને ધમનીના વિવિધ કદને ફિટ કરવા માટે એક કદના સ્ટેન્ટને સંપૂર્ણ રીતે વિસ્તૃત કરવા.

ડો. પાડગાંવકર કઠણ ધમનીઓ માટે રોટાબ્લેશન અને *ઇન્ટ્રાવાસ્ક્યુલર લિથોટ્રિપ્સી (શોકવેવ)* જેવી અદ્યતન તકનીકોમાં નિષ્ણાત છે - એવી પ્રક્રિયાઓ જેમાં અત્યંત ચોકસાઈ અને નિયંત્રણની જરૂર હોય છે. બાયપાસ સર્જરીની જરૂર હોય તેવા જટિલ બ્લોકેજીસ અને બહુવિધ બ્લોકેજીસની સારવારમાં તેમના અનુભવે તેમને મુંબઈમાં નિષ્ણાત ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ તરીકે ખૂબ જ પ્રતિષ્ઠા અપાવી છે.

''દર્દીઓ ઘણીવાર મને પૂછે છે કે કયો સ્ટેન્ટ પસંદ કરવો,'' તે કહે છે. ''મારો જવાબ સરળ છે - પહેલા તમારા કાર્ડિયોલોજિસ્ટને પસંદ કરો. સ્ટેન્ટ મૂકનારાના હાથ કુશળ અને અનુભવી હોય તો જ તે કામ કરશે.''



## સલામતી, ટેકનોલોજી અને ચોકસાઇ

ડો. પાડગાંવકર *ઇન્ટ્રાવાસ્ક્યુલર અલ્ટ્રાસાઉન્ડ* ***(IVUS)*** *અને ઓપ્ટિકલ કોહેરેન્સ ટોમોગ્રાફી* ***(OCT)***નો ઉપયોગ ધમનીની અંદર જોવા માટે કરે છે જે પ્લેક-બ્લોકેજની માત્રા, વાહિની વ્યાસ અને સૌથી નાની ચોકસાઈ સાથે કેલ્શિયમને માપે છે. આ ઇમેજિંગ સ્ટેન્ટ પ્લેસમેન્ટને ચોક્કસતા તરફ દોરી જાય છે.

ઓપન-હાર્ટ બાયપાસ સર્જરી, અસરકારક હોવા છતાં, ટૂંકા ગાળાના જોખમો અને લાંબા સમય સુધી રીકવરી ધરાવે છે, ખાસ કરીને ડાયાબિટીસ, કિડની રોગ અથવા નબળા હૃદય ઇજેક્શન ફંક્શન ધરાવતા દર્દીઓમાં.

બે લાખથી વધુ દર્દીઓના વૈશ્વિક વિશ્લેષણમાં બાયપાસ સર્જરી માટે 30-દિવસનો મૃત્યુદર લગભગ ૨.૫% અને હોસ્પિટલમાં મૃત્યુદર ૫.૬% જોવા મળ્યો હતો. જ્યારે એન્જિયોપ્લાસ્ટી માટે ફક્ત ૦.૭૫% જોવા મળ્યો હતો.

ભારતીય કેન્દ્રોમાં, ***હાર્ટ એટેક માટે પ્રાથમિક એન્જિયોપ્લાસ્ટીમાં મૃત્યુદર લગભગ ૫%*** દર્શાવવામાં આવ્યો હતો જે હોસ્પિટલ પહોંચવામાં વિલંબને કારણે છે. વૈકલ્પિક, આયોજિત પ્રક્રિયાઓમાં આ ગૂંચવણ દરમાં તીવ્ર ઘટાડો થાય છે.

**ટૂંકમાંઃ**

નિષ્ણાતોના હાથમાં, એન્જિયોપ્લાસ્ટી ટૂંકા ગાળાનું જોખમ ઓછું, ઝડપી રિકવરી અને ઓછી ગૂંચવણો પ્રદાન કરે છે.

Know yr Dr.

**નામઃ** ડૉ. તનય પાડગાંવકર
**માનદ્ પદવીઃ** ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ M.D., D.M., FSCAI (USA), FESC (EUROPE)
**એડ્રેસઃ** ૧૨૦૭/૧૨૦૭એ, પંચરત્ન, ઓપેરા હાઉસની સામે, ગિરગાંવ, મુંબઈ ૪૦૦ ૦૦૪.
**કોન્ટેક્ટ નંબરઃ** 98208 22666
નવી દિલ્હી: મહારાષ્ટ્રમાં દલિતો માટે અનામત રાખવામાં આવેલી ૧,૮૦૦ કરોડ રૂપિયાના મૂલ્યની સરકારી જમીન રાજ્યના પ્રધાન સાથે સંકળાયેલી કંપનીને વેચી દેવામાં આવી હોવાનો આક્ષેપ કરતાં કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે દાવો કર્યો હતો કે વૉટ ચોરીથી રચાયેલી સરકાર દ્વારા મહારાષ્ટ્રમાં જમીન ચોરી કરવામાં આવી રહી છે. સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં રાહુલ ગાંધીએ આ સોદાને મામલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સેવેલા મૌન સામે સવાલ ઉઠાવ્યા હતા.

દલિતો અને વંચિતોના અધિકાર છીનવી લેતા લોકો પર સરકાર આધાર રાખતી હોવાને કારણે મોદી ચુપ છે? એવો પ્રશ્ન તેમણે કર્યો હતો.

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ સાથે સંકળાયેલી કંપની પુણેમાં ૩૦૦ કરોડની જમીનના સોદામાં ગેરરીતિ આચરી હોવાના આક્ષેપોનો સામનો કરી રહી છે જેને કારણે રાજકીય વિવાદ ભડકી ઊઠ્યો છે અને સરકારને આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ યોજવાની ફરજ પડી છે.

લોકસભામાં વિપક્ષના નેતાએ મહારાષ્ટ્રમાં આક્ષેપ કર્યો હતો કે દલિત અને વંચિતો માટે અનામત રાખવામાં આવેલી ૧૮૦૦ કરોડ રૂપિયાના મૂલ્યની જમીન પ્રધાનના પુત્રને માત્ર ૩૦૦ કરોડ રૂપિયામાં વેચી દેવામાં આવી હતી. આ ઉપરાંત જમીન સોદા પરની સ્ટેમ્પ ડ્યૂટી પણ માફ કરી દેવામાં આવી હતી. આ માત્ર લૂંટ જ નથી, પરંતુ કાયદેસર સ્ટેમ્પ ડ્યૂટી પર માફી છે.

મોદીજી તમારું મૌન ઘણું કહી જાય છે. શુ આ કારણે જ તમે ચુપ છો કેમ કે તમારી સરકાર દલિતો અને વંચિતોના અધિકાર છીનવી લેતા લોકો પર આધાર રાખે છે. (એજન્સી)

# રિલાયન્સ પાવર મની લૉન્ડરિંગ કેસને મામલે ત્રીજી ધરપકડ

નવી દિલ્હી: ૬૮ કરોડ રૂપિયાની બનાવટી ગેરેન્ટી આપવા અંગે અનિલ અંબાણી ગ્રૂપની રિલાયન્સ પાવર કંપની વિરુદ્ધ ચાલી રહેલી મની લૉન્ડરિંગ સંબંધિત તપાસને મામલે ત્રીજી ધરપકડ કરવામાં આવી હોવાનું ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ શુક્રવારે કહ્યું હતું. પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ)ની જોગવાઈ હેઠળ કોલકાતાના રહેવાસી અમરનાથ દત્તાને ગુરુવારે કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. સ્પેશિયલ કોર્ટે દત્તાને ૧૦ નવેમ્બર સુધીની ઈડી કસ્ટડી આપી હોવાનું બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

તપાસના ભાગરૂપ ઈડીએ થોડા સમય અગાઉ રિલાયન્સ પાવરના ભૂતપૂર્વ સીએફઓ અશોકકુમાર પાલ અને ઓડિશાસ્થિત કંપની બિસ્વાલ ટ્રેડલિંકના એમડી પાર્થસારથી બિસ્વાલની ધરપકડ કરી હતી. દત્તાએ દાવો કર્યો હતો કે તે ટ્રેડ ફાઈનાન્સિંગમાં કન્સલ્ટન્સી સેવા પૂરી પાડતો હતો.

ઈડીના જણાવ્યાનુસાર બનાવટી બૅંક ગેરેન્ટી પૂરી પાડવામાં દત્તાએ અશોક પાલ અને પાર્થસારથી સાથે સક્રિય ભૂમિકા ભજવી હતી. (એજન્સી)

# દેશભરમાં એસઆઈઆર: આવતા અઠવાડિયે સુપ્રીમ કૉર્ટમાં સુનાવણી

નવી દિલ્હી: દેશભરમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ની કવાયત હાથ ધરવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી અરજીની સુનાવણી ૧૧ નવેમ્બરે કરવા સુપ્રીમ કોર્ટે સહમતી દર્શાવી છે. આ મુદ્દાના મૂળ લોકશાહીના મૂળ સુધી પહોંચતા હોવાનું એનજીઓ, એસોસિયેસન ફૉર ડેમોક્રેટિક રિફોર્મ્સ વતી ઉપસ્થિત રહેલા એડવોકેટ પ્રશાંત ભૂષણે જણાવ્યા બાદ ન્યાયાધીશ સૂર્યકાન્ત અને જોયમાલા બાગચીની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે ૧૧ નવેમ્બરથી અરજીની સુનાવણી શરૂ કરવામાં આવશે. ૧૧ નવેમ્બરથી અન્ય મહત્ત્વની અરજીની સુનાવણી હાથ ધરવાની હોવા છતાં અમે એસઆઈઆર સંબંધિત અરજીની સુનાવણીને પણ હાથ ધરવાના પ્રયાસ કરીશું. વિવિધ રાજ્યોમાં એસઆઈઆરનો આરંભ થઈ ગયો હોવાને કારણે પણ આ સુનાવણી તાકીદે હાથ ધરવાની જરૂર હોવાનું પ્રશાંત ભૂષણે કહ્યું હતું.

૧૬ ઑક્ટોબરે ચૂંટણી પંચે એસઆઈઆરને એકદમ યોગ્ય લેખાવી હતી અને સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે અરજકર્તા રાજકીય પક્ષો અને એનજીઓ એસઆઈઆરને બદનામ કરવા ખોટા આક્ષેપો કરી રહ્યા છે. (એજન્સી)

# વીક એન્ડ

સ્પોર્ટ્સમૅન
યશવંત ચાડ
feedback@bombaysamachar.com

## સિલેક્શન કમિટી ટીમ પસંદ કરી લે પછી વિદેશ પ્રવાસમાં એનું શું કામ?

**ચીફ સિલેક્ટર અજિત આગરકર અત્ર-તત્ર-સર્વત્ર... અરે ભાઈ, પ્લેઇંગ ઇલેવન નક્કી કરવાનું કામ સુકાની પર છોડી દોને!**


મુખ્ય પસંદગીકાર અજિત આગરકરે તાજેતરમાં ઑસ્ટ્રેલિયામાં ભારતીય ટીમના પ્રૅક્ટિસ સેશનનું અવલોકન કર્યું હતું.


ટી-૨૦નો કૅપ્ટન સૂર્યકુમાર યાદવ અને હેડ-કોચ ગૌતમ ગંભીર.

**ભારતીય** ક્રિકેટ ટીમ ઇંગ્લૅન્ડમાં હોય કે ઑસ્ટ્રેલિયામાં, વેસ્ટ ઇન્ડિઝમાં હોય કે અમેરિકામાં કે પછી દુબઈ, શારજાહ કે અબુ ધાબીમાં. હાલના હેડ-કોચ ગૌતમ ગંભીરના સાથોસાથ અત્રસત્રતત્ર અને સર્વત્ર કોઈ હોય તો એ છે ભારતીય ક્રિકેટ ટીમના ચીફ સિલેક્ટર અજિત આગરકર. તેઓ જ્યારે ક્રિકેટ રમતા ત્યારે તેમણે જેટલા પ્રવાસ નહીં ખેડ્યા હોય એટલા મુખ્ય પસંદગીકાર તરીકે ખેડ્યા છે. જોકે વાત એમ છે કે તેમણે ઘરઆંગણે રમાતી રણજી ટ્રોફી તથા દુલીપ ટ્રોફી સહિતની ડોમેસ્ટિક સ્પર્ધાઓની મૅચોમાં ખેલાડીઓના પર્ફોર્મન્સનો અભ્યાસ કરવો જરૂરી છે.

પસંદગીકારોએ એક વખત ટીમનું સિલેક્શન કરી લીધું એ પછી ટીમની જવાબદારી ક્રિકેટ-કોચ, મૅનેજર અને સુકાની પર હોય છે. જોકે ચીફ સિલેક્ટરને આટલા બધા પ્રવાસ ખેડવા મંજૂરી મળે છે એ કેટલું ઉચિત છે?

ઘરઆંગણે રમાતી મૅચો દરમ્યાન એક વખત ૧૫ ખેલાડી નક્કી થઈ ગયા બાદ ટીમના કૅપ્ટન તથા કોચના મંતવ્ય લીધા પછી ફાઇનલ ટીમ નક્કી કરવામાં કૅપ્ટન અને કોચ અને એમાં પણ ખાસ કરીને કૅપ્ટનના મંતવ્યનું વજૂદ વધારે હોય છે. હા, પસંદગીકારો ઘણી વખત એમાં રોકટોક કરે એ સામાન્ય બાબત એટલા માટે ગણાય કે તેઓ ઘરઆંગણે હાજરાહજૂર હોય છે.

ભૂતકાળમાં પરદેશના પ્રવાસોમાં ટીમની પસંદગી ટીમના સુકાની, ઉપસુકાની અને ક્રિકેટ મૅનેજર જેવા કે રાજસિંહ ડુંગરપુર, હનુમંત સિંહ, ચંદુ બોરડે વગેરે દ્વારા થતી હતી. આમાં પસંદગી સમિતિના કોઈ પણ સભ્યો ટીમના સુકાની કે કૅપ્ટનને સલાહસૂચન ભલે કરતા, પણ ટીમના સિલેક્શન બાબતમાં માથું મારી ન શકતા, કારણકે તેમને પરદેશના પ્રવાસે મોકલાતા જ નહોતા. ટૂંકમાં, ઉપર જણાવ્યા પ્રમાણે સુકાની, ઉપસુકાની તથા ટીમના મૅનેજરની સમિતિનો નિર્ણય અંતિમ ગણાતો હતો.

આ બધું મેં મારા ભારતીય ટીમના પરદેશના પ્રવાસો દરમ્યાન જોયું છે અને ઇંગ્લૅન્ડ, શારજાહ વગેરેમાં અનુભવ્યું છે.

જોકે છેલ્લાં થોડાં વર્ષોથી ભારતીય પસંદગીકારો ભારતીય ટીમ સાથે પરદેશના પ્રવાસો ખેડે છે ને ટીમની પસંદગી સમિતિમાં 'માથું' મારે છે તો શું ભારતીય ક્રિકેટ બોર્ડ દ્વારા પરદેશના પ્રવાસ દરમ્યાન પસંદગી સમિતિમાં સલાહસૂચન-વાર્તાલાપમાં ભાગ લેવા પસંદગીકારોને પરદેશના પ્રવાસમાં ખેલાડીઓ કેવો દેખાવ કરે છે એ (સ્વ નજરે ટીવીમાં જોઈને નહીં) પ્રવાસમાં હાજર રહીને ખેલાડીઓની આવડત પર નિર્ણય લેવા પરદેશ મોકલાવાય છે? પહેલાંના નિયમો ક્યારથી બદલાઈ ગયા?

શું અજિત આગરકર તથા શિવસુંદર દાસ હાલ ઑસ્ટ્રેલિયાના પ્રવાસમાં હાજર છે તો તેમની હાજરી ગૌતમ ગંભીર કે શુભમન ગિલ (અને હવે સૂર્યકુમાર યાદવ) પર માનસિક દબાણ 'ન' લાવી શકે?

હવે ફક્ત એક જ ફૉર્મેટ (વન-ડે)માં રમતા રોહિત શર્મા અને વિરાટ કોહલીને ટૂરમાં પસંદગીકારોની હાજરી ડિસ્ટર્બ નહીં કરતી હોય? ભારતીય ક્રિકેટ બોર્ડ પાસે અઢળક ધન છે એ ખરું, પરંતુ એથી કરીને પસંદગીકારોને પરદેશના પ્રવાસે મોકલવાને બદલે ઘરઆંગણે ખેલાડીઓના દેખાવનું વિશ્લેષણ કરવું ઉચિત લેખાશે.

### મોહમ્મદ શમીને કેમ ફરી અવગણ્યો? કરુણ નાયરને કેમ ભૂલો છો?



કરુણ નાયર અને મોહમ્મદ શમી

ચીફ સિલેક્ટર અજિત આગરકરને પેસ બોલર મોહમ્મદ શમીની શારીરિક સુસજ્જતા વિશે પૂછવો છે કે જો કોઈ ઝડપી બોલર શારીરિક રીતે ફિટ ન હોય તો બે રણજી ટ્રોફી મૅચમાં તે ૧૫ વિકેટ ઝડપી શકે ખરો? શું વિકેટો ભેટમાં અપાય છે? કે પછી પસંદગીકારો દ્વારા એની ગણના જ નથી થતી?

કબૂલ, રણજી ટીમોનું ધોરણ ટેસ્ટ ટીમો કરતાં ઊતરતું હોય, પણ રણજી ટ્રોફીમાં ખૂબ છવાઈ ગયેલા મોહમ્મદ શમીને ઘરઆંગણે દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ રમાડીને તેની શારીરિક સુસજ્જતા સાબિત કરવાની તક કેમ નથી અપાઈ? ડૉક્ટરો 'હા' પાડે તો જ શમીને આંતરરાષ્ટ્રીયમાં રમાડવો એવું જો હોય તો પછી શમી રણજી ટ્રોફીમાં છવાઈ ગયો એનું શું? તેને રમાડ્યા વગર જ કેવી રીતે અનફિટ ગણી શકાય? બીજું, કરુણ નાયર પણ યાદ છેને? ભુલાઈ નથી ગયોને? તો પછી ઑસ્ટ્રેલિયાના પ્રવાસે ગયેલા અજિત આગરકરને જાણ કરી દઈએ કે કરુણ નાયરે થોડા જ દિવસ પહેલાં રણજી ટ્રોફીમાં ડબલ સેન્ચુરી સહિત બે સદી ફટકારી છે. હા, આપણે એ જ કરુણ નાયરની વાત કરી રહ્યા છીએ જેણે ઇંગ્લૅન્ડની ફાસ્ટ અને સ્વિંગ બોલિંગને મદદકર્તા બનતી વિકેટ પર લડાયક ખમીરથી ૩૦, ૪૦ રન બનાવ્યા હતા, ઝંઝાવાતી બોલિંગમાં ભયભીત થયા વિના શરીર પર બૉલ ઝીલ્યા હતા અને છેલ્લી તથા પાંચમી ઓવલની મહત્ત્વની ટેસ્ટમાં જે અડધી સદી નોંધાવીને ભારતીય બૅટિંગમાં મુખ્ય આધાર બન્યો હતો જેનો ઉલ્લેખ ખુદ સુકાની શુભમન ગિલ પણ કરી ચૂક્યો છે. ટેસ્ટ જિતાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર કરુણ નાયરને કેમ ભૂલી ગયા છો? ૩૩-૩૪ વર્ષના ખેલાડી ક્રિકેટમાં બુઝુર્ગ ન લેખાય. શું પરિપકવ અને અનુભવી ખેલાડીને ટેસ્ટમાં વધુ રમવાની તક ન મળી શકે? ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## શિમોગ્યા-કુ રેલ મ્યુઝિયમમાં મળ્યો અવિસ્મરણીય અનુભવ...





**ઘણીવાર** એમ લાગે કે ક્યાંક ફરવા જઈએ છીએ ત્યાં જગ્યાઓ વચ્ચેનાં અંતરનો, ત્યાં કેટલો સમય વિતાવવો, શું પ્રવૃત્તિ કરવી તેનો અંદાજ લગાવવો અને પ્લાનિંગ કરવાનું ઇન્ટરનેટ પહેલાંના સમયમાં ખરેખર મુશ્કેલ બની રહ્યું હોવું જોઈએ. આજકાલ તો પ્લાન સાથે એક્સેલ શીટ બની જાય છે અને અનુભવો સાથે એ પણ સ્પષ્ટ થતું જાય છે કે જેમ ટોક્યોમાં અલગ અલગ વોર્ડ છે એમ ક્યોટોમાં પણ છે. અને દરેક વોર્ડ એટલે કે વિસ્તારનો પોતાનો અલગ મોભો છે. ત્યાં શક્ય હોય તો કમસેકમ એક આખો દિવસ તો પ્લાન કરવો જ. હવે એવું પણ બને કે એક વોર્ડથી બીજા વોર્ડ સુધી સરળતાથી ટ્રેનમાં પહોંચી જવાય, કેટલાંક સુધી ચાલવાની પણ ઇચ્છા થઈ આવે. જ્યારે સ્થળો વિષે વાંચો કે કોઈ મિત્રોનાં ફોટા જુઓ તો ક્યારેક એવું લાગે કે આખુંય ક્યોટો એક-બે દિવસમાં જોઈ શકાતું હશે. ત્યાં પહોંચો પછી ખબર પડે કે અહીં તો આખુંય વેકેશન ક્યોટોમાં જ વિતાવ્યું હોત તો પણ ઓછું પડત. આ પરિસ્થિતિમાં ઘણીવાર યાદ આવે કે જ્યારે ભારતમાં કેટલાંક પરિચિતોને ખબર પડે કે હું જર્મની રહું છું, એટલે તરત જ પોતે ત્યાં કોઈને ઓળખતા હોય તેનું શહેર અને સરનામું આપીને કહે કે તેમને તો ઓળખતા જ હશો ને. સ્વાભાવિક છે, દરેક વ્યક્તિ બધી દુનિયાભરનાં ભૂગોળ, શહેરો વચ્ચેનાં અંતર અને ત્યાંનાં વાતાવરણ અને કલ્ચર વિષે જાણકાર હોય તે જરૂરી નથી.

ઘણી દુનિયા જોઈ હોવાં છતાં, ક્યોટોમાં શિમોગ્યા-કુ પહોંચ્યા પછી એવું લાગ્યું કે અમે ક્યોટોને જરા અન્ડરએસ્ટિમેટ કરી દીધું હતું. એમ લાગ્યું કે થોડી શ્રાઇન અને બગીચાઓ જોઈને આગળ ચાલી નીકળીશું, પણ અહીંથી ઓસાકા જવાનો સમય નજીક આવતો જતો હતો અને હજી ક્યોટોના વોર્ડ એટલે કે વિસ્તારો એક પછી એક સરપ્રાઇઝ આપ્યે જતા હતા. શિમોગ્યા તો આખું ને આખું શહેર જ હોય તેવું લાગતું હતું. વળી તેને શિમોગ્યા-કુ કેમ કહેવાતું હતું તે પણ જાણવાની જિજ્ઞાસા હતી. આ પહેલાં પણ ફુજી જોવા જે શહેરમાં ગયાં હતાં, તેમાંનું એક




કાવાગુચી-કો હતું. ત્યાં 'કો'નો અર્થ હતો લેક, કાવાગુચી સરોવર. હવે આ 'કુ' અલગ લખવા પાછળનું રહસ્ય તો જાણવું જ રહ્યું. વાત સરળ હતી, 'કુ' એટલે 'વોર્ડ' અથવા વિસ્તાર. આપણે ત્યાં સ્થળોની પાછળ 'પુર', 'ગામ' જેવાં શબ્દો કેટલાંક નામો સાથે કાયમ માટે જોડાઈ જતા હોય છે. એવું જ કંઈક શિમોગ્યા-કુ સાથે બની ગયું હતું.

એક વાર શિમોગ્યા-કુ પહોંચ્યા પછી પહેલાં તો ત્યાંના રેલવે મ્યુઝિયમ જ જવું પડ્યું. જાપાનની ટ્રેનો પ્રત્યે આટલો લગાવ દેખાડ્યા પછી તેમના વિષે વધુ માહિતી, ફોટા, ઇતિહાસ અને થોડી મજેદાર વાતો બતાવતું કોઈ મ્યુઝિયમ રસ્તામાં આવતું હોય તો તેને કેમ કરી જતું કરી શકાય. ત્યાં જાપાનીઝ ટ્રેનોનાં મૉડેલ્સને નજીકથી જોવા તો મળ્યાં જ, સાથે ટ્રેન ચલાવવાનું સિમ્યુલેટર વાપરીને લાગ્યું કે ખરી સ્પીડ શું ચીજ છે. ત્યાં નાનાં છોકરાંઓને તો જાણે સપનાં પૂરાં થઈ રહ્યાં હોય એટલી મજા આવતી હતી. ઘણી વાર લાગે કે નિન્ટેન્ડો મ્યુઝિયમ કે ડિઝની વર્લ્ડ યાદગાર બની રહેશે, પણ ઘણી વાર માત્ર ટ્રેન ચલાવી હોય તેવો અનુભવ તે બધાં કરતાં વધુ સ્પર્શી જતો હોય તેવું લાગતું હોય છે. તેમાં પણ જો સાચા સમયે પહોંચી જાઓ તો ત્યાં સ્ટીમ લોકોમોટિવમાં ચક્કર મારવાનો પણ મેળ પડી જાય. એક જ મુલાકાતમાં ફાસ્ટ બુલેટ ટ્રેન અને અત્યંત ઐતિહાસિક છૂકછૂક ગાડી, બંનેમાં જલસા કરવા મળી જાય.

રેલવે મ્યુઝિયમમાં કરેલી મજાને તે દિવસે કોઈ ટોપ નહીં કરી શકે તેવું લાગતું હતું. ત્યાંની ગિટ શોપમાં ટ્રેનનાં મૉડેલ્સ જોઈને એટલી મજા આવી ગઈ કે એકવાર તો મૉડેલ-ટ્રેન કલેક્શન શરૂ કરવાની ઇચ્છા થઈ આવી. ક્યારેક થોડી સારી, ઐતિહાસિક કે આકર્ષક સ્ટેમ્પ હાથ લાગી જાય તો સ્ટેમ્પ કલેક્શન ચાલુ ન કરી દેવાનું હોય એ વિચારથી અમે ટ્રેન કલેક્શનનો આઇડિયા માંડી વાળ્યો અને માત્ર યાદોનું કલેક્શન કરીને ત્યાંથી આગળ ચાલ્યાં. ક્યોટો ટાવર પર જઈને આખું શહેર જોયું, છતાંય સતત રેલવેના જ અનુભવો યાદ આવ્યા કર્યા. અમે બંને થોડાં નર્ડી તો ખરાં જ. હવે શિમોગ્યા-કુની પણ પોતાની શ્રાઇન અને ગાર્ડન છે જ, પણ તેનાથી વધુ રસ અમને ત્યાંની રામેન ગલીમાં હતો. એવી ગલી જ્યાં માત્ર રામેન જ મળે. આપણે પારાઠાવાળી ગલી હોય તો જાપાનમાં રામેનની ગલી હોય જ ને. હજી આગલા દિવસે જ રામેન મ્યુઝિયમમાં ઘણા જલસા કર્યા હતા. તો પણ આ રામેન ગલીમાં વધુ અલગ પ્રકારનાં ઉડોન દબાવ્યાં અને મજા લીધે રાખી.

અહીં એક લોકપ્રિય સેન્ટો પણ છે. હજી અમે મન ભરીને સ્પાની મજા ન હતી લીધી. આમ તો હાકોને પાસે ઓનસેનનો તો મેળ પડ્યો હતો. અહીં સેન્ટો હતું. હવે સેન્ટો અને ઓનસેનમાં શું ફરક એ પ્રશ્ન થયો. ઓનસેનમાં કુદરતી ગરમ પાણીના ઝરા હોય, જ્યારે સેન્ટોમાં ટાંકીનું જ પાણી ગરમ કરીને સોના અને હોટ પૂલની મજા લેવાની હોય છે. મોટાભાગે ઓનસેનમાં તો ટેટુ કરાવેલાંને પ્રવેશની સખત મનાઈ હતી. સેન્ટો પ્રમાણમાં થોડાં ઓછાં સ્ટ્રિક્ટ હતાં. સાંજે સનસેટ પહેલાં અમે ભીડ હોવા છતાં ક્યોટો ટાવર પર સનસેટ માટે ઓબ્ઝર્વેશન ડેક પર પહોંચી ગયાં. અને અંધારું થતાં જ ત્યાંથી ક્યોટો સ્ટેશન આસપાસનાં લાઇટ ઇન્સ્ટોલેશન પણ દેખાવા લાગ્યાં. જોતજોતામાં થોડી વાર માટે અમારો રેલવેનો અનુભવ ઓવરશેડો થઈ ગયો હતો. ક્યોટોમાં અમે સાકુરાનાં ફૂલોની પીક સીઝન ચૂકી જવાનાં હતાં તે તો યાદ પણ ન આવ્યું. હજી તો અહીં ટી સેરિમોનીનો અનુભવ બાકી હતો. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# ટિટિઝી નોસ્ટેટઃ કક્કુ ક્લોકનું કામણ

### ૧૮૩૫ની ઘડિયાળની નિલામી ૨૦૧૨માં ૬૮ લાખ ડૉલરમાં થઈ!

જર્મની નામ પડતા જ સૌ પહેલાં ક્રૂર અત્યાચારી એડોલ્ફ હિટલરનું સ્મરણ થાય એ જર્મનીની કમનસીબી છે. જોકે, સાથે સાથે અલબર્ટ આઇન્સ્ટાઇન (સાપેક્ષવાદનો સિદ્ધાંત), બિથોવન (પિયાનો વાદક અને કમ્પોઝર), ગટે (વિશ્વવિખ્યાત કવિ અને નવલકથાકાર), કાર્લ માર્ક્સ (ફિલોસોફર અને સામ્યવાદના પુરસ્કૃતા), ગટેનબર્ગ (ઐતિહાસિક પ્રિન્ટિંગ પ્રેસ), કાર્લ બેન્ઝ (મર્સીડિસ બેન્ઝના જન્મદાતા), એર્વિન રોમેલ (ડિઝર્ટ ફોક્સ તરીકે જાણીતા વિખ્યાત આર્મીના ફિલ્ડ માર્શલ) જેવા મહાનુભાવોનું પણ સ્મરણ થાય એ જર્મનીની ખુશનસીબી છે. સાથે સાથે ખ્યાતનામ બર્લિન વોલ, બિયર ફેસ્ટિવલ, એક સમયે વૈશ્વિક ચલણમાં મજબૂતી ધરાવતો ડ્યૂશ માર્ક અને યસ, ‘ કુહૂ કુહૂ બોલે કોયલિયા... ’ ની ભાવનાનું પ્રતિબિંબ પાડતી કક્કુ ક્લોક પણ સાંભરી આવે.

યુરોપ પ્રવાસના કાર્યક્રમમાં રૂટ અનુસાર કેટલાંક સ્થળની હાજરી અચૂક હોય. જર્મનીનો સમાવેશ જો કરવામાં આવ્યો હોય તો સ્થળોની યાદીમાં બ્લેક ફોરેસ્ટ ઉપરાંત અન્ય ત્રણ સ્થળ Furtwangen, Schnwald,Titisee-Neustadt ફૂટવેનન, શોનવાલ્ડ અને ટિટિઝી નોસ્ટેટ અચૂક હોય.

સમય સૌનો આવે પણ ક્યારે અને કેટલો એ તો સમય આવ્યે જ ખબર પડે. સમયનું ભાન સ્થૂળભાવે આપણને ઘડિયાળ કરાવે છે. કાંડા ઘડિયાળના બે કાંટા સવાર, સાંજ કે રાતનો સમય જણાવે છે અને જો એ ઘડિયાળ કિંમતી રોલેક્સ કે હ્યુબલો હોય તો તમારો સમય સારો ચાલે છે એ દર્શાવે છે!

### LINDEN WOOD


લિન્ડન ટ્રીનું લાકડું વપરાય છે

કક્કુ ક્લોકની લાક્ષણિક્તાઓમાં એક છે એ બનાવવા માટે વપરાતું લાકડું જે LINDEN WOOD- લિન્ડન વૂડ તરીકે ઓળખાય છે. જર્મનીનો ‘બ્લેક ફોરેસ્ટ’ વિસ્તાર સહેલાણીઓમાં જાણીતો છે. ગાઢ જંગલો અને પર્વતમાળા આ વિસ્તારના આભૂષણ છે. આ વિસ્તાર પ્રાકૃતિક સૌંદર્ય, હાઈકીંગ અને સ્કીઈંગ, કક્કુ ક્લોક અને બ્લેક ફોરેસ્ટ કેક માટે ખ્યાતિ ધરાવે છે. કેક સાથે બ્લેક ફોરેસ્ટ નામ જોડાઈ જવાનું કારણ એમ છે કે એ બનાવતી વખતે વપરાતું ‘ચેરી લિકર’ જર્મનીના બ્લેક ફોરેસ્ટ વિસ્તારની પેદાશ છે. લિન્ડન વૂડ પણ બ્લેક ફોરેસ્ટમાં ઊગતા વૃક્ષની પેદાશ છે. LINDEN TREE (યુએસમાં BASSWOOD TREE અને યુકેમાં LIME TREE તરીકે ઓળખાય છે જે લીંબુ - મોસંબી જેવા ખાટા ફળના વૃક્ષ કરતા અલગ છે) આ વૃક્ષનું લાકડું કક્કુ ક્લોકમાં વાપરવામાં આવે છે. વજનમાં હલકું અને કોતરણી કરવામાં આસાની રહેતી હોવાથી આ નરમ લાકડાની પસંદગી કરવામાં આવી હતી. વૃક્ષનું કાષ્ઠ (લાકડું) નરમ, મુલાયમ અને છિદ્રાળુ હોય છે અને આ વૃક્ષ જર્મનીમાં વિપુલ માત્રામાં ઊગે છે. ક્લોકનું મુખ્ય કેસ તેમ જ કલાત્મક કોતરણીના હિસ્સામાં અને અન્ય સુશોભન માટે લિન્ડન વૂડ જ વાપરવામાં આવે છે. આ વૃક્ષ દીર્ઘાયુ હોય છે, સામાન્ય ઉંમર ૩૦૦ - ૪૦૦ વર્ષની હોય છે તો ગણ્યાગાંઠ્યા એક હજાર વર્ષ કરતાં વધુ જીવે છે. કક્કુ ક્લોક ટકાઉ હોવામાં આ બાબત પણ જવાબદાર છે.

### ૬૮ લાખ ડૉલરનું ઘડિયાળ


ઓક્શનમાં અધધ ભાવે વેચાયેલું ઘડિયાળ

ચોથી ડિસેમ્બર, ૨૦૧૨ના દિવસે ન્યૂયોર્કના જગવિખ્યાત નીલામી ગૃહ - ઑક્શન હાઉસ સોધબીમાં એક ઘડિયાળના એવા ડંકા વાગ્યા કે એની ગૂંજ દુનિયાભરમાં સંભળાઈ. નીલામી ગૃહની મહત્ત્વની Watches - Clocks (કાંડા ઘડિયાળ - ભીંત ઘડિયાળ)નું લીલામ કરવામાં આવ્યું હતું. ૧૮૩૫ની બનાવટની Duc d'Orlœans Breguet clock(ડ્યૂક ડોહલિયોં બ્રેગે ભીંત ઘડિયાળ) ૬૮ લાખ ડૉલર (૨૦૧૨માં ડૉલરનો વિનિમય દર ૫૫ રૂપિયા હતો એટલે ૩૭ કરોડ ૪૦ લાખ રૂપિયા)માં વેચાઈ હતી. દેખાવમાં ખૂબ જ મોહક લાગતી આ ઘડિયાળમાં ક્લોક અને પોકેટ વોચ સાથે જોવા મળે છે.

જર્મનીના પ્રશિયા સ્ટેટમાં જન્મેલા અબ્રાહમ લૂઈ બ્રેગે આ ઘડિયાળના જનક છે. ૧૦ વર્ષની ઉંમરે પિતાના મૃત્યુ બાદ માતાએ બીજાં લગ્ન ઘડિયાળ કારીગરના પરિવારની વ્યક્તિ સાથે કર્યા હતા. ભણતરની બદલે કિશોર અબ્રાહમ ઘડિયાળ બનાવતા કુશળ કારીગરને ત્યાં કામ શીખવા લાગ્યો. આવડત અને કૌશલથી એના સમયનો સર્વોત્તમ Horologist(ઘડિયાળ બનાવનાર, એનું સમારકામ કરનાર અને એનો અભ્યાસ કરનાર) બની ગયો. એક એક ઘડિયાળ બનાવતા ઘણાં વર્ષો લાગી જતા. ૨૦૧૨માં લીલામ થયેલી ઘડિયાળ અબ્રાહમે ફ્રેન્ચ ક્રાંતિ દરમિયાન દેશ નિકાલને કારણે સ્વિટ્ઝર્લેન્ડના વસવાટ દરમિયાન બનાવી હતી. વિક્રમસર્જક ભાવમાં વેચાયેલી ઘડિયાળ હકીકતમાં ૧૨ ઘડિયાળના સમૂહમાંની એક હતી. આ બારેબાર ઘડિયાળ એના ખરીદદારને અનુકૂળ આવે એ રીતે તૈયાર કરવામાં આવી હતી. ખૂબ જ મોંઘી હોવાને કારણે વિશ્વભરના રાજવી પરિવારો જ એને ખરીદી શકતા હતા. આ ઘડિયાળ રશિયા અને સ્પેનના રાજવી, ઈંગ્લેન્ડના રાજા કિંગ જ્યોર્જ ચોથા અને નેપોલિયન પહેલાના મહેલની શોભામાં અભિવૃદ્ધિ કરતી હતી.

### ક્લોકનું કલાવિશ્વ


૧૩ લાખ ૮૦ હજારની મોંઘીદાટ ક્લોક

ટિટિઝી નોસ્ટેટના ઘડિયાળના સ્ટોરમાં આકાર અને દામમાં નાનકડી (એક ફૂટ લાંબી અને કિંમત ૪૦ યુરો) ઘડિયાળથી માંડી પાંચ ફૂટ લાંબી અને ૧૩૫૦૦ યુરો (આજના વિનિમયના દર અનુસાર આશરે ૧૩ લાખ ૮૦ હજાર રૂપિયા)ની ઘડિયાળ પણ જોઈ. મહિનામાં બે કે ત્રણ મોંઘીદાટ ઘડિયાળનું વેચાણ થતી હોવાની જાણકારી મળતા આવી ઘડિયાળ માટેની ઉત્કંઠાનો ખ્યાલ આવ્યો. ટિટિઝી નોસ્ટેટ ‘ક્રેડલ ઓફ ધ બ્લેક ફોરેસ્ટ ક્લોક’ તરીકે પ્રખ્યાત છે. સૌથી પહેલી ક્લોક બની અને આજે બને છે એમાં ઘણા ફેરફાર જોવા મળ્યા છે. જોકે, બદલાવ વચ્ચે એની ઓરિજિનાલિટી અકબંધ રાખવામાં આવી છે. ચોકસાઈ અને ગુણવત્તામાં કોઈ બાંધછોડ નથી કરવામાં આવતી.

### કોયલનો ટહુકો


માફક દરની કક્કુ ઘડિયાળો

ફૂટવેનનનું ક્લોક મ્યુઝિયમ વિશ્વ સમસ્તમાં ખ્યાતિ ધરાવે છે. અહીં ક્લોક મેકર્સ સ્કૂલ છે અને એના પહેલા પ્રાચાર્ય રોબર્ટ ગર્વિગની કોશિશોથી હાથ કોતરણીથી તૈયાર કરેલી લાકડાની ક્લોકના સંગ્રહની શરૂઆત થઈ હતી. આજની તારીખમાં મ્યુઝિયમમાં ૪ હજારથી વધુ ઘડિયાળનું બેનમૂન કલેક્શન જોવા મળે છે. ફૂટવેનથી થોડે દૂર શોનવાલ્ડ ગામ છે. સૌપ્રથમ કક્કુ ક્લોકના સંશોધક ફ્રાન્ઝ કેલર અહીં રહેતા હતા. બે અલગ અલગ પ્રકારની વ્હિસલથી કોયલનો ટહુકો ઘડિયાળમાં સંભળાવવામાં કામિયાબ થયા હતા. અનેક મસમોટા રિટેલ સ્ટોર્સ જોયા હતા, પણ માત્ર અને માત્ર ઘડિયાળનો મોટો સ્ટોર હોઈ શકે એની કલ્પના પણ નહોતી.

ટિટિઝી નોસ્ટેટના સ્ટોરમાં દાખલ થયા ત્યારે સવારના ૧૦.૫૫ થયા હતા અને પાંચેક મિનિટમાં જ કોયલ રાણીએ ૧૧ વખત ટહુકા કરી અમારું સ્વાગત કર્યું. દુલાભાયા કાગની પંક્તિઓ ‘હે જી તારા આંગણિયા પૂછીને જે કોઈ આવે રે, આવકારો મીઠો આપજે રે જી’નું મધુર સ્મરણ થયું અને હૈયું તરબતર થઈ ગયું.

‘સ્વિસ મેડ’ વોચીસની સાંભળેલી-વાંચેલી ભવ્ય ગાથાઓની સચ્ચાઈ નજર સામે હતી. સ્વિટ્ઝર્લેન્ડ - જર્મનીની સરહદ નજીક આવેલા સ્થળે કક્કુ ક્લોકની કલાત્મકતા અને એન્જીનીયરીંગનો જાત અનુભવ કર્યો. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# શિયાળો શરૂ થતાં જ ઘરવાળીનો સ્વભાવ ગરમ કેમ થઈ જાય છે?



‘એ તમારે તમારા ભાઈબંધને કંઇ કહેવું છે કે હું પિયર જતી રહું?’

સવાર સવારમાં જ ચુનિયાની ઘરવાળી સવારની ઠંડીની જેમ મોબાઇલમાં ફરી વળી.

મેં શાંત પાડતા કહ્યું ‘હું ચુનિયાને સમજાવીશ. પણ મારે સમજાવવાનું શું છે?’

-તો ધાણીફૂટ ગોળીબારની જેમ મારા ભાભી તૂટી પડ્યા કે ‘તમને બધી ખબર જ છે. અને મને તો ખાતરી છે કે તમે જ તેને ચડાવ્યા હશે.’

‘અરે . મને કશું ખબર નથી થયું છે શું? આ તો તમારો ફોન આવ્યો એટલે મને સમજાઈ ગયું કે ચુનિલાલ નો કાંઈક વાંક હશે. એટલે મેં કહ્યું. એમ કોઈના ધણીને સીધેસીધો વઢાઈ નહીં પહેલા કારણ જાણવું પડે...’

‘આ શિયાળાની શરૂઆત થઈ છે ત્યાં તો મારા હાથમાં લિસ્ટ બનાવી અને પકડાવી દીધું. અડદીયા બનાવજો, ગુંદર પાક બનાવજો, મેથીપાક બનાવજો... તમને ખબર છે ને ગયા વર્ષે મેં આ તમામ વસ્તુ બનાવી હતી અને પછી એકે એક વસ્તુ કેવી બની કે આખી સોસાયટીમાં ઢંઢેરો ટીપ્યો હતો.’

‘અડદીયાનો લોટ થોડો વધારે શેકાઈ ગયો તો કડક થઈ ગયા હતા... ગુંદર પાકમાં ભૂલથી મેં ગુંદરની આખી ટ્યૂબ ખાલી કરી નાખી હતી. ખાવાનો ગુંદર જુદો આવે છે તે કહેવું જોઈએ ને? ગોળને ભારોભાર મેથી લઈ અને મેથીપાક બનાવ્યો. ગોળના વાકે બે દાંત તમારા ભાઈના મેથીપાકમાં સલવાઈ ગયા તેમાં મારો વાંક? પેલી Youtube માં કેવો ગોળ લેવો તે થોડું જણાવે છે?’

ચાલુ ફોને હું ભૂતકાળમાં સરી ગયો. એક વર્ષ પહેલાં ચુનિયો આ તમામ પાક લઈ અને મારા ઘરે આવ્યો હતો :

‘મિલનભાઈ, આખી જિંદગી કાર્યક્રમ કરતા રહેશો અને દોડાદોડી કરતા રહેશો. તમારી તબિયતનું પણ ધ્યાન રાખતા જાવ. આ લ્યો શિયાળુ પાક ખાવ.’

હરખ ભેર મેં એક આખો અડધો ઉપાડી લીધો અને મોઢામાં મુક્યો. ત્રણ કલાક સુધી ચગળ્યો ત્યારે ઓગળ્યો.

પછી થયું કે મેથીપાક ચાખ્યો ... મેં મોઢામાં મૂકી અને હતી એટલી તાકાતથી બે દાંત વચ્ચે કટકાને ભીંસ્યો. કટક અવાજ આવ્યો. મારા બે દાંત મેથીપાકમાં ખૂંચી ગયા હતા. અને જિંદગીમાં આટલી કડવાણી મેં ખાધી ન હતી. પછીના બે દિવસ સુધી મોઢું કડવું રહ્યું. દર ત્રણ કલાકે ડોક્ટરના ડોઝની જેમ બે બે પેંડા ચગળીને ખાધા.

દુનિયાની જૂની આદત પ્રમાણે તે ખાવા પીવાનો શોખીન, પરંતુ આવડે કંઈ નહીં. ઘરેથી કોથમીર લેવા મોકલ્યો હોય તો ગામની લીલોતરી જોતો જાય અને શાકભાજીની લીલોતરી પણ ઉપાડતો આવે. પાપડી, તુવેર, રીંગણા, વટાણા, લીલી ડુંગળી, લીલુ લસણ, મેથીની ભાજી... અને મૂળ મુખ્ય મુદ્દો કોથમીર ભૂલી ગયો હોય.

એ પછી ઘરે આવી અને ઢગલો કરે અને ઓર્ડર કરે ‘આજે શાક માર્કેટમાં લીલા શાકભાજી જોઈ અને તને ઊંધિયું ખવડાવવાનું મન થયું.’

ભાભી ખુશ ખુશાલ થઈ જાય અને તેને લાગે કે હમણાં બધું ફોલીને આપશે. ચુનિયો બધું ખોલીને આપે ફોલવાનું ભાભીએ.

ઊંધિયું તો માંડ એક ટંક ચાલે, પરંતુ કપડાં ત્રણ - ચાર દિવસ ચાલે.

માંડ શાંતિ થઈ હોય ત્યાં એક દિવસ પાછો લીલી હળદર, આંબા હળદર, આમળા, બીટ, ગાજર, દુધી... લઈ આવે અને ‘તારા પિયરેથી બધા આવવાના છે તો આ બધાના જ્યૂસ બનાવી રાખ તારું સારું લાગે.’ આવો કોણીએ ગોળ લગાડી આઠ દસ દિવસ સુધી પોતે જ જ્યુસ ઠપકારી જાય.

શિયાળાના આવા માલમલીદા ખાઈ ચુનિયો લાલ ગલગોટા જેવો થઈ જાય અને ભાભી બળતરા કરી કરી અડધા થઈ જાય.

મને યાદ છે અમારા પાડોશીને ઘરે શિયાળામાં તલની ચીકી બનાવી હતી. કંઈક નવીન કરવા માટે થાળીમાં પાથરવાની જગ્યાએ નાની નાની ગોળીઓ વાળી હતી.

કોઈને દેવાનો જીવ ચાલે નહીં, પરંતુ આખો દિવસ ચગળ્યા પછી પણ તલની ગોળી ઓગળી નહીં એટલે સોસાયટીના છોકરાઓને ભેગા કરી બધાને વહેંચી દીધી.

છોકરાઓ ઉનાળાની શરૂઆત સુધી તેનાથી લખોટી રમ્યા હતા...!

અમારી સોસાયટીમાં રહેતા પથુભા દરબાર એની બે નાળી બંદૂક લઇ તેમના ઘરે ગયા હતા. ૨૦૨૫ તલની ગોળીઓ લઈ ફાયરિંગ પ્રેક્ટિસ કરી હતી.

ચુનિયાના ઘરે બનેલો ગુંદર પાક બાળકોને હોમવર્કમાં આવેલા પ્રોજેક્ટમાં વસ્તુ ચોંટાડવા કામ આવ્યો હતો.

ઓળાના રીંગણા લઇ અને ઘરવાળી સામે ઢગલો કરો અને કહો કે આજે ઓળો બનાવજે ત્યારે એક મિનિટ માટે તો ઘરવાળીને મનમાં થતું હશે કે ભઠ્ઠામાં આને શેકું?

ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. ઘરે ઘરે શિયાળાનાં વ્યંજનો બનવાના શરૂ થશે, પરંતુ વ્યંજનો ખાવા માટે વપરાવવા જોઈએ મ્યુઝિયમમાં રાખવા માટે નહીં આટલી સમજ દરેક બનાવનારે કેળવવી જોઈએ.

આપણે પુરુષોએ તો ઓર્ડર કરી દીધો બહેનોને પણ ખોટા પ્રયોગો કરવા ઉશ્કેરવા નહીં. ■

**વિચારવાયુઃ**

*ચુનિયા, આ સ્વેટર પહેરીને, હાથમાં છત્રી લઈને ક્યાં ચાલ્યો?*
*ચુનિયોઃ એ. સી. લેવા*
*આને કહેવાય મિક્સ ઋતુની મોજ...*

## ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# વફાદાર શ્વાન અળખામણો કેમ થાય છે?

### શ્વાન હચિકોના માલિકપ્રેમથી માંડીને હડકવા સુધીની મોકાણ સર્વોચ્ચ અદાલત સુધી પહોંચે છે ત્યારે...

The dog is a gentleman... I hope to go to his heaven not man... અર્થાત શ્વાન બહુ સજ્જન (સદગુણોનો ભંડાર) હોય છે. હું ઈચ્છું છું કે મૃત્યુ બાદ મને માણસોના નહિં પણ શ્વાનોના સ્વર્ગમાં રહેવા મળે...

આખી માનવજાતને ઉતારી પાડતું આ વિધાન વિખ્યાત હાસ્યકાર માર્ક ટ્વેઇનનું છે. અને માર્કે આ વાત હસવામાં નહિ બલકે પૂરી ગંભીરતા સાથે કહી છે, કારણ કે માણસ તરીકે માણસજાત બહુ નબળી સાબિત થઇ છે.

બીજી તરફ માનવસમાજને ય પોતે ગમે એટલો સ્વાર્થી હોય તો પણ પોતાની સુરક્ષા કરવાનો મૂળભૂત અધિકાર છે . એવી અનેક ઘટના છે, જેમાં શ્વાનોના કરડવાથી કે હડકવાને કારણે નિર્દોષ મનુષ્યોનો ભોગ લેવાયો હોય. ભારત જેવા વિકાસશીલ એશિયન દેશો તેમ જ અનેક આફ્રિકન દેશોમાં રખડતાં શ્વાનોની સમસ્યા વકરી ગઈ છે.

‘વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન’ના રિપોર્ટ મુજબ વિશ્વભરમાં વીસેક કરોડ કૂતરાઓ કોઈ પણ નિયંત્રણ વિના ભટકે છે.

‘એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઇન્ડિયા’ના આંકડાઓ પણ ચોંકાવનારા છે. એ મુજબ મહારાષ્ટ્રમાં રખડતાં કૂતરાંઓની વસતિ બારથી તેર લાખ અને ગુજરાતમાં સાડા આઠ લાખ જેટલી છે. ભારતમાં આ વસતિ દર વર્ષે બે ટકાના દરે વધી રહી છે. દર વર્ષે કૂતરા કરડવાના અને હડકવા થવાના લાખો કેસ નોંધાય છે, જેમાં સંખ્યાબંધ લોકો મોતને ભેટે છે. આ છે ખરી સમસ્યા...

ભારતની સુપ્રીમ કોર્ટે પણ આ મામલે હવે કડક વલણ અખત્યાર કર્યું છે. દિલ્હીમાં બાળકો પર ડોગ એટેક્સના સંખ્યાબંધ સમાચાર પછી ૨૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ સુપ્રીમ કોર્ટે જાતે સરકારી તંત્રોને લબડધક્કે લેવાની શરૂઆત કરી છે.

તમે આ વાંચતા હશો એના આગલા દિવસે એટલે કે ૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ નવા આદેશો પસાર થયા હશે એ મુજબ ફીડિંગ ઝોનના કાર્યભાર, મ્યુનિસિપલ ઓથોરિટીઝનું પાલન અને રેબિઝ જેવી સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત થશે.

શ્વાન સમસ્યાને લઈને દેશનો સમાજ બે ભાગમાં વહેંચાઈ ગયો છે. બંનેની વાતમાં તથ્ય છે એટલે ઉપાય શોધવાનું કામ વધુ મુશ્કેલ છે. શ્વાનોની વફાદારીની અને નિઃસ્વાર્થ પ્રેમની અવગણના થઇ શકે એમ નથી. માણસ પોતાના સ્વાર્થીપણા માટે, તો શ્વાન પોતાની વફાદારી માટે પ્રખ્યાત છે. વિશ્વભરમાં શ્વાનપ્રેમીઓનો એક બહુ મોટો વર્ગ છે, જે માર્ક ટ્વેઇનની વાત સાથે સંપૂર્ણ સહમત છે.

ગુજરાતી સાહિત્યમાં લાખો વણઝારો અને એના કૂતરાની અને એ બંને વચ્ચેની માયાના પ્રતીકસમા ડાઘાસર તળાવની વાતો બહુ જાણીતી છે.

જાપાનીઓ પાસે પણ આવી એક સત્યકથા છે. જાપાનના ટોક્યો શહેરમાં હિડેસાબુરો નામના પ્રોફેસર પાસે એક શ્વાન હતો. નામ એનું હચિકો. આજે એ વાતને એક સદી વીતી ગઈ તેમ છતાં માત્ર જાપાનીઝ નહિ બલકે દુનિયાભરના શ્વાનપ્રેમીઓ હચિકોને ભાવપૂર્વક યાદ કરે છે.

દરરોજ સવારે પ્રોફેસર શિબુયા રેલવે સ્ટેશનથી ટ્રેન પકડીને યુનિવર્સિટી જતા અને હચિકો તેમને સ્ટેશન સુધી મૂકવા જતો. સાંજે પ્રોફેસર પરત ફરે ત્યારે હચિકો સ્ટેશન પર તેમની રાહ જોતો બેઠો હોય. આ ક્રમ બે વર્ષ સુધી ચાલુ રહ્યો. પણ એક દિવસ નોકરીએ ગયેલા પ્રોફેસરનું કોઈક કારણોસર મૃત્યુ થયું અને એ પાછા ઘરે ફરી શક્યા નહિ. બિચારા હચિકોને એનો ખ્યાલ ક્યાંથી આવે? એ તો રોજ સાંજે નિયત સમયે શિબુયા સ્ટેશને આવીને બેસી જતો અને પોતાના પ્યારા માલિકની રાહ જોયા કરતો. પ્રોફેસરના મૃત્યુ પછી આ સિલસિલો સતત નવ વર્ષ સુધી ચાલતો રહ્યો. પ્લેટફોર્મ પર અવરજવર કરનારા રોજિંદા પ્રવાસીઓથી માંડીને પત્રકારો સુધી બધાને હચિકોની વફાદારી સ્પર્શી ગઈ. આખરે ૧૯૩૫ના માર્ચ મહિનામાં હચિકોએ પણ અંતિમ શ્વાસ લીધા. પ્રોફેસરના સંબંધીઓ જ નહિ, રેલવે સ્ટેશનનો સ્ટાફ અને મુસાફરો પણ શોકમગ્ન થઇ ગયા.


હચિકોની પ્રતિમાને પંપાળતા હેલન કેલર

હચિકોના નિઃસ્વાર્થ પ્રેમે જાપાનીઝ પ્રજાની સંવેદનાઓ એ હદે ઝંકૃત કરી કે શિબુયા સ્ટેશન બહાર હચિકોની કાંસ્ય પ્રતિમા સ્થાપિત કરવામાં આવી.

હેલન કેલરને આપણે ઓળખીએ છીએ. અંધાપો અને બહેરામૂંગાપણું સહિતની અનેક પંગુતાઓને દ્રઢ મનોબળ વડે પરાજિત કરીને જીવન જીવી જનાર હેલન કેલર આ લેખ સાથેની તસ્વીરમાં દેખાશે. હેલન હચિકોની કાંસ્યપ્રતિમાને વ્હાલપૂર્વક પંપાળી રહ્યાં છે. આજે પણ વિશ્વભરના શ્વાનપ્રેમીઓ હચિકોને ભાવપૂર્વક યાદ કરતા રહે છે.

આવી અગણિત કથાઓ-સત્યઘટનાઓ વિશ્વભરમાંથી જડી આવશે, પણ સાથે જ માનવસમાજને વેઠવી પડતી સાચુકલી તકલીફોને પણ નજરઅંદાજ કરી શકાય નહિ. કશોક વચલો માર્ગ કાઢ્યા વિના છૂટકો નથી. યુરોપિયન દેશ નેધરલેન્ડે આ દિશામાં માઈલસ્ટોન ગણાય એવી કામગીરી કરી છે.

ઓગણીસમી સદી સુધી ડચ પ્રજા માટે કૂતરું પાળવું એ ઘરગથ્થુ શોખ અને સાથે જ સામાજિક મોભા સાથે સંકળાયેલી વાત હતી. આવું હોય તો સ્વાભાવિક રીતે જ દેશમાં શ્વાનોની સંખ્યા બહુ મોટી હોય. તકલીફ એ થઇ કે એ વખતે અહીં કોઈક કારણોસર રેબિઝ એટલે કે હડકવાનો રોગચાળો ફાટી નીકળ્યો. લોકો એવા ગભરાયા કે પોતાના પાલતુ કૂતરાઓને ય ઘરની બહાર કાઢી મૂક્યા! પરિવારના સભ્ય ગણાતા આ શ્વાનો રાતોરાત રખડુ કૂતરાની કેટેગરીમાં આવી ગયા. દેશની સડકો આવાં કૂતરાઓથી ઊભરાઈ ગઈ. હડકવાના સંક્રમણનો ડર તો હતો એમાં વળી આ પરિસ્થિતિએ ગંદકી સહિતની બીજી અનેક સમસ્યાઓ ઊભી કરી. સરકારને થયું કે શ્વાન પાળવાના શોખીન લોકો બેજવાબદારીપૂર્વક વર્તી રહ્યા છે. સરકારે આવા લોકોને સબક શીખવવા શ્વાન પાળવા પર ટેક્સ ફટકાર્યો! ખબર નહિ આવો નિર્ણય કયા ભેજાની ઊપજ હતી, પણ આ વિચિત્ર નિર્ણયનું પરિણામ ધારણા કરતાં સાવ વિપરીત આવ્યું. જે શ્વાનમાલિકોએ હડકવાનું જોખમ અવગણીને ય પોતાના પાલતુ શ્વાનોને સાચવી રાખેલા, એ બધાએ પણ ટેક્સના ડરે કૂતરાઓને જાહેર માર્ગો પર ત્યજી દીધા! લાંબો સમય સુધી નેધરલેન્ડ રખડતાં કૂતરાઓની સમસ્યાઓથી પરેશાન રહ્યું. પણ પછી સરકારે નીતિ બદલી.

નેધરલેન્ડની સરકાર દ્વારા CNVR પ્રોગ્રામ ઘડીને અમલમાં મૂકવામાં આવ્યો. CNVR એટલે Collect, Neuter, Vaccinate and Return. સાદી ગુજરાતીમાં કહીએ તો રખડુ કૂતરાને પકડો, એનું રસીકરણ અને ખસીકરણ કરો ને પછી છોડી મૂકો. આને લીધે કૂતરાઓ રોગમુક્ત બન્યા સાથે જ એમની વસતિ પર નિયંત્રણ આવ્યું. સરકારે આટલેથી અટકવાને બદલે પેલા ડોગ ટેક્સનું સ્વરૂપ બદલી નાખ્યું. શ્વાનપાલનને બદલે શ્વાનોની ખરીદી પર ટેક્સ નાખ્યો.

પરિણામ એ આવ્યું કે લોકો નવું કૂતરું ખરીદવાને બદલે રખડતા કૂતરાને એડોપ્ટ કરવા માંડ્યા.

આ નીતિ ખરા અર્થમાં માસ્ટરસ્ટ્રોક સાબિત થઇ. એક સમયે લોકોએ ટેક્સથી ગભરાઈને પોતાના શ્વાનો રખડતાં છોડી મૂકેલાં. એના બદલે હવે શ્વાનપ્રેમીઓ સડક પરથી શ્વાનો વીણી વીણીને ઘરે ઊંચકી જવા માંડ્યા! પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા આચરવા સામેના કાયદાઓનું કડક પાલન પણ શરૂ કરવામાં આવ્યું. નેધરલેન્ડમાં કોઈ પ્રાણી ઉપર અત્યાચાર કરનારને ત્રણ વર્ષની કેદ અને સોળ હજાર યુરોનો દંડ થઇ શકે છે. આ બધાનું પરિણામ એ આવ્યું કે ૨૦૧૬માં આખા દેશમાંથી રખડતાં કૂતરાઓ સંપૂર્ણપણે અદ્રશ્ય થઇ ગયા. અને નેધરલેન્ડ રખડતાં કૂતરાઓથી મુક્ત હોય એવો વિશ્વનો સૌપ્રથમ દેશ બન્યો.

કટાક્ષ અથવા આઘાત અથવા વિસ્મયની બાબત એ છે કે ભારતનાં શહેરોમાં પણ આ જ પ્રકારે કૂતરાના રસીકરણ-ખસીકરણની પોલિસી અમલમાં છે. તેમ છતાં સરકારી તંત્રને લગતા જગપ્રસિદ્ધ લક્ષણો અને જનજાગૃતિના અભાવને પ્રતાપે આપણે ત્યાં સુપ્રીમ કોર્ટે મેદાનમાં ઊતરવું પડે છે. ■

# હથિયાર



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

ટીના દોશી

**જય આદ્યશક્તિ, મા જય આદ્યશક્તિ**
**અખંડ બ્રહ્માંડ દીપાવ્યા, અખંડ બ્રહ્માંડ દીપાવ્યા, પડવે પંડિત મા**
**ઓમ જયો જયો મા જગદંબે...**

નવલી નવરાત્રિનો છેલ્લો દિવસ. અંબામાના મંદિરમાં માતાજીની આરતી થઇ રહી હતી. સિંહ પર સવાર અંબામાની આરસમાંથી કોતરેલી અઢાર ફૂટ ઊંચી મૂર્તિ સામે આરતી કરી રહેલા વયોવૃદ્ધ પૂજારી પાનાચંદના જમણા હાથમાં પિત્તળની કળાયેલ મોરની એકવીસ દીવાની મનોહર દીવડી હતી. ચોખ્ખા ઘીથી ઝગવેલા પ્રજ્વલિત દીવાઓથી ચારેકોર પ્રકાશ રેલાતો હતો. સોળ શણગાર સજેલી માની ભવ્ય મૂર્તિ વધુ ઝળાંહળાં થતી હતી. તેજસ્વી લલાટ. ઝળહળતી મુખમુદ્રા. માની એક આંખમાં અમી. એકમાં અંગારા. ભક્ત માટે કરુણામયી અને દુષ્ટ માટે કાળ. ઝગારા મારતી મૂર્તિમાંથી તેજોવલય રેલાતું હતું. લાલ રંગની રેશમી સાડી. મસ્તક પર દિવ્ય મુકુટ, કર્ણમાં સોનાનાં કુંડળ, હાથની કલાઈએ કડાં અને કંકણ, પગમાં રત્નજડિત નૂપુર, કંઠમાં વૈજયંતીમાળા, કેડે રત્નજડિત કમરબંધ. દસ હાથમાં દસ શસ્ત્ર.

આ શસ્ત્રો પાછળ પણ કહાણી છે. પ્રચલિત કથા એવી છે કે, મહિષાસુરે દસ હજાર વર્ષ સુધી કઠોર તપ કરીને બ્રહ્મા પાસેથી દેવ, દાનવ કે માનવ કોઈ પણ પોતાને હણી ન શકે તેવું વરદાન પ્રાપ્ત કરેલું. પૃથ્વીને જીતી લીધી અને સ્વર્ગના સિંહાસન પર દાવો કર્યો. એ વખતે મહિષાસુરના વધ માટે દેવોએ પોતાનાં તેજમાંથી જગદંબાનું સર્જન કર્યું. માને પોતાનાં શસ્ત્રો અર્પણ કર્યાં. વિષ્ણુએ સુદર્શન ચક્ર, શિવજીએ ત્રિશૂળ, અગ્નિએ ભાલો, વરુણે શંખ, વાયુએ ધનુષ્યબાણ, ઇન્દ્રએ વજ્ર અને દિવ્ય ઘંટ, યમદેવે કાળદંડ, બ્રહ્માએ કમળ અને કમંડળ, કુબેરે ગદા અને મધુથી ભરેલ સુવર્ણપાત્ર, વિશ્વકર્માએ ખડગ કે પરશુ! કેટલીક મૂર્તિઓમાં તલવાર પણ હોય છે! રણચંડીનું રૂપ ધરીને માએ દેવોનાં આ શસ્ત્રોથી મહિષાસુરનો વધ કર્યો. મહિષાસુર મર્દિની નામે પૂજાયાં!

છ ફૂટ પહોળી અને પાંચ ફૂટ ઊંચી શ્વેત આરસની ઓટલી પર વિકરાળ સ્વરૂપનો સિંહ ત્રાડ નાખતો ઊભેલો. એની પીઠ પર આશીર્વાદની મુદ્રામાં સવાર માતા. માતાની મૂર્તિનાં ચરણોમાં સજાવેલી તાસક હતી. તાસકમાં પ્રજ્વલિત દીવો. કંકાવટી અને કંકાવટીમાં હિંગળોકના રંગનું લાલચટ્ટક સિંદૂર. એક નાની વાટકીમાં ચોખા અને બીજીમાં ગુલાલ. ધૂપદીપેલમાં કપૂરનો ધૂપ. અગરબત્તી દાનમાં ભેરવેલી ચંપા અને મોગરાની ધૂપસળીની સુવાસિત ધૂમ્રસેર. સંપૂર્ણ વાતાવરણ સુગંધિત અને પવિત્ર બની ગયેલું. માનાં દર્શનથી ધન્ય બની ગયેલાં ભક્તો, માનાં ચરણોમાં મસ્તક ઝુકાવીને પૂજારીના સૂરમાં સૂર પુરાવીને આરતીનું ગાન કરી રહ્યાંઃ

**ષષ્ઠી તું નારાયણી મહિષાસુર માર્યો, મા મહિષાસુર માર્યો**
**નરનારીના રૂપે, નરનારીના રૂપે વ્યાપ્યા સર્વેમાં**
**ઓમ જયો જયો મા જગદંબે...**

હજુ આરતી અડધી થયેલી કે ઓચિંતાના નગરના માનનીય મેયર મનોજકુમાર માવાણી આવી પહોંચ્યા. ભીડને ચીરતા પૂજારીની લગોલગ ઊભા રહી ગયા. પૂજારીએ આંખેથી આવકાર આપીને મંત્રીના હાથમાં આરતીની દીવડી આપી. મંત્રીએ આરતી પૂરી કરાવી અને માનો જયજયકાર કરાવ્યો. બોલો અંબે માતની જય... શ્રદ્ધાળુઓએ ઘંટારવ સાથે જયઘોષ કર્યોઃ જય..અંબે માતની જય!

આરતીની તાસક ફરવા લાગી. ભક્તોએ આશકા લીધી અને કોપરા તથા મોહનથાળનો પ્રસાદ પણ. નોરતાની છેલ્લી રાત્રિ હતી, એટલે માનવ મહેરામણ ઊમટેલો. મંદિરના પટાંગણમાં ગરબાની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો હતો. ખેલૈયાઓ સંગીતના તાલે ઝૂમવા થનગની રહ્યા હતા. એટલામાં ઓચિંતી જ બત્તી બંધ થઇ ગઈ. વીજળી ગુલ. દેકારો મચી ગયો. પણ એ શોરગુલમાં રુંવાડાં ઊભાં કરી દેતી ને ગાત્રો ગાળી નાખે એવી હૃદયદ્રાવક ચીસ સંભળાઇ. ચીસ મંદિરમાંથી આવી હોય એવું લાગ્યું. સૌ મંદિરભણી દોડ્યાં. એટલામાં તો બત્તી જેમ ચમત્કારી રીતે બંધ થઇ ગયેલી એમ ચાલુ થઇ ગઈ. અને અજવાળામાં સૌએ જે જોયું, એ જોઇને આઘાતના માર્યા જડવત થઇ ગયા. મગજ બહેર મારી ગયું. મંદિરની ફર્શ પર મેયર મનોજકુમાર માવાણી ઊંધે માથે પડ્યા હતા. એમના માથાને પાછળને ભાગે જોરદાર ઘા વાગ્યો હોય એવું લાગતું હતું. લોહી વહી રહ્યું હતું. કદાચ એ મૃત્યુ પામ્યા હતા!

ઘટનાની જાણ થઇ કે તુરંત કરણ બક્ષી અને જયરાજ જાડેજા મંદિરે પહોંચી ગયા. મનોજકુમાર માવાણીના મૃતદેહને તપાસ્યો. માથાને પાછળને ભાગે બહુ જોરથી પ્રહાર કરવામાં આવ્યો હોય એવું લાગ્યું. જોકે આજુબાજુમાં કોઈ હથિયાર ન મળ્યું. શરીર પર બીજે ક્યાંય જખમનાં કોઈ નિશાન નહોતાં. ચહેરો થોડો તરડાઇ ગયેલો. બન્ને હાથ ઊંધા થઇ ગયેલા. મૃતદેહની સ્થિતિ જોઇને બંનેએ આપસમાં વાતચીત કરી.

કરણઃ 'જયરાજ, તને શું લાગે છે?'

જયરાજઃ 'સર, કોઈએ અત્યંત વેગથી ખોપરી પર ફટકો માર્યો છે. જીવલેણ ફટકાએ એમનો જીવ લઇ લીધો.'

કરણઃ 'માથાનો ઘા જોતાં કોઈ બોથડ પદાર્થથી કે વજનદાર પથ્થરથી માવાણીસાહેબને બળપૂર્વક ફટકો માર્યો હોય એવું લાગે છે!'

જયરાજઃ 'સર, એવું સાંભળ્યું છે કે આવતી ચૂંટણીમાં એ ઉમેદવારી નોંધાવવાના હતા. કદાચ મંત્રી બનવાની ઊજળી શક્યતા પણ હતી.'

કરણઃ 'એવું સાંભળ્યું તો મેં પણ છે. પણ રાજકારણમાં દુશ્મનોની સંખ્યા ઓછી નથી હોતી. રાજકારણ નામની રાજરમતમાં એકમેકને પતાવી દેવાના ખેલ ચાલતા હોય છે. ચહેરા પર ચહેરા ઓઢેલા હોય છે. એમાંથી અસલી ચહેરો કયો અને નકલી ચહેરો કયો એ પારખવું મુશ્કેલ હોય છે.'

જયરાજઃ 'આવા જ કોક ચહેરાએ મનોજકુમાર માવાણીનો ઘાટ ઘડી નાખ્યો લાગે છે.'

કરણઃ 'હં, અને એ ચહેરો અહીં જ છે. આપણી વચ્ચે. મંદિરમાં!'

હા, હત્યારો હજુ મંદિરમાં જ હતો. કારણ કે ચીસ સાંભળતાંની સાથે ચોકીદારે મંદિરનાં કમાડ વાસી દીધેલાં. પટાંગણનું મુખ્ય પ્રવેશદ્વાર પણ બંધ કરી દેવામાં આવેલું. એટલે ખૂનીને નાસી છૂટવાની તક મળી નહોતી. સૌ કોઈ થર થર કાંપતાં ઊભાં હતાં. ભયભીત થઈને ચકળવકળ જોતાં હતાં. અને, મનોમન વિચારતાં હતાંઃ 'આ રીતે લોકોની વચ્ચે મેયર જેવા મહાનુભાવને મારનાર કોણ હશે?'

કરણ બક્ષીએ લોકોના સવાલનો પડઘો પાડતાં જણાવ્યુંઃ 'જુઓ, કોઈ પોતાની જગ્યાએથી આઘાપાછા થશો નહીં. જે જ્યાં ઊભું હોય ત્યાં જ રહે. માવાણી સાહેબનો ખૂની આપણી વચ્ચે જ છે! તમારામાંથી જ કોઈ એક!'

આ સાંભળીને સૌ સડક. એકમેક સામે શંકાશીલ દ્રષ્ટિએ જોઈ રહ્યાઃ 'આ મારી સામે ઊભો છે એ જ તો ખૂની નહીં હોય ને!'

કરણ અને જયરાજે તપાસ શરૂ કરી. કોઈની પાસેથી કોઈ પણ પ્રકારનું હથિયાર ન મળ્યું. મંદિરનો ખૂણેખૂણો તપાસી લીધો. પણ કોઈ હથિયાર ન જ મળ્યું. પૂજારી કહેઃ 'માતાના મંદિરમાં કોઈ હથિયાર લઈને શું કામ આવે?'

પૂછપરછ શરૂ થઇ. કરણે સૌ પ્રથમ પૂજારી પાનાચંદને પૂછ્યુંઃ 'તમે માવાણીસાહેબને આરતીનું નિમંત્રણ આપેલું ખરું?'

'ના, સાહેબ.' પૂજારી કંપતા સ્વરે બોલ્યાઃ 'એ ઓચિંતા જ આવી ચડેલા. મને તો એવો હરખ થયો. આવડા મોટા માણહ હતા, પણ અભિમાનનો છાંટો સુધ્ધાં ન મળે.'

કરણઃ 'આરતી પૂરી થયા પછી શું થયું એ મને જણાવો.'

પૂજારીઃ 'બસ ખાસ કંઇ નહીં. એમણે મંદિરની દાનપેટીમાં રૂપિયા નાખ્યા. મારા ખબરઅંતર પૂછ્યા. મને કહ્યું કે કોઈ કામકાજ હોય તો જરૂર કહેશો. એટલામાં વીજળીને શું થયું કોણ જાણે, અચાનક બત્તી બંધ થઇ ગઈ. એકદમ અંધારું થઇ ગયું. અંધારામાં આછો સળવળાટ થયો. હવામાં કંઈક ફરતું હોય એમ લાગ્યું. પણ એ તો મારો ભ્રમ પણ હોઈ શકે...એના વિશે કંઇ વિચાર કરું એટલામાં તો મેયરસાહેબની મરણચીસ સંભળાઇ.'

આ સાંભળીને મંદિરના કમાડ પાસે ઊભેલો યુવાન આગળ આવ્યો. બોલ્યોઃ 'સાહેબ, એવું તો મને પણ લાગેલું. પણ પછી થયું કે એ મારો વહેમ હશે. હવામાં તો કોણ ફરે? એવામાં ચીસ સાંભળી. પછી તો સાતઆઠ લોકો કહેવા લાગ્યા, અમે પણ કંઇ સરકતું હોય એવો અવાજ સાંભળેલો. પણ ચીસ સાંભળી એટલે બીજું બધું ભુલાઈ ગયું.'

જયરાજઃ 'સર, એ શેનો અવાજ હશે?.'

કરણઃ 'એ જ તો આપણે શોધવાનું છે!'

પછી પૂજારીને પૂછ્યુંઃ 'મંદિરનું મુખ્ય સ્વીચબોર્ડ ક્યાં છે?'

પૂજારીએ જગા બતાવી. કરણે જયરાજને ફ્યુઝ તપાસી આવવા જણાવ્યું. પછી મંદિરમાં આમતેમ નજર દોડાવીને જોયું કે કમાડમાંથી અંદર એ ખંડમાં પ્રવેશીએ એટલે અઢી ફૂટને અંતરે જમણી બાજુની દીવાલે એક સ્વીચબોર્ડ હતું. કરણે જોયું કે સ્વીચબોર્ડથી એકાદ ફૂટ દૂર એક દોરડું લટકતું હતું. પૂજારીએ કહ્યું કે એને છેડે ઘંટ લગાડવાનો હતો. દરમિયાન જયરાજ તપાસ કરીને આવ્યો કે મુખ્ય સ્વીચબોર્ડમાં ફ્યુઝ બરાબર છે અને એમાં કોઈ ગરબડ કરવામાં આવી નથી. આ જાણીને કરણ મનોમન વિચારવા લાગ્યો કે, કોઈએ આ ખંડની બત્તી બંધ કરીને જ ખૂન કર્યું છે!

કરણે સામે ઊભેલાઓને પૂછ્યુંઃ 'બત્તી બંધ થઇ ત્યારે તમે અહીં જ હતા?'

જવાબ મળ્યોઃ 'હા સાહેબ.'

કરણે કહ્યુંઃ 'હવે ધ્યાનથી સાંભળો અને મને યાદ કરીને કહો કે બત્તી પાસે કોણ ઊભું હતું?'

એ લોકો માથું ખંજવાળવા લાગ્યા. પછી એક જુવાને માથે ટપલી મારીને કંઇ યાદ આવ્યું હોય એમ બોલ્યોઃ 'અરે, હા, હું તો થોડો આગળ ઊભો હતો. આરતીમાં મગન. પણ પાછળથી કોઈ અવાજ કરતું હોય એમ મને લાગ્યું. મને દાઝ ચડી. લોકો આરતી વખતે પણ ચૂપ રહી શકતા નથી એમ વિચારીને મેં પાછળ જોયું. ત્યારે આ માણસ બત્તી પાસે ઊભો રહીને ફોનમાં વાત કરતો હતો. મેં એની સામે ગુસ્સામાં જોયું એટલે એણે ફોન બંધ કરી દીધો.'

કહીને એણે એક વ્યક્તિ સામે આંગળી ચીંધી. એટલે કરણે એને આગળ આવવા કહ્યું. એ આગળ આવ્યો અને બોલ્યોઃ 'હું એકલો બત્તી પાસે નહોતો ઊભો બીજા બે જણા પણ ત્યાં જ ઊભેલા. અને બત્તી પાસે ઊભા રહેવું એ ગુનો છે? શું એનાથી એવું સાબિત થાય છે કે જે બત્તી પાસે ઊભો હોય એ ખૂની છે?'

કરણે ત્રણેયને પોતાની પાસે બોલાવ્યા. એમનું નિરીક્ષણ કર્યું. એક થોડો બેઠી દડીનો ભરાવદાર માણસ હતો. દલીચંદ દત્તાણી એનું નામ. એ એક સરકારી કચેરીમાં કારકુન હતો. એ ચાલીને આવતો હતો ત્યારે કરણ અને જયરાજ બેયને એવું લાગ્યું જાણે નાનું પીપડું ગબડતું હોય! બીજો અપૂર્વ ઉપાધ્યાય હતો. એ એક બેંકમાં મેનેજર હતો. પાતળો હોવાને કારણે હતો એનાથી વધુ ઊંચો દેખાતો હતો. ત્રીજો રવિ ગોહિલ. છ ફૂટ ઊંચો. કસાયેલો કસરતી દેહ. ખેલકૂદનો શોખ હતો. લોંગ જમ્પ એટલે કે લાંબા કૂદકામાં એક સમયે કારકિર્દી બનાવવી હતી, પણ અત્યારે નાનકડી નોકરી કરતો હતો.

ત્રણેને પરિચય મેળવી લીધાં પછી કરણને એકદમ શું સૂઝ્યું કે એણે જયરાજની પોલીસકેપ કાઢીને માની મૂર્તિ તરફ ફંગોળી. કેપ સીધી માના ડાબા હાથના ત્રિશૂળ પર! 'અરે, સર.. આ શું કર્યું?'

જયરાજ ચોંકી ઊઠ્યો. માના ચાર ડાબા હાથ હતા. એમાં સૌથી ઉપરના હાથમાં ત્રિશૂળ અને ત્રિશૂળ પર ટોપી. ત્રિશૂળધારી ડાબો હાથ જમીનથી વીસેક ફૂટની ઊંચાઈએ હતો. ત્યાં હાથ કેવી રીતે પહોંચે? અરે કોઈ નિસરણી લાવો! પૂજારીજી સીડી શોધવા લાગ્યા. એટલામાં રવિએ પેલું હવામાં લટકતું દોરડું પકડ્યું અને હવામાં અદ્ધર ઝૂલ્યો. લોલકની જેમ પહેલાં પાછળ ગયો અને પછી સીધો જ માતાજીની મૂર્તિ પાસે. ત્રિશૂળધરી હાથમાંથી કેપ લીધી અને ગયો હતો એ જ રીતે પાછો આવ્યોઃ 'લ્યો, આપની કેપ!'

કરણે રવિના લંબાવેલા હાથમાં હાથકડી પહેરાવી દીધીઃ 'સાચું બોલ, માવાણી સાહેબનું ખૂન તેં જ કર્યું છે ને? શંકા તો મને હતી જ પણ તેં જે કરતબ બતાવ્યા એના પરથી મને ખાતરી થઇ ગઈ.'

'ના, ના.. મેં કાંઈ નથી કર્યું. એક તો મેં ટોપી ઉતારી દીધી એનો આભાર માનવાને બદલે તમે તો મને જ ખૂની કહો છો!' રવિ ફુંગરાયોઃ 'તમે મારી તલાશી પણ લીધી છે. મારી પાસે કોઈ હથિયાર નથી. હથિયાર વિના હું કઈ રીતે મેયરના માથામાં મારું? તમે સાબિત કરો કે મેં ખૂન કર્યું છે!'

તો સાંભળ...કરણે પોતાની અવલોકનશક્તિ અને તર્કશક્તિનો અદભુત પરિચય આપ્યોઃ 'મેયરસાહેબ અહીં આવવાના હતા એવી કોઈને ખબર નહોતી. તને પણ નહીં, રવિ., એટલે તું કાંઈ ખૂનની યોજના ઘડીને અહીં આવ્યો નહોતો. પણ, તારે એમની સાથે કોઈ દુશ્મની જરૂર હતી. એથી તેં એમને જયારે જોયા ત્યારે જ એમનું ખૂન કરવાનું નક્કી કરી લીધું. આવો મોકો તને બીજી વાર મળવાનો નહોતો. આ મંદિરમાં જ એમનું કાસળ કાઢવા પહેલાં તો તેં બત્તી બંધ કરી, પછી પેલા દોરડે ઝૂલીને સીધો મૂર્તિ પાસે પહોંચ્યો. પૂજારી અને બીજાઓને હવામાં કોઈ ફરતું હોવાનો આભાસ એટલે જ થયેલો. પછી મેયરસાહેબનું ખૂન કર્યું અને પોતાની જગ્યાએ આવીને, બત્તી ચાલુ કરીને ગોઠવાઈ ગયો. કારણ કે ચોકીદારે ચીસ સાંભળીને કમાડ વાસી દીધેલાં.'

રવિ ખડખડાટ હસી પડ્યો.ઃ 'ઇન્સ્પેક્ટર, તમે કથા તો બહુ સારી કરી. પણ એક વાત કહેવાનું ભૂલી ગયા કે, મેયરની હત્યા માથે વાગવાથી થઇ છે. અને મારી પાસે કોઈ હથિયાર નથી. ખૂન મેં કર્યું છે એ સાબિત કઈ રીતે કરશો?'

કરણઃ 'મને ખબર હતી કે તું આ પ્રશ્ન જરૂર કરીશ. તો સાંભળ, તું કોઈ યોજના બનાવીને આવ્યો નહોતો એટલે તારી પાસે હથિયાર નહોતું. તેં વિચાર્યું કે હાજર સો હથિયાર! તું દોરડે ઝૂલીને માતાજીની મૂર્તિ પાસે પહોંચ્યો અને એમના ડાબા હાથમાંથી ઘંટ લીધો. એ ઘંટનો ફટકો મારીને મેયરસાહેબનું માથું ફોડી નાંખ્યું. પછી ફરી દોરડે ટીંગાઈને ઘંટ માતાજીના હાથમાં મૂકી આવ્યો. એ હાથ ત્રીજો ડાબો હાથ છે અને ત્રિશૂળ ચોથો ડાબો હાથ છે....' કહીને કરણે સમાપન કર્યુંઃ 'હું તારા કરતબ જોવા માંગતો હતો. હવામાં તું કેટલે સુધી પહોંચી શકે છે એ જોવું'તું મારે. એટલે જ મેં જયરાજની ટોપી ત્રિશૂળ પર ફંગોળેલી. મને ખાતરી હતી કે તારી અંદરનો કુશળ ખેલાડી કરતબ બતાવવાનું નહીં ચૂકે. મેં તો અંધારામાં તીર છોડેલું. એ તીર નિશાના પર લાગ્યું... તું ટોપી લઇ આવ્યો. જો તું ત્રિશૂળ સુધી પહોંચી શકે તો એનાથી નીચેના હાથમાંથી ઘંટ તો લઇ જ શકે ને? ઘંટને ફોરેન્સિક તપાસ માટે મોકલીશ એટલે એના પરથી માવાણી સાહેબનું લોહી મળી આવશે. અને તારા આંગળાંની છાપ પણ. બોલ, હું સાચું જ કહું છું ને કે ખૂન તેં જ કર્યું છે! ખરું કે ખોટું?'

'ખરું સાહેબ...' રવિએ કબૂલ કર્યુંઃ 'મેં પહેલાં કહ્યું એમ મારે ખેલકૂદમાં, લોંગ જમ્પમાં કારકિર્દી બનાવવી હતી. ઘરની આર્થિક સ્થિતિ સારી નહોતી. છતાં મારે ખાતર પિતાજીએ દેવું કર્યું. હું ખૂબ મહેનત કરતો. પણ ખેલકૂદ માટેની પસંદગી સમિતિના અધ્યક્ષ આ મનોજકુમાર માવાણી હતા. મારો દેખાવ સારો હોવા છતાં એમણે મારી પસંદગી ન કરી. સિલેકશન માટે પાંચ લાખ રૂપિયા માંગ્યા. હું ક્યાંથી લાવું? હું ખૂબ કરગર્યો. પણ ન માન્યા. મારી જિંદગી બરબાદ થઇ ગઈ. દેવું ચૂકવવા જે મળી તે નોકરી કરવા લાગ્યો.'

રવિએ દાંત ભીંસીને કહ્યુંઃ 'મેં અહીં એમને જોયા એટલે ચલચિત્રની પટ્ટીની જેમ બધાં દ્રશ્યો મારી આંખ સામેથી પસાર થઇ ગયા. મને ખુન્નસ ચડ્યું. આનું ઢીમ ઢાળી દઉં. મારી પાસે કોઈ હથિયાર તો હતું નહીં. એવામાં મારી નજર માતાજીનાં શસ્ત્રો પર પડી. મેં મારા જીવનના મહિષાસુરનો વધ માતાજીના શસ્ત્રથી જ કરવાનું નક્કી કર્યું. મેં દોરડે ઝૂલીને ઘંટ ઉપાડ્યો અને મેયરના માથે ફટકાર્યો. પછી વળી દોરડે ઝૂલીને ઘંટ પાછો એના સ્થાને ગોઠવી દીધો. મને એમ હતું કે કોઈને ખબર નહીં પડે અને કોઈ મને પકડી નહીં શકે, પણ...ઇન્સ્પેક્ટર, યુ આર જિનિયસ!' ■

**આવતા અઠવાડિયે નવી કથા**

---

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

# બહાર સીધું-અંદર ખૂણાઃ ટોક્યોનું સામૂહિક આવાસ

હેમંત વાળા feedback@bombaysamachar.com





માનવી તેમ જ મકાન - જેવાં અંદર હોય તેવાં જ બહાર વર્તાય તે ઇચ્છનીય ગણાતું હોય છે. આપણે ત્યાં તો કહેવત છે કે 'હાથીના ચાવવાના જુદા અને દેખાડવાના જુદા'. હાથી માટે આ બરાબર છે, પરંતુ શું સ્થાપત્યમાં અને તેમાં પણ ખાસ કરીને આવાસમાં, આ પ્રકારની પરિસ્થિતિ ઇચ્છનીય ગણાય. ખબર નથી પડતી કે એવાં ક્યાં સંજોગો ઊભાં થયાં હશે કે જેનાથી અહીં અંદરના ઓરડાઓ વિચિત્ર આકારના, ખાંચાખૂંચી વાળા બનાવવાં પડ્યા.

જાપાનીઝ સ્થાપતિ અકિહિસા હીરાતા દ્વારા નિર્મિત આ આવાસ સાંપ્રત સમયમાં સમાજની પસંદગી માટે કેટલાક પ્રશ્નો ઊભાં કરે છે. સાંપ્રત સમયમાં એમ જણાય છે કે સમાજ માત્ર જુદા પડવા માટે જુદા પડવાનો આગ્રહ રાખી શકે. લોકોની નજરે ચડવા કે લોકોની જીભે ચડવા એ બધી વાતો પણ સ્વીકારી લેવામાં આવે કે જે લોકોને સાર્થક નહીં પણ ચટપટી લાગે. ઘણીવાર તો જે સ્વીકૃત છે, જે સાબિત થઈ ચૂક્યું છે, જે માન્ય છે, જે પરિણામ આપે છે તેનું પણ વિસ્થાપન કરવું એ એક ફેશન થઈ ગઈ છે. બધાં કરે છે એટલે આમ કરવું કે બધાં કરે છે એટલે આમ ન કરવું - એ બંને પ્રકારની માનસિકતા કેટલી હદે ઇચ્છનીય હોઈ શકે તે પ્રશ્ન છે. ક્યારેક તો એમ જણાય છે કે જ્યારે ચોક્કસ પ્રકારની યથાર્થ સર્જનાત્મક ક્ષમતા કે સંવેદનશીલતા ન હોય ત્યારે પોતાનું વિશેષ પ્રકારનું અને આગવું સર્જનાત્મક સામર્થ્ય બતાવવા માટે જાતે જ અમુક પ્રકારનાં પડકાર ઊભાં કરવામાં આવતાં હશે.

ઇતિહાસ સાક્ષી છે, દરેક સંસ્કૃતિમાં એ વાત સ્વીકૃત છે કે, આવાસ એ હાશની અનુભૂતિ કરાવી શકે તેવી રચના હોવી જોઈએ. માનવ માત્ર આ પ્રકારના રહેણાકની અપેક્ષા પણ રાખે અને યાચના પણ કરે. માનવી દુનિયાથી થાકીને આવાસમાં પરત ફરે. અહીં તેને શાંતિ મળે તેવી પરિસ્થિતિ હોવી જોઈએ. એમ કહેવાય છે કે આવાસમાં વ્યક્તિને શાંતિ મળે તે માટે આવાસની રચનામાં સાદગી, સરળતા, સ્પષ્ટતા, સુંદરતા તેમ જ ઇચ્છિત સગવડતાઓ હોવી જોઈએ. આ બધી જરૂરિયાત જે તે વ્યક્તિની ક્ષમતા અને પરિસ્થિતિની સંભાવના પર આધાર રાખે. આની સામે જ્યારે આવાસની રચનામાં બિનજરૂરી જટિલતા, અસ્પષ્ટતા કે હંગામી સુંદરતાનો ભાવ ઊભો કરવામાં આવે ત્યારે આવાસના મૂળભૂત હેતુ સામે પ્રશ્ન ઊભો થયો હોય તેમ લાગે. આવા પ્રશ્નો ઊભા કરાવવા પણ જોઈએ અને તેનો જવાબ મળે તે માટે સામાજિક દબાણ ઊભું કરવું પડે.



મકાનની અંદર આવનજાવનના માર્ગ તથા ઓરડાઓમાં પ્રયોજાયેલ અનિયમિત આકારો, વોરોનોઈ આકૃતિઓ જેવાં ધડમૂળથી જુદાં અલગ અલગ પ્રકારનાં ફ્લોર પ્લાન, તેનાથી દરેક માળને મળતી આગવી પણ વિચિત્ર ઓળખ તથા વિશેષતા, એકબીજા સાથે પરસ્પર ગોઠવાઈ જતાં ખૂણા, સમૂહતામાં સ્થાપિત થતો વ્યવસ્થિત ભૌમિતિક લંબચોરસ આકાર, નીચેના જમીનના સ્તરે ખુલ્લી જગ્યાઓની રસપ્રદ વહેંચણી, આ સ્થાને એક દરેક સ્થાનોને સાંકળી લેતો દાદર, બહારની પરિસ્થિતિ સાથેનું પૂર્વ નિર્ધારીત જોડાણ, વિવિધ પ્રકારના પણ રહેણાકીય કહી શકાય તેવા પ્રમાણમાપ જેવી બાબતો આ સમૂહ આ વાતની ખાસિયત ગણાય છે. અહીં દરેક જગ્યાએ કદ, સ્થિતિ, આકાર અને પરસ્પરના સંબંધમાં અનન્યતા છે અને આ અનન્યતાને કારણે જ એપાર્ટમેન્ટનું પાત્રપણું - કન્ટેનરનેસ વ્યાખ્યાયિત થાય છે.

મજાની વાત એ છે કે આ મકાનમાં જ્યાં ત્યાં દેખાતાં ખૂણાઓને નજરઅંદાજ કરવામાં આવે અથવા જો તેનું સરળીકરણ કરવામાં આવે, તો કદાચ કોઈપણ મંચ પર, કોઈપણ માધ્યમમાં તેની ચર્ચા ન થઈ હોત. એવા સંજોગોમાં આ સામૂહિક આવાસ અર્થાત્ એપાર્ટમેન્ટ પરંપરાગત કહી શકાય તેવી રચના જ બની રહે, પરંતુ અત્યારની પરિસ્થિતિ પ્રમાણે તો ત્રણ માળના આ મકાનના સ્થાપત્ય માટે ગૂંચવાયેલું, અસ્પષ્ટ, અનિયમિત, પાસાદાર જેવાં શીર્ષક આપી શકાય.

એક પરી-કલ્પના તરીકે જો દરેક માળને એક નાના શહેર તરીકે સમજવામાં આવે તો આ રચના એક જુદા જ પ્રકારની છબી પ્રસ્તુત કરે. તેવાં સંજોગોમાં અહીં દરેક સ્થાનને વિશિષ્ટ મહત્ત્વ મળે, ખાસ કનેક્ટિવિટી મળે, ચોક્કસ પ્રકારની ઓળખ મળે અને આજુબાજુની પરિસ્થિતિ માટે વિશેષ સંલગ્નતા સ્થાપિત થાય. આવી પરિસ્થિતિ, સામાન્ય રીતે, શહેરના જુદા જુદા વિસ્તાર વચ્ચે જોવા મળે. આ રચનામાં કદાચ આવો પ્રયત્ન પણ થયો હોય. પરંતુ પ્રશ્ન એ છે કે આવાસમાં શું આ બધું જરૂરી છે. શહેરને શહેર તરીકે લેવું જોઈએ અને આવાસને આવાસ તરીકે. પ્રત્યેક મકાન કે આવાસ એક પાંદડું છે, ડાળીઓ રસ્તા છે અને શહેર એ વૃક્ષ છે. પાંદડાને પાંદડા તરીકે જ લેવાવું જોઈએ, ડાળીને ડાળી જ રહેવા દેવી જોઈએ અને વૃક્ષ તો વૃક્ષ છે જ.

સમજવાની વાત એ છે કે સ્થાપત્ય એ ગંભીર વિષય છે. અહીં વ્યક્તિગત ઘેલછા, માન્યતાને વધુ પડતું મહત્ત્વ મળે તે ઇચ્છનીય નથી. છતાં પણ આ એપાર્ટમેન્ટ, આ સમૂહ-આવાસ સ્વીકારી લેવું જોઈએ. આ તેમની વ્યક્તિગત બાબત થઈ. કદાચ સ્થપતિ અને ગ્રાહકની ઈચ્છા એકબીજા સાથે મેળ ખાતી હોય અને તેને કારણે આ પ્રકારની રચના અસ્તિત્વમાં આવી હોય તો પછી આ વાતને તેમની વ્યક્તિગત વાત તરીકે જ રહેવા દેવી જોઈએ, તેના જાહેર મંચ પર ગુણગાન ગાવા કેટલું ઇચ્છનીય છે તે માટે વ્યક્તિએ જાતે નિર્ણય કરી લેવાનો. ■







## વર્લ્ડ ચૅમ્પિયનોનું પરિવાર અને મિત્રોએ કર્યું શાનદાર સ્વાગત

ભારતની વર્લ્ડ ચૅમ્પિયન મહિલા ક્રિકેટ ટીમની ખેલાડીઓ (ડાબે, ઉપર) રિચા ઘોષનું પશ્ચિમ બંગાળના સીલીગુરીમાં તેમ જ હર્લીન દેઓલ તથા અમનજોત કૌર (ડાબે તથા ઉપર)નું પંજાબના મોહાલીમાં પરિવારજનો અને મિત્રો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

# સ્મૃતિ, જેમિમા અને રાધા યાદવને મહારાષ્ટ્રના ₹ ૨.૨૫ કરોડના ઇનામ

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે ભારતની વર્લ્ડ ચૅમ્પિયન મહિલા ટીમની મુંબઈની ત્રણ ખેલાડી સ્મૃતિ મંધાના, જેમિમા રૉડ્રિગ્સ અને રાધા યાદવનું સન્માન કરીને (આ દરેકને) ૨.૨૫ કરોડ રૂપિયાનું રોકડ ઇનામ આપ્યું હતું.

મુખ્ય પ્રધાને દક્ષિણ મુંબઈમાં તેમના નિવાસસ્થાન ‘ વર્ષા’ ખાતે ત્રણેય પ્લેયરના બહુમાનનો કાર્યક્રમ યોજ્યો હતો અને તેમને આ ઇનામી રકમથી સન્માનિત કરી હતી. ટીમના હેડ-કોચ અમોલ મુઝુમદારને ૨૨.૫૦ લાખ રૂપિયાનો ચેક આપવામાં આવ્યો હતો, જ્યારે સપોર્ટ સ્ટાફના પ્રત્યેક મેમ્બરને ૧૧ લાખ રૂપિયા અપાયા હતા.

ફડણવીસે ત્રણેય વર્લ્ડ ચૅમ્પિયન ખેલાડીઓને ‘ મહારાષ્ટ્રનાં ગૌરવ’ તરીકે ઓળખાવી હતી અને કહ્યું હતું કે ‘ ભારતીય ટીમનો આ વિજય છોકરીઓને ખેલકૂદમાં કરીઅર બનાવવા તેમ જ વૈશ્વિક સ્તરે ચમકવા માટે પ્રેરિત કરશે. ખાસ કરીને જેમિમા રૉડ્રિગ્સે ઑસ્ટ્રેલિયા સામેની સેમિ ફાઇનલમાં જે સેન્ચુરી કરી એ ભારત માટે ટર્નિંગ પૉઇન્ટ બની હતી અને ભારત ફાઇનલમાં પહોંચ્યું હતું. આ ટીમે જે રીતે ટૂર્નામેન્ટમાં લડત આપી અને ખેલાડીઓ એક પરિવારની જેમ રમી એ બતાવે છે કે ટીમવર્ક થકી જ આ સિદ્ધિ શક્ય બની છે.’

મહિલા ક્રિકેટના બાવન વર્ષના ઇતિહાસમાં ભારતે પહેલી વાર વર્લ્ડ કપ જીતી લીધો છે અને એ રીતે હરમનપ્રીત કૌર ઍન્ડ કંપનીએ ઑસ્ટ્રેલિયા તથા ઇંગ્લૅન્ડના એકચક્રી શાસનનો અંત લાવી દીધો છે. ફાઇનલમાં ભારતે સાઉથ આફ્રિકાને બાવન રનથી પરાજિત કર્યું હતું.

મહિલા ક્રિકેટના વિકાસ માટે બીસીસીઆઇ તેમ જ આઇસીસીના ચૅરમૅન જય શાહ જે જહેમત ઉઠાવી રહ્યા છે એ બદલ પણ ફડણવીસે તેમની પ્રશંસા કરી હતી. મુખ્ય પ્રધાનના આ સમારોહમાં બોલિંગ-કોચ આવિષ્કાર સાળવી, ભારતીય મહિલા ક્રિકેટનાં ભૂતપૂર્વ કૅપ્ટન અને ક્રિકેટ-લેજન્ડ ડાયના એદલજી, વિશ્લેષક અનિરુદ્ધ દેશપાંડે, લૉજિસ્ટિક્સ કો-ઑર્ડિનેટર અપર્ણા ગંભીરરાવ તેમ જ સપોર્ટ સ્ટાફના મેમ્બર્સ મિહિર ઉપાધ્યાય, પૂર્વા કાટે અને મમતા શિરરુલ્લા પણ ઉપસ્થિત હતાશ.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પણ આ ફંક્શનમાં હાજર હતા. તેમણે ચૅમ્પિયન ટીમને બિરદાવતાં કહ્યું, ‘ ૧૯૮૩માં કપિલ દેવ અને તેમના સાથીઓએ વર્લ્ડ કપની ટ્રૉફી જીતી લીધી હતી ત્યારે દેશમાં ક્રિકેટને ધર્મની ઓળખ મળી હતી. તમારી જીત ૧૯૮૩ જેવી જ છે. દાયકાઓ પછી મહિલા ક્રિકેટમાં દેશને આ મહાન સિદ્ધિ મળી જે તમે અપાવી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જેમ કહ્યું છે એમ તમે બધાએ સૌનાં દિલ જીતી લીધા છે. તમારી આ જીત પછી દેશમાં દિવાળી ફરી ઉજવાઈ છે. આ વિજય પરથી સાબિત થયું છે કે ગ્રામ્ય ભારતમાંથી આવતી છોકરીઓને તક મળે તો તેઓ દેશને ગૌરવ અપાવી શકે.’





જેમિમા અને સ્મૃતિનું બહુમાન કરી રહેલા ફડણવીસ અને અજિત પવાર. (પીટીઆઇ)

## વર્લ્ડ કપમાં હવેથી ૧૦ ટીમ

ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના બૉર્ડે ૨૦૨૯ની સાલના આગામી મહિલાઓના વન-ડે વર્લ્ડ કપમાં કુલ ટીમની સંખ્યા આઠથી વધારીને ૧૦ કરવાનો નિર્ણય લીધો છે.

## પ્રતીકા રાવલને છેવટે મેડલ મળ્યું ખરું!

ઓપનર પ્રતીકા રાવલ ઈજાને લીધે સેમિ ફાઇનલ પહેલાં જ ટૂર્નામેન્ટની બહાર થઈ ગઈ હોવાથી ફાઇનલ બાદ ભારતની (પ્રતીકાના સ્થાને રમનાર શેફાલી સહિતની) તમામ ૧૫ ભારતીય ખેલાડીઓને આપવામાં આવેલા આઇસીસી મેડલને પાત્ર નહોતી. જોકે પ્રતીકાએ શુક્રવારે પત્રકારોને કહ્યું, ‘ મને આ બહુમૂલ્ય મેડલ મળી ગયું છે. મને કોઈકે કહ્યું કે (આઇસીસી ચૅરમૅન) જય શાહે મારા માટે આ મેડલ મોકલ્યું છે. હું બેહદ ખુશ છું. આ મેડલ આવવાનું જ હતું, કારણ વિના સોશ્યલ મીડિયામાં કેટલાકે મેડલનો આ મુદ્દો ચગાવી નાખ્યો.’ ■

# કુડો ટૂર્નામેન્ટમાં નવસારીની જિઆના વિની રાવલને બે ગોલ્ડ અને એક બ્રોન્ઝ મેડલ



નવસારી: કુડો ઇન્ટરનૅશનલ ફેડરેશન, ઇન્ડિયા દ્વારા સુરતમાં તાજેતરમાં છ દિવસ સુધી આયોજિત રાષ્ટ્રીય સ્તરની કુડો ટૂર્નામેન્ટમાં નવસારીની પોદ્દાર ઇન્ટરનૅશનલ સ્કૂલની વિદ્યાર્થિની જિઆના વિની રાવલને બે ગોલ્ડ મેડલ અને તે પછી યોજાયેલી ઇન્ટરનૅશનલ ટૂર્નામેન્ટમાં એક બ્રોન્ઝ મેડલ એમ કુલ મળીને ત્રણ ચંદ્રક મળ્યા હતા. સ્પોર્ટ્સ મંત્રાલય દ્વારા માન્યતા પ્રાપ્ત કુડો ઇન્ટરનૅશનલ ફેડરેશન ઇન્ડિયા દ્વારા આયોજિત નેશનલ લેવલની ટૂર્નામેન્ટમાં ૨૪ કિલો સુધીની (નવ વર્ષ સુધીની) ગર્લ્સ કૅટેગરીમાં જિઆના વિની રાવલને ગોલ્ડ મેડલ મળ્યો તે પછી છઠ્ઠા કુડો ફેડરેશન કપમાં પણ તેણે સુવર્ણ ચંદ્રક જીતી લીધો હતો. ત્યાર બાદ તેણે ૧૭મી અક્ષય કુમાર ઇન્ટરનૅશનલ કુડો ટૂર્નામેન્ટમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો. એ સાથે, જિઆના વિની રાવલે કુલ મળીને ત્રણ મેડલ હાંસલ કર્યા હતા. કુડો નામની રમત જાપાનીઝ માર્શલ આર્ટ્સનો એક મહત્ત્વનો હિસ્સો છે. આ રમત મિક્સ્ડ માર્શલ આર્ટ તરીકે પણ ઓળખાય છે અને રશિયા તથા ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં એની સ્પર્ધાઓ યોજાય છે. ■

# ક્રિકેટર હર્લીન દેઓલે મોદીને આ શું પૂછી નાખ્યું?

નવી દિલ્હી: ભારતની વર્લ્ડ ચૅમ્પિયન મહિલા ક્રિકેટ ટીમે બુધવારે પાટનગરમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેના સેશનમાં ખૂબ રસપ્રદ ચર્ચાની મોજ માણી, બધા ખૂબ હસ્યાં અને પછી દેશના આ સર્વોચ્ચ વડા સાથે ભોજન પણ માણ્યું, પરંતુ ટીમની ખેલાડી હર્લીન દેઓલે મોદીને એક સવાલ પૂછીને સૌને ચોંકાવી દીધા હતા. જોકે આ સવાલ સાંભળીને બધા હસ્યા પણ હતા અને ખુદ મોદીએ સમજદારીપૂર્વકનો જવાબ આપીને સ્થિતિ વધુ હળવી બનાવી હતી.

દેશમાં અસંખ્ય લોકોને એક દાયકાથી મોદી જૅકેટનું ઘેલું લાગ્યું છે તેમ જ ૭૫ વર્ષના મોદી સાહેબની ફિટનેસ તથા સ્વસ્થતાથી પણ દેશ-વિદેશમાં અનેક લોકો પ્રભાવિત થયા છે. જોકે નવાઈની વાત એ છે કે હર્લીનને તેમની સ્કિનકેર વિશે તેમ જ તેમના ચહેરા પરની ચમક વિશે પૂછી લેવાનું મન થયું અને તેણે પૂછી પણ લીધું! એવરગ્રીન અને પ્રસન્નચિત મોદીએ નિખાલસતાથી પૂછવામાં આવેલા આ થોડા અંગત સવાલ પર હસતાં એટલું જ કહ્યું કે ‘ મેં એ વિશે ખાસ કંઈ વિચાર્યું જ નથી.’ ■

# નિવૃત્તિ પાછી ખેંચ્યા બાદ ડિકૉકની મૅચ-વિનિંગ સેન્ચુરી

ફૈસલાબાદ: સાઉથ આફ્રિકાના વિકેટકીપર-બૅટ્સમૅન ક્વિન્ટન ડિકૉકે વન-ડે ક્રિકેટમાંથી બે વર્ષ પહેલાં લીધેલી નિવૃત્તિ પાછી ખેંચી લીધી ત્યાર પછીની પહેલી બન્ને મૅચ (૬૩ રન અને અણનમ ૧૨૩)માં ધમાકેદાર પર્ફોર્મ કર્યું જેમાં ખાસ કરીને શુક્રવારે પાકિસ્તાન (૯/૨૬૯) સામે સિરીઝની બીજી વન-ડેમાં તેની ઇનિંગ્સ મૅચ-વિનિંગ નીવડી હતી. ડિકૉકે ૧૮૫ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહીને ૧૧૯ બૉલમાં સાત સિક્સર અને આઠ ફોરની મદદથી અણનમ ૧૨૩ રન કર્યા હતા. સાઉથ આફ્રિકા (૨/૨૭૦)એ પાકિસ્તાન સામે ત્રણ મૅચવાળી સિરીઝની આ બીજી વન-ડે જીતીને ૧-૧ની બરાબરી કરી લીધી હતી. ■

## આજે ભારતની છેલ્લી ટી-૨૦

બ્રિસ્બેન: ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે આજે (બપોરે ૧.૪૫ વાગ્યાથી) સિરીઝની છેલ્લી ટી-૨૦ રમાશે. ભારત ૨-૧થી શ્રેણીમાં આગળ છે એટલે આજે પણ જીતીને શ્રેણીની ટ્રૉફી પર કબજો કરી લેવાનો સૂર્યકુમાર ઍન્ડ કંપનીને સારો મોકો છે. સ્પિનર્સને અહીંની પિચ પર જોઈએ એવી મદદ નહીં મળે. બુમરાહને ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં ૧૦૦ વિકેટ પૂરી કરવા એક જ શિકારની જરૂર છે. ૨૦૧૬ પછી ભારત ક્યારેય ઑસ્ટ્રેલિયા સામે સિરીઝમાં સતત ત્રણ ટી-૨૦ નથી જીત્યું. ■

# ઉથપ્પાની ફટકાબાજી પછી મેઘરાજા વરસ્યા, પાકિસ્તાન હાર્યું

### છ-છ ઓવરની મૅચ વરસાદ પડતાં ત્રણ-ત્રણ ઓવરની થઈ!

હૉંગ કૉંગ: અહીં હૉંગ કૉંગ સિક્સીસ નામની છ-છ ઓવરની અને છ-છ ખેલાડી વચ્ચેની ટૂર્નામેન્ટમાં પૂલ-સીમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના મિની હાઈ-વૉલ્ટેજ મુકાબલામાં રૉબિન ઉથપ્પા (૨૮ રન, ૧૧ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર)ની ફટકાબાજીની મદદથી ભારતે પાકિસ્તાનને જીતવા ૮૭ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપ્યો ત્યાર બાદ વરસાદ પડતાં મૅચ ટૂંકી (ત્રણ-ત્રણ ઓવરની) થઈ ગઈ હતી જેમાં બદનસીબ પાકિસ્તાને લડત આપ્યા પછી પણ હાર જોવી પડી હતી. ઉથપ્પાને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

બન્યું એવું કે અબ્બાસ આફ્રિદીની કૅપ્ટન્સીમાં પાકિસ્તાન ૮૭ રનનો ટાર્ગેટ જોરદાર ફટકાબાજીથી હાંસલ કરવાની દિશામાં આગળ વધી રહ્યું હતું. ત્રણ ઓવરમાં એક વિકેટે ૪૧ રન થયા હતા અને ઓવર દીઠ રનરેટ ૧૩.૬૬નો હતો. અબ્દુલ સામદ ૧૬ રને અને ઓપનર ખ્વાજા નફાય ૧૮ રને રમી રહ્યા હતા ત્યારે વરસાદ શરૂ થઈ ગયો હતો અને પછી રમત ફરી શરૂ જ નહોતી થઈ શકી.

એ તબક્કે ડકવર્થ/લુઇસ મેથડ લાગુ પડી હતી અને ઍટ પાર સ્કોર સામે પાકિસ્તાન માત્ર બે રન દૂર રહી ગયું હતું અને ભારતને બે રનથી વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું. સ્ટુઅર્ટ બિન્નીની બોલિંગ ઍનેલિસિસ (૧-૦-૭-૧) પણ પાકિસ્તાનને હરાવવા માટે કારણભૂત બની હતી.

એ પહેલાં, દિનેશ કાર્તિકના નેતૃત્વમાં ભારતીય ટીમે છ ઓવરમાં ચાર વિકેટે જે ૮૬ રન કર્યા હતા એમાં ઉથપ્પાના ૨૮ રન ઉપરાંત ૪૨ વર્ષની ઉંમરના મૂળ કર્ણાટકના ભારત ચિપલી (૨૪ રન, ૧૩ બૉલ, બે સિક્સર, બે ફોર)નું પણ મોટું યોગદાન હતું. ખુદ કૅપ્ટન કાર્તિક (૧૭ અણનમ, છ બૉલ, એક સિક્સર, બે ફોર)નો પણ ૮૬ રનમાં ફાળો હતો. પાકિસ્તાન વતી મુહમ્મદ શાહઝાદે સૌથી વધુ બે વિકેટ લીધી હતી.

પાકિસ્તાનની ટીમ શુક્રવારે સવારે કુવૈત સામે શાનદાર જીત મેળવ્યા બાદ ભારત સામે રમવા આવી હતી, પણ એણે હતાશ થવું પડ્યું હતું.

પાકિસ્તાનના ૨૪ વર્ષની ઉંમરના બૅટ્સમૅન અબ્બાસ આફ્રિદીએ હૉંગ કૉંગ ઇન્ટરનૅશનલ સિક્સીસ ટૂર્નામેન્ટમાં મોટું પરાક્રમ કર્યું છે અને ઇંગ્લૅન્ડના રવિ બોપારાના રેકૉર્ડની બરાબરી કરી છે. અબ્બાસ આફ્રિદીએ શુક્રવારે કુવૈતના બોલર યાસિન પટેલની ઓવરના છ બૉલમાં છ છગ્ગા (૬, ૬, ૬, ૬, ૬, ૬) ફટકાર્યા હતા. ■

## અન્ય મૅચોમાં શું બન્યું

(૧) ઑસ્ટ્રેલિયાનો યુએઇ સામે છ વિકેટે વિજય. (૨) અફઘાનિસ્તાનનો સાઉથ આફ્રિકા સામે ૪૯ રનથી વિજય. (૩) બાંગ્લાદેશનો શ્રીલંકા સામે ૧૪ રનથી વિજય. (૪) પાકિસ્તાનનો કુવૈત સામે ચાર વિકેટે વિજય. (૫) અફઘાનિસ્તાનનો નેપાળ સામે ૧૭ રનથી વિજય. (૬) હૉંગ કૉંગનો શ્રીલંકા સામે ચાર વિકેટે વિજય.■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| નીંગળવું | ઊંઘ |
| નીંઝણ | અશક્ત |
| નીંદર | સતત |
| નિરંતર | સુસ્ત |
| નિર્બળ | ટપકતું |

### ઓળખાણ પડી?



ગાયક, વાદક તરીકે અફાટ પ્રતિભા ધરાવનારા આસામી કલાકારની ઓળખાણ પડી? સપ્ટેમ્બરમાં તેનું સિંગાપોરમાં અવસાન થયું હતું.

અ) અમિત મિશ્રા બ) દર્શન રાવલ ક) ઝુબીન ગર્ગ ડ) મહેશ સોપારીવાલા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઢં | ૨ ગ | ૩ ધ | ૪ ડા | | ૫ અ | લે | ૬ લ | ૭ ટ | પુ |
| ૮ કા | મ | ગ | રો | | રે | | ૯ પા | પા | |
| ચે | | શ | | ૧૦ જ | | ૧૧ સ | વ | લ | ૧૨ ત |
| ૧૩ લો | ૧૪ ચો | | ૧૫ કો | મ | વા | દ | | ૧૬ પે | ક |
| | ૧૭ ર | ૧૮ હે | ઠા | ણ | | ર | | ૧૯ ટી | લી |
| ૨૦ ખ | | ત | | વા | | ૨૧ હુ | ૨૨ લ | | |
| ૨૩ પા | ૨૩અ ગ | | | ૨૪ ર | ૨૫ જા | | ૨૬ પ | હે | લ |
| ૨૭ ટિ | પ | | ૨૮ ત | | ૨૯ ન | સ | લ | | |
| યું | | ૩૦ ક | લ | ૩૧ ર | વ | | ૩૨ પિ | ક્ચ | ૩૩ ર |
| | ૩૪ દ | ર | બ | દ | ર | | યો | | ચો |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | | ૩ | | ૪ | | |
| ૫ | | | | ૬ | | | | | ૭ |
| ૮ | | ૯ | | | | ૧૦ | | | |
| | | | | ૧૧ | | | | | |
| | ૧૨ | | ૧૩ | | | ૧૪ | ૧૫ | ૧૬ | |
| ૧૭ | | | | | ૧૮ | | ૧૯ | | ૨૦ |
| ૨૧ | | ૨૨ | | ૨૩ | | | | | |
| | | ૨૪ | | | | ૨૫ | | ૨૬ | |
| ૨૭ | | | | | | ૨૮ | ૨૯ | | |
| | | ૩૦ | | | | ૩૧ | | | |

**આડી ચાવી**

૧. તખલ્લુસ (૪)
૩. બગાડ (૪)
૫. પરુ, રસી (૨)
૬. કથા, વાર્તા, શ્લોક (૨)
૮. ધ્યાનમાં લીન (૪)
૧૦. ભમરો (૪)
૧૧. લટકો, લહેકો (૩)
૧૨. અનહદ (ધ્વનિ) (૪)
૧૪. વાહન ચલાવવા જોઇએ (૩)
૧૭. ઘા (૨)
૧૯. પ્રૌઢ (૩)
૨૧. તારો (૩)
૨૩. --- મૂકવાં એટલે પરાક્રમ કરવું (૨)
૨૪. મનને આનંદ આપવો તે (૫)
૨૬. ચોકડી ભાતનું કાપડ (૨)
૨૭. લગની, હઠ, આગ્રહ (૨)
૨૮. હામ, બહાદુરી (૩)
૩૦. સામાન્ય (૪)
૩૧. જૈન ભજન, સ્તુતિ (૩)

**ઊભી ચાવી**

૧. શિક્ષક, પુરોહિત (૪)
૨. હજમ થવું તે (૩)
૩. રૂઢિ (૨)
૪. છનો સમૂહ (૩)
૭. ઘર, રહેઠાણ (૩)
૯. કમળકાકડીનાં બી (૩)
૧૦. નાનો મંકોડો, જીવડું (૩)
૧૧. અભિપ્રાય (૨)
૧૨. દુ:ખનો ઉદ્ગાર (૩)
૧૩. સીમા (૨)
૧૫. ઝડપ, વેગ, સપાટો (૩)
૧૬. નસીબ (અં.) (૨)
૧૭. વાયુનું આવરણ (૫)
૧૮. ખંજવાળ (૩)
૨૦. ટપકતું હોય એમ (૩)
૨૨. ઓછું (૨)
૨૩. રિવાજ, હાર, શ્રેણી (૪)
૨૫. ના (૨)
૨૬. ચેતવવુંનું આજ્ઞાર્થ રૂપ (૩)
૨૯. સરસ, મજાનું (૨)

### ગુજરાત મોરી મોરી રે

હાસ્ય અભિનેતા તરીકે ગુજરાતી ફિલ્મોમાં ઠસો ઉમટાવનારા પી. ખરસાણીએ કયા ગુજરાતી નાટકમાં ભૂમિકા કરી હતી એ જણાવો.

અ) અભિનય સમ્રાટ બ) પ્રીત પિયુ ને પાનેતર
ક) પત્તાની જોડ ડ) સૌભાગ્ય સુંદરી

### જાણવા જેવું

કવિતામાં ભાષા વૈવિધ્ય સમજવા જેવું છે. ભક્તિમાર્ગનાં ગીતો પ્રારંભથી જ ગુજરાતી કવિતાનો મુખ્યસ્તંભ રહ્યો છે. વળી ખાસ તો હરિભક્તિની વાતો કરવા માટે આપણા કવિઓએ ઘણીવાર ખડી બોલી, વ્રજ, તથા હિન્દીનેય ખપમાં લીધી છે. હેતુ તો એક જ છે, હૈયાની આરત ગાવાનો.

### સુડોકુ-૯૧૩૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | ૫ | | | | ૧ | ૮ | |
| ૯ | ૧ | | ૨ | | ૮ | | ૬ | ૫ |
| | | | | | | | | |
| ૧ | | ૮ | ૫ | | ૭ | ૨ | | ૯ |
| | | | | | | | | |
| ૪ | | ૭ | ૩ | | ૯ | ૬ | | ૮ |
| | | | | | | | | |
| ૮ | ૭ | | ૬ | | ૪ | | ૨ | ૩ |
| | ૯ | ૬ | | | | ૫ | ૧ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૩૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૯ | ૫ | ૩ | ૧ | ૮ | ૨ | ૬ | ૭ |
| ૨ | ૬ | ૧ | ૪ | ૭ | ૫ | ૯ | ૩ | ૮ |
| ૩ | ૭ | ૮ | ૯ | ૨ | ૬ | ૪ | ૧ | ૫ |
| ૭ | ૫ | ૨ | ૧ | ૯ | ૪ | ૩ | ૮ | ૬ |
| ૬ | ૧ | ૯ | ૮ | ૩ | ૭ | ૫ | ૨ | ૪ |
| ૮ | ૪ | ૩ | ૬ | ૫ | ૨ | ૭ | ૯ | ૧ |
| ૯ | ૮ | ૬ | ૭ | ૪ | ૩ | ૧ | ૫ | ૨ |
| ૧ | ૨ | ૭ | ૫ | ૬ | ૯ | ૮ | ૪ | ૩ |
| ૫ | ૩ | ૪ | ૨ | ૮ | ૧ | ૬ | ૭ | ૯ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

કોફી અનેક દેશમાં પીણાં તરીકે લોકપ્રિય છે. વિશ્વના કયા દેશમાં સૌથી વધુ કોફીનું ઉત્પાદન થાય છે એ વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) જર્મની
બ) બ્રાઝીલ
ક) ફિલિપાઈન્સ
ડ) બોત્સ્વાના

### નોંધી રાખો

એક વાત યાદ રાખજો કે સંઘર્ષમાં તમને માર્ગમાં સંકટો નડ્યા તેમાં દુનિયાને રસ નથી, તમે નાવ કિનારે લાવ્યા કે નહીં તેમાં રસ હોય છે.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૧૭, ૩૭, ૬૦, ૮૬, ૧૧૫, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૧૧૫ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૩૭ બ) ૧૩૯
ક) ૧૪૭ ડ) ૧૫૪

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| નાક | આબરૂ |
| નાખુદા | ટંડેલ |
| નાગચૂડ | ભરડો |
| નાજુક | સુંવાળું |
| નાડ | નસ |

ગુજરાત મોરી મોરી રે: વડીલોના વાંકે

ઓળખાણ પડી: પોલ મેકાર્ટની

માઈન્ડ ગેમ: ૮૦

ચતુર આપો જવાબ / માથું ખંજવાળો: સ્વિટ્ઝર્લૅન્ડ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ભારતી બુત (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) કિશોરકુમાર જીવણદાસ વેદ (૭) શીરીન ઔરંગાબાદવાલા (૮) નીતા દેસાઈ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મહેશ દોશી (૧૩) લજિતા ખોના (૧૪) હર્ષા મહેતા (૧૫) કિરીટ છેડા (૧૬) જયવંત પદમશી ચિખલ (૧૭) મહેશ સંઘવી (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) ભાવના કર્વે (૨૨) નિતીન જયંતિલાલ બજરિયા (૨૩) ભરત કજરિયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) પ્રવીણ વોરા (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) અરવિંદ કામદાર (૨૯) અલકા વાણી (૩૦) ડાયના સંતોકે (૩૧) વિપીન શાહ (૩૨) નૂતન વિપીન શાહ (૩૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) ડૉ. પ્રકાસ કટકિયા (૩૮) ધીરેન્દ્ર મુલરાજ (૩૯) ગીતા ઉદેશી (૪૦) પ્રતિમા પમાણી (૪૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૨) વિજય આસર (૪૩) કમલ માતલિયા (૪૪) હિનાબેન દલાલ

# વિશ્વબજારના નબળા સંકેત વચ્ચે નિફ્ટીએ ૨૫,૫૦૦ની સપાટી ફરી ગુમાવી, સેન્સેક્સ સતત ત્રીજા દિવસે ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારના નબળા સંકેત સાથે એફઆઇઆઇની એકધારી વેચવાલી અને તેજી માટે કોઇપણ ટ્રીગરના અભાવ વચ્ચે સેન્સેક્સ સતત ત્રીજા દિવસે નેગેટીવ ઝોનમાં ગબડ્યો હતો. નિફ્ટીએ મામૂલી ઘસરકા સાથે ૨૫,૫૦૦ની સપાટી ગુમાવી હતી. મોટાભાગના ક્ષેત્રો નીચા સ્તરે બંધ થતાં બજારમાં વ્યાપક નબળાઈ જોવા મળી. ટેકનોલોજી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં સૌથી વધુ ધોવાણ જોવા મળ્યું હતું. બેંકિંગ, એનર્જી અને ઓટો શેરોમાં પણ મધ્યમનરમાઇ જોવા મળી હતી.

સેન્સેક્સ સત્ર દરમિયાન ૬૪૦ પોઇન્ટ અથવા તો ૦.૭૬ ટકાની નીચી સપાટીને અથડાઇને અંતે સારી એવી રિકવરી સાથે અંતે ૯૪.૭૩ પોઇન્ટ અથવા તો ૦.૧૧ ટકાના ઘટાડા સાથે ૮૩,૨૧૬.૨૮ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. નિફ્ટી એ જ રીતે, ૧૭.૪૦ પોઇન્ટ અથવા તો ૦.૦૭ ટકાના ઘટાડા સાથે ૨૫,૪૯૨.૩૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

સેન્સેક્સના શેરોમાં ટેક મહિન્દ્રા, ટ્રેન્ટ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એચસીએલ ટેક્નોલોજી, હિંદુસ્તાન યુનિલીવર અને આઇટીસી સૌથી વધુ ઘટાડો નોંધાવનારા શેરમાં સામેલ હતા, જ્યારે બજાજ ફાઇનાન્સ, ટાટા સ્ટીલ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને બજાજ ફિનસર્વ ટોચના વધનારા શેરોમાં સામેલ હતા.

પ્રાઇમરી માર્કેટમાં આરએન્ડડી અને ટેક્નોલોજી ફોક્સ્ડ ટેનેકો ક્લિન એર ઇન્ડિયા લિમિટેડનો રૂ. ૩,૬૦૦ કરોડનો આઇપીઓ ૧૨ નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૪ નવેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૭ નવેમ્બરના રોજ અને બીએસઇ તથા એનએસઇ પર શેરનું લિસ્ટિંગ૧૯ નવેમ્બરે થવાનું છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૩૭૮થી રૂ. ૩૯૭ પ્રતિ શેર છે. અરજી માટે મિનિમમ લોટ સાઈઝ ૩૭ શેરની છે. હેલમેટ ઉત્પાદક સ્ટડ્ એસેસરીઝના શેર શુક્રવારે તેના ઇશ્યૂ ભાવ સામે ત્રણ ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. નોંધવું રહ્યું કે એમટીઆર અને ઇસ્ટર્ન બ્રાન્ડની માલિક ઓર્કલા ઇન્ડિયા લિમિટેડના શેર આગલા જ સત્રમાં ગુરુવારે તેના ઇશ્યૂ ભાવ સામે ત્રણ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા.

વિન્ડ પાવર પર ફોકસ ધરાવતી અગ્રણી ઇન્ડિપેન્ડન્ટ રિન્યુએબલ પાવર પ્રોડ્યુસર ઓરિએન્ટ ગ્રીન પાવરે અત્યાર સુધીનો સૌથી વધુ છમાસિક નફો નોંધાવ્યો છે. વર્ષના પ્રથમ છ મહિનાના સંકલિત પરિણામમાં કંપનીએ ૧૯.૯૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૨૮.૬૨ કરોડની કુલ આવક, ૧૫.૫૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૭૦.૨૩ કરોડનો એબિટા અને ૩૭.૭૯ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૦૯.૫૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ઓલા ઇલેક્ટ્રિક મોબિલિટી લિમિટેડે સપ્ટેમ્બર ક્વાર્ટર માટે રૂ. ૪૧૮ કરોડની ચોખ્ખો ખોટ અને આવકમાં ૪૩ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે. સ્ટોક બ્રોકિંગ ફર્મ ગ્રોવની પેરેન્ટ કંપની બિલિયનબ્રેઇન ગેરેજ વેન્ચર ઇશ્યૂ બીજા દિવસે જ સંપૂર્ણ ભરાઇ ગયો હતો.

નોન ફેરસ મેટલ પ્રોડક્ટ્સના ઉત્પાદનમાં અગ્રણી, રાજપૂતાના ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૨૯.૧૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૩૩.૦૨ કરોડની કુલ આવક, ૪૬.૮૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૨.૮૪ કરોડનો એબિટા અને ૩૩.૧૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૫.૪૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. સ્ટેટ બેન્ક એસબીઆઇ ફંડ મેનેજમેન્ટમાંથી ૬.૩ ટકા હિસ્સો ડિવેસ્ટ કરવા માટે આઇપીઓ લાવવાની યોજના ધરાવે છે. આ માટે સેન્ટ્રલ બોર્ડની પરવાનગી મળી ગઇ છે અને આ આખી પ્રક્રિયા ૨૦૨૬માં પૂર્ણ થવાની અપેક્ષા છે.

નોન ફેરસ ધાતુઓમાંથી બનેલા વિન્ડિંગ વાયર અને સ્ટ્રીપ્સની અગ્રણી ઉત્પાદક, શેરા એનર્જી લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનાના અનઓડિટેડ પરિણામમાં વાર્ષિક ધોરણે ૩૦.૦૪ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૭૮૨.૬૪ કરોડની કુલ આવક, ૪૨.૨૬ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૪૧.૪૧ કરોડનો એબિટા અને ૫૭.૩૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૫.૨૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ આરબીએલ બેન્કમાંથી તેનો ૩.૩૫૩ ટકાનો સંપૂર્ણ સ્ટેક રૂ. ૬૭૮ કરોડમાં વેચી દીધો છે.

હોસ્પિટલ ફર્નિચર પાર્ટસ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોડક્ટ્સ, પેકેજિંગ બોટલ્સ ડ્રમ્સ, જેરી કેન્સ, પેલ્સ અને કેપ્સના નિષ્ણાત, મિત્સુ કેમ પ્લાસ્ટ લિમિટેડે બીજા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૧૩.૬૩ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૯૨.૫૬ કરોડની કુલ આવક, ૨૪.૧૩ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૫.૮૮ કરોડનો એબિટા અને ૬૫.૭૨ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧.૮૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ફિઝિક્સવાલા લિમિટેડનો રૂ. ૩,૪૮૦ કરોડનો આઈપીઓ ૧૧ નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૩ નવેમ્બરના રોજ બંધ થશે. એમવી ફોટોવોલ્ટેઇક લિમિટેડનો રૂ. ૨,૯૦૦ કરોડનો આઇપીઓ ૧૧ નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૩ નવેમ્બરના રોજ બંધ થશે.

લાઇટ સ્ટીલ, રાઉન્ડ ગ્રેફાઇટ આયર્ન, કાસ્ટ આયર્ન અને મેંગેનીઝ સ્ટીલ સહિત વિવિધ ગ્રેડની ફેરસ મેટલર્જિકલ સામગ્રીમાં કસ્ટમાઇઝ્ડ પ્રોડક્ટની ઉત્પાદક નીતુ યોશી લિમિટેડે ૨૦૨૬ના પ્રથમ છ મહિનાના સંકલિત નાણાકીય પરિણામમાં ૩૦.૦૫ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૪૫.૮૯ કરોડની કુલ આવક, ૩૮.૩૧ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૫.૯૩ કરોડનો એબિટા અને ૪૫ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૧.૫૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. સરકારી નેશનલ એલ્યુમિનિયમ કંપની લિમિટેડ (નાલ્કો)એ શુક્રવારે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પૂરા થયેલા ક્વાર્ટરમાં ૩૬.૭ ટકાના વધારા સાથે રૂ. ૧,૪૨૯.૯૪ કરોડનો નફો નોંધાવ્યો હતો. હિન્ડાલ્કોનો બીજા ક્વાર્ટરનો કોન્સોલિડેટેડ નફો વાર્ષિક ધોરણે ૨૧ ટકા વધીને રૂ. ૪,૭૪૧ કરોડ થયો હતો. એસ્ટર ડીએમના નફામાં ૧૩ ટકા અને કેપી ગ્રીનના નફામાં પણ વધારો થયો હતો.

ભારતીય બજાર એકંદરે કોન્સોલિડેશનના તબક્કામાં છે અને ટ્રેડર્સ સાવચેતીભર્યું વલણ અપનાવી રહ્યા છે. વિદેશી ફંડોની એકધારી વેચવાલીને કારણે પણ સેન્ટિમેન્ટ ડહોળાયેલું રહ્યું છે. એક્સચેન્જના ડેટા અનુસાર એફઆઇઆઇએ પાછલા સત્રમાં રૂ. ૩૫૬૩.૨૧ કરોડના ઇક્વિટી શેર વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૫૨૮૩.૯૧ કરોડની લેવાલી નોંધાવી હતી.

આંતરરાષ્ટ્રીય સ્તરે ખાસ કરીને ટ્રમ્પ દ્વારા વારંવાર ભયનું વાતાવરણ ખડું કરવામાં આવી રહ્યું હોવાથી સાવચેતીના માનસ વચ્ચે સેફ હેવન એસેટમાં આકર્ષણ જળવાઇ રહેશે અને તે કિંમતી ધાતુંના ભાવ પકડી રાખશે. ટ્રમ્પે હાલમાં જ એક તરફ નાઇજિરિયા પર હુમલો કરવાની ધમકી ઉચ્ચારી હતી તો બીજી તરફ ચીનને પણ તાઇવાન સંદર્ભે ગર્ભીત ધમકી આપી હતી. રોકાણકારોની નજર ખાસ કરીને અમેરિકા અને ચીન તથા અમેરિકા અને ભારત વચ્ચેની ડીલ પર રહેશે.

એશિયન બજારોમાં સાઉથ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઇનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નેગેટીવ ટેરીટરીમાં બંધ થયો હતો. યુરોપના શેરબજારોમાં નીચા મથાળે ટ્રેડિંગ થઇ રહ્યું હતું. અમેરિકાના શેરબજારોમાં ગુરુવારે નોંધપાત્ર પીછેહઠ જોવા મળી હતી.

# ડૉલર સામે રૂપિયામાં બે પૈસાનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સ તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પીછેહઠ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાના નિર્દેશો હતા. જોકે, સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે એકંદરે પાંખાં કામકાજો વચ્ચે ડૉલર સામે રૂપિયો સાધારણ બે પૈસાના ઘટાડા સાથે ૮૮.૬૫ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૬૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૮.૬૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૭૨ અને ઉપરમાં ૮૮.૬૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે સાધારણ બે પૈસા ઘટીને ૮૮.૬૫ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં સાત પૈસાનો સુધારો આવ્યો હતો.

વૈશ્વિક સ્તરે વેપારોમાં અનિશ્ચિતતા, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં જોવા મળી રહેલા સુધારાતરફી વલણને ધ્યાનમાં લેતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જોવા મળી શકે છે, પરંતુ સંભવતઃ જાહેર ક્ષેત્રની બૅન્કોની ડૉલરમાં વેચવાલી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રાખી શકે છે, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું અમારા મતે આગામી સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૮.૪૫થી ૮૯ આસપાસની રહી શકે છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૪ ટકા વધીને ૯૯.૭૨ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૦૯ ટકા વધીને બેરલદીઠ ૬૪.૦૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૯૪.૭૩ પૉઈન્ટ અને ૧૭.૪૦ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યા હતા. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૨૬૩.૨૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.


**પશ્ચિમ રેલવે**

**વિવિધ કામ**

આસિસ્ટન્ટ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર EMU વર્કશોપ મહાલક્ષ્મી, મુંબઈ ટે.નો.નં.: **EL90-MX-2025-26-03-M/RT1**, તા. ૪/૧૧/૨૫ મંગાવે છે. તેના સ્થળ સાથે કામનું નામઃ EMU વર્કશોપ, મહાલક્ષ્મી ખાતે AC/નોન AC EMU, ICF-AC/ નોન-AC, MEMU, વંદે ભારત, ટ્રેઈન ૧૮, ટાવર વેગન અને કોઈપણ અન્ય પ્રકારની બોગીઝ (ટ્રોલીઝ) અને તેના સંકળાયેલ કોમ્પોનન્ટસનું તોડકામ, કોમ્પોનેન્ટસ/ ભાગોનું નામાંકન કરાયેલ બીન્સ/સ્થળો સુધી શીફટિંગ કરવું. કામની અંદા.કિંમતઃ ₹ ૩૪,૮૦,૧૮૪/-, બારડીઃ ₹ ૬૯,૬૦૦/-, સુપ્રતિની તા. અને સમયઃ ૨૬/૧૧/૨૫ના ૧૪ ક., ખુલવાની તા. અને સમયઃ ૨૬/૧૧/૨૫ના ૧૪ ક. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટઃ www.ireps.gov.in ની મુલાકાત લો. 0757

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**OHE કામ**

સીની. ડીવીજનલ ઈલેક. એન્જી. (સર્બ.), પ. રે., મું. સેન્ટ્રલ, ઈ-ટેન્ડર નં. **WR-MMCTOESUB (ESOT)/ ૨૨/૨૦૨૫**, તા. ૩/૧૧/૨૫ મંગાવે છે. કામનું નામઃ ચર્ચગેટ - વિરાર સેકશનમાં વિવિધ સ્થળોએ યાર્ડના અપગ્રેડેશન તથા ઈમ્પ્રુવમેન્ટ સાથેના અનુસંધાનમાં OHE કામ. કામની અંદા. કિંમતઃ ₹ ૬,૨૧,૨૩,૬૩૧/- બીડ સુરક્ષાઃ ₹ ૪,૬૦,૬૦૦/- સુપ્રતિની તા. & સમયઃ ૨/૧૨/૨૫ના ૧૫ ક. સુધી. ખુલવાની તા. અને સમયઃ ૨/૧૨/૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0754

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly


# વિશ્વ બજારથી વિપરીત સોનામાં ₹ ૫૭૦નો ઘટાડોઃ ચાંદીમાં ₹ ૩૩નો સાધારણ સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે આર્થિક વૃદ્ધિની ચિંતા, ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાતનો આશાવાદ અને અમેરિકી ગવર્મેન્ટ શટડાઉનને ધ્યાનમાં લેતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં વિશ્વ બજારથી વિપરીત ખાસ કરીને સોનામાં સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૬૮થી ૫૭૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૩૩નો સાધારણ સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં ઘટ્યા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૩ના સુધારા સાથે રૂ. ૧,૪૮,૨૭૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં રોકાણકારો અને સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૬૮ ઘટીને રૂ. ૧,૧૯,૬૧૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૭૦ ઘટીને રૂ. ૧,૨૦,૧૦૦ના મથાળે રહ્યા હતા.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૪૦૧૦.૭૨ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૭ ટકા વધીને ૪૦૧૯.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૭ ટકા વધીને ઔંસદીઠ ૪૮.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાલના તબક્કે કેન્દ્રવર્તી બૅન્કોની જળવાઈ રહેલી લેવાલી અને અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટ કરવામાં આવે તેવા આશાવાદ સાથે સોનામાં અન્ડરટોન તો મજબૂત જ હોવાનું અગ્રણી વિશ્લેષક રોસ નોર્મને જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે તાજેતરમાં અમેરિકા ખાતે ગત ઑક્ટોબર મહિનાના ખાનગી રોજગારીના જાહેર થયેલા આંકડા નબળા આવ્યા હતા જે વેપારમાં એઆઈના વપરાશમાં વૃદ્ધિ અને કર્મચારીઓને છૂટા કરવામાં આવી રહ્યા હોવાનો નિર્દેશ આપે છે. આથી રોજગાર ક્ષેત્રે નબળી વૃદ્ધિને ધ્યાનમાં લેતા રેટ કટનો આશાવાદ સપાટી પર આવતા હવે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર વેપારી વર્તુળો આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવામાં આવે તેવી ૬૭ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા છે.

# સાર્વત્રિક નરમાઇ વચ્ચે શૅરબજારના મૉર્કેટ કેપિટલમાં ₹ ૬.૨૦ લાખ કરોડનું ધોવાણ

મુંબઇઃ શેરબજારમાં શુક્રવારના સત્રમાં મેટલ અને ફાઈનાન્સિયલ સર્વિસીસ શેરો સર્વાધિક વધ્યા હતા, જ્યારે ટેક અને ટેલિકોમ્યુનિકેશન સર્વાધિક ઘટ્યા હતા. માર્કેટ કેપમાં રૂ. ૬.૨ લાખ કરોડનું ધોવાણ જોવા મળ્યું હતું.સેન્સેક્સની ૧૫ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૫ સ્ક્રિપ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૩૦ ટકા વધ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૨૫ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૪૧ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૩૧ ટકા વધ્યો હતો. શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૮૩,૩૧૧.૦૧ના બંધથી ૯૪.૭૩ પોઈન્ટ્સ (૦.૧૧ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૩,૧૫૦.૧૫ ખૂલી નીચામાં ૮૨,૬૭૦.૯૫ સુધી અને ઊંચામાં ૮૩,૩૯૦.૧૧ સુધી જઈ ૮૩,૨૧૬.૨૮ બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૭૨.૫૧ લાખ કરોડથી રૂ. ૬.૨ લાખ કરોડ ઘટીને રૂ. ૪૬૬.૩૧ લાખ કરોડ રહ્યું હતું. સેક્ટરલ ઈન્ડાયસીસમાં મેટલ ૧.૪૧ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૭૪ ટકા, કોમોડિટીઝ ૦.૬૫ ટકા, ઓટો ૦.૫૫ ટકા, બેન્કેક્સ ૦.૩૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ અને કંઝ્યુમર ડિસ્કેશનરી ૦.૦૭ ટકા તેમ જ રિયલ્ટી ૦.૦૩ ટકા વધ્યા હતા, જ્યારે ટેક ૧.૪૬ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૧.૧૯ ટકા, પાવર ૦.૫૨ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૫ ટકા, એફએમસીજી ૦.૪૫ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૪૪ ટકા, આઈટી ૦.૩૯ ટકા, સર્વિસીસ ૦.૩૭ ટકા, હેલ્થકેર ૦.૩૫ ટકા, યુટિલિટીઝ ૦.૨૪ ટકા, એનર્જી ૦.૧૩ ટકા અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૦૩ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૧૫ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૦૬૯ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૧૦૫ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૪૧ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૩૨ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૦૯ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૦ સ્ટોક્સને ઉપલી જ્યારે ૧૨ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે બજાજા ફાઈનાન્સ ૨.૪૦ ટકા, ટાટા સ્ટીલ ૨.૩૭ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૦૩ ટકા, બજાજ ફિનસર્વ ૧.૯૬ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૯૬ ટકા, બીઈલ ૧.૪૦ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૮૬ ટકા, ઈન્ફોસિસ ૦.૭૬ ટકા, પાવર ગ્રીડ ૦.૬૭ ટકા અને એશિયન પેઈન્ટ ૦.૫૨ ટકા વધ્યા હતા, મહિન્દ્ર ૧.૯૧ ટકા, રિલાયન્સ ૧.૧૭ ટકા, હિંદુસ્તાન યુનિવિલર ૦.૮૯ ટકા, આઈટીસી ૦.૮૧ ટકા, ટાટા કન્સલ્ટન્ટ્સ ૦.૬૨ ટકા, તાતા મોટર્સ ૦.૫૪ ટકા અને અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૫૪ ટકા ઘટ્યા હતા.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**વિભાગઃ ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)**

નં. E.E. મિકે./E.I. /૫૦૭૪/ મેઈન્ટ. તા. ૦૭.૧૧.૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેકશન હેઠળ B.M.C. ની વેબસાઈટ/ મહારાષ્ટ્ર સરકાર (મહાટેન્ડર્સ)ની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર. નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૫_MCGM_ ૧૨૪૧૭૯૧_ ૧ | KEM હોસ્પિટલમાં જૂના બિલ્ડિંગ તથા M.S. બિલ્ડિંગના ઉપયોગ માટે ઈમરજન્સી બેકઅપ યુનિટ્સનું SITC તથા એન્હાન્સમેન્ટ. |

ઈચ્છુક ટેન્ડરરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટ અને (http://mahatenders.gov.in) ખાતે મહારાષ્ટ્ર સરકાર (મહાટેન્ડર્સ)ની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ ખાતે મુલાકાત લેવી.

સહી/-

E.E. મિકે. (EI) મેઈન્ટ.

PRO/2146/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# ખાંડમાં વધુ ₹ ૧૦થી ૧૪ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ નિરસ રહેતાં ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૫૦થી ૩૭૮૦માં થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. આમ મથકો પરના નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૧૪નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. એકંદરે આજે મર્યાદિત માગ અને મથકો પરનાં નિરુત્સાહી અહેવાલે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૫૨થી ૩૯૭૬માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૪ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૬૨થી ૪૦૭૬માં થયા હતા.

# ડૉલર મજબૂત થતાં વિશ્વ બજાર પાછળ ધાતુમાં નરમાઈ

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. છ અને રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બેનો ઘટાડો આવ્યો હતો. આજે મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૩૨૫૯ અને રૂ. પાંચ ઘટીને રૂ. ૧૩૪૩ના મથાળે રહ્યા હતા. કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૮૫૩ અને રૂ. ૫૯૩ અને કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૯૨૯, રૂ. ૯૧૦, રૂ. ૧૦૨૨ અને રૂ. ૨૭૭ના મથાળે રહ્યા હતા.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

એક્ઝીક્યુટીવ એન્જિનિયર (ટ્રાન્સપોર્ટ) પશ્ચિમના પરાં

**ઈ-ટેન્ડર નોટિસ**

| | | |
|---|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નંબર | : | 2025_MCGM_1241512_1 |
| ઓર્ગેનાઈઝેશનનું નામ | : | બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC) |
| વિષય | : | એક્ષી. એન્જી. (ટ્રા.) W.S. હેઠળ વિવિધ ગેરેજો માટે ડીજીટલ પ્રોસેસીંગ, સ્ટેચ્યુટરી ફેકટરી અનુપાલનનો વહીવટ અને સંલગ્ન સેવાઓ માટે કંસલટન્સી પેઢીની નિમણૂંક. |
| ટેન્ડર ફી | : | રૂા. ૩૬૩૦/- + (૧૮% જીએસટી) |
| બિડ સિક્યોરિટી ડિપોઝીટ/ ઈએમડી | : | રૂા. ૨૦,૦૦૦/- |
| ટેન્ડર ઈસ્યુ કરવાની તારીખઃ અને તેનું વેચાણ | | તા. ૭-૧૧-૨૦૨૫ના સવારે ૧૧.૦૦ વાગેથી |
| ટેન્ડરના વેચાણની છેલ્લી તારીખ અને બીડ સીક્યુરીટીની રીસીપ્ટ | : | તા. ૧૪-૧૧-૨૦૨૫ના બપોરે ૪ વાગે સુધી |
| પેકેટ એ, બી & પેકેટ સી (ઓનલાઈન)ની સુપ્રતિ | : | તા. ૧૪-૧૧-૨૦૨૫ના બપોરે ૪ વાગે સુધી |
| પેકેટ એ & બી ખોલવાની તા. | : | તા. ૧૭-૧૧-૨૦૨૫ના બપોરે ૪.૦૦ વાગ્યા પછી |
| પેકેટ સી ખોલવાની તા. | : | પછીથી જાણ કરાશે |
| સંદેશ વ્યવહારનું સરનામું | : | એકઝીક્યુટીવ એન્જિનિયર (ટ્રાન્સપોર્ટ) પશ્ચિમના પરાંની કચેરી, મિલન મોલની સામે, મિલન સબવે રોડ, ઓફ એસ. વી. રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈઃ૪૦૦૦૫૪. ફોનઃ ૦૨૨-૨૬૧૮૨૨૫૨/૫૩/૫૪ ઈ-મેઈલઃ trsg2008@yahoo.com |
| બિડ ખોલવાની જગ્યા | : | એકઝીક્યુટીવ એન્જિનિયર ટ્રાન્સપોર્ટ (પશ્ચિમના પરાંની) કચેરી |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.

આ ઈ-ટેન્ડર અંગે જો કોઈ પૂરવણી કે/ અને સુધારો બહાર પાડવામાં આવે તો તેની વિગતો પ્રકાશીત કરાશે. મહારાષ્ટ્ર સરકારની (મહાટેન્ડર) ઈ-પ્રોક્યોરમેન્ટ સીસ્ટમ વેબસાઈટ **https://mahatenders.gov.in** ઉપર Tenders > e-Tenders > Tenders હેઠળ પ્રસિદ્ધ/ અપલોડ કરવામાં આવશે. ભાવિ ટેન્ડર ભરનારાઓએ તેની નોંધ લેવી.

કોઈપણ કારણ આપ્યા વિના ઉપર જણાવેલા વિષય માટે પ્રાપ્ત કોઈપણ અરજી સ્વીકારવાનું અથવા કોઈપણ એક અથવા બધી અરજી નકારવાનો અધિકાર બૃહન્મુંબઈ મહાનગરપાલિકા પાસે અનામત છે.

સહી/-

PRO/2142/ADV./2025-26 કાર્યકારી અભિયંતા પરિવહન (પશ્ચિમના પરાં)

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



**પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ ⇌ દુર્ગાપુરા વચ્ચે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવશે**

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09730 | બાંદ્રા ટર્મિનસથી દુર્ગાપૂરા | ૧૦.૧૧.૨૦૨૫ | ૧૦.૦૦ ક. (સોમવારે) | ૦૫.૩૦ ક. (બીજા દિવસે) |
| 09729 | દુર્ગાપૂરા - બાંદ્રા ટર્મિનસ | ૯.૧૧.૨૦૨૫ | ૧૨.૨૫ ક. (રવિવાર) | ૭.૦૦ ક. (બીજા દિવસે) |

**સ્થાનકોઃ** બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, નવસારી, સૂરત, ભરૂચ, વડોદરા, રતલામ, નાગડા, ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર અને બનસ્થલી નિવાઈ સ્ટેશનો પર બંને દિશામાં.

**કમ્પોઝિશનઃ** એસી-ટૂ ટિયર, એસી-થ્રી ટિયર, એસી-થ્રી ટિયર (ઈકોનોમી), સ્લિપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચેસ.

ટાઈમિંગ, હૉલ્ટ અને કમ્પોઝિશન અંગેની વધુ માહિતી માટે પ્રવાસીઓ મહેરબાની કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નં. ૦૯૭૩૦નું બુકિંગ તા. ૦૮/૧૧/૨૦૨૫થી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર ખૂલશે. આ ટ્રેન સ્પેશિયલ ભાડા સાથે સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે

wr.indianrailways.gov.in

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

અમને ફોલો કરોઃ X.com/WesternRly

અમને ફોલો કરોઃ Instagram/WesternRly

તમામ આરક્ષિત ટિકિટ માટે ઓળખપત્રની મૂળ નકલ સાથે રાખો.


# ખપપૂરતા કામકાજે ખાદ્યતેલમાં મિશ્ર વલણ

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૯ રિંગિટનો ઘટાડો આવ્યો હતો. તેમ જ ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં પણ ૩૪ સેન્ટ ઘટી આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે એકંદરે ખપપૂરતા કામકાજો રહેતાં આયાતી તેલમાં માત્ર સન રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો અને દેશી તેલમાં ખાસ કરીને સરસવમાં મથકો પાછળ ભાવમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય તમામ દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૫, બુંગે, ગોકુલ એગ્રો અને પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૨૪૦, રૂ. ૧૨૨૫ અને રૂ. ૧૨૫૦ અને રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો નિરસ હતા. વધુમાં ગુજરાતમાં ગોંડલ મથકે આજે ૪૫,૦૦૦ ગૂણી અને રાજકોટ મથકે ૧૪,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર અનુક્રમે મણદીઠ રૂ. ૯૫૦થી ૧૨૨૦માં અને રૂ. ૯૫૦થી ૧૨૦૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૨૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ.૧૩૮૫માં ટકેલા ધોરણે થયા હતા.

### સેન્ડહર્સ્ટ રોડ ટ્રેન અકસ્માત

# દીકરી હેલીના મૃત્યુ માટે રેલવે જ જવાબદારઃ પિતા પ્રિયેશ મોમાયાએ રોષ ઠાલવ્યો



હેલી મોમાયા

## રેલવેની સામે એફઆઈઆર નોંધાવવાની તૈયારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રેલવે કર્મચારીઓના આંદોલન પછી શરૂ થયેલી પહેલી જ ફાસ્ટ લોકલની અડફેટે આવીને બે જણે જીવ ગુમાવ્યા પછી નફ્ફટ રેલવે પ્રશાસનનું કહેવું છે કે કોઈ પણ સંજોગોમાં પ્રવાસીઓએ પાટા પર ચાલવું ન જોઈએ. આ વાત ઘા પર મીઠું ભભરાવવા જેવી છે અને ઘટનામાં જીવ ગુમાવનારી કચ્છી યુવતી હેલી મોમાયાના પિતાને પણ આવું જ લાગી રહ્યું છે. તેમનું કહેવું છે કે મારી દીકરીના મૃત્યુ માટે માત્ર ને માત્ર રેલવે જવાબદાર છે અને આના માટે હું કાનૂની પર્યાયનો વિચાર કરીશ.

સેન્ટ્રલ રેલવેના સેન્ડહર્સ્ટ રોડ સ્ટેશન નજીક ગુરુવારની સાંજે બનેલી ઘટનામાં અંબરનાથ ફાસ્ટ લોકલે પાંચ પ્રવાસીને અડફેટે લીધા હતા, જેમાં માટુંગાની ૧૯ વર્ષની હેલી મોમાયા અને મીરા રોડના સૂર્યકાંત નાઈક જીવ ગુમાવ્યાં હતાં, જ્યારે (જુઓ પાનું ૪) ▶▶

### ■ 'કાનૂની કાર્યવાહી થવી જોઈએ'

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્ય રેલવેના સેન્ડહર્સ્ટ રોડ રેલવે સ્ટેશન નજીક ટ્રેનની ટક્કરમાં ચાર પ્રવાસી ગંભીર ઘવાયા હતા, જેમાં બેનાં મોત થયા હતા, પરંતુ આ અકસ્માત પછી રેલવેએ જાણે મૌન જાળવી લીધું છે. આ અકસ્માતનું કારણ રેલવે કર્મચારીઓ હતા, કારણ કે આ જ કર્મચારીઓએ આંદોલન (જુઓ પાનું ૪) ▶▶

### ■ મધ્ય રેલવેએ શું કહ્યું?

મધ્ય રેલવેના વરિષ્ઠ અધિકારીએ નામ નહીં આપવાની શરતે કહ્યું હતું કે હાલના તબક્કે કોર્ટની મેટર હોવાથી કોઈ અધિકારી વધુ કહી શકે નહીં. બાકી આંદોલન યા પ્રદર્શન કરવા માટે સીએસએમટીની લોબીમાં મંજૂરી આપવામાં આવતી નથી. લોકલ ટ્રેનની ઓપરેશન કામગીરીને નહીં અટકાવવા માટે પણ અમે સંગઠનને વારંવાર અપીલ કરતા હોઈએ છીએ. ટ્રેન ઓપરેશનને રોકવા બદલ સેન્ટ્રલ રેલવેએ ડિવિઝન પાસેથી વિગતવાર રિપોર્ટ પણ માગ્યો છે.

# જમીનનો સોદો રદ, પાર્થને ખબર નહોતી કે તે સરકારી મિલકત છેઃ અજિત પવાર

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે શુક્રવારે એવી માહિતી આપી હતી કે, તેમના પુત્ર પાર્થ અને તેમના વ્યવસાયિક ભાગીદારને ખબર નહોતી કે પુણેમાં તેમની કંપનીએ ખરીદેલી જમીન સરકારી છે અને હવે આ વિવાદાસ્પદ વ્યવહાર રદ કરવામાં આવ્યો છે.

૩૦૦ કરોડ રૂપિયાના સોદાની તપાસ માટે સરકાર દ્વારા નિયુક્ત કરાયેલી સમિતિ એક મહિનાની અંદર પોતાનો અહેવાલ રજૂ કરશે, એમ તેમણે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા બાદ પત્રકારોને જણાવ્યું હતું.

સોદાને લગતા દસ્તાવેજોની નોંધણી રદ કરવામાં આવી હતી અને આ અંગેનું સોગંદનામું અધિકારીઓને સુપરત કરવામાં આવ્યું હતું, એમ પણ એનસીપીના વડાએ જણાવ્યું હતું,

તેમણે ઉમેર્યું હતું કે સોદામાં એક રૂપિયાની પણ લેવડદેવડ થઈ નથી.

'સંબંધિત જમીન સરકારી જમીન છે જેને વેચી શકાતી નથી. પાર્થ અને તેમના ભાગીદાર દિગ્વિજય પાટિલ આ હકીકતથી વાકેફ નહોતા. નોંધણી (તેના વેચાણની) કેવી રીતે કરવામાં આવી અને કોણ જવાબદાર છે તે એસીએસ (અતિરિક્ત મુખ્ય સચિવ) (જુઓ પાનું ૪) ▶▶

### ફોઈ, મેં કંઈ ખોટું કર્યું નથીઃ પાર્થ પવારે સુપ્રિયા સુળેને કહ્યું

પુણેમાં જમીન કૌભાંડ અંગે વિપક્ષે નાયબ મુખ્યમંત્રી અજિત પવારના પુત્ર પાર્થ પવાર પર ગંભીર આરોપો લગાવ્યા છે. આ મુદ્દે સાંસદ સુપ્રિયા સુળેએ ખુલાસો કર્યો હતો કે પાર્થ પવારે ફોન પર સુપ્રિયા સુળે સાથે વાત કરતી વખતે 'ફોઈ, મેં કંઈ ખોટું કર્યું નથી' કહ્યું હતું.

'પુણેમાં જમીનનો મામલો ખરેખર શું છે? રાજ્ય સરકારે આ સ્પષ્ટ કરવું જોઈએ. દેવેન્દ્ર ફડણવીસે આ સ્પષ્ટ કરવું જોઈએ. કારણ કે બધી મૂંઝવણ છે, આ મામલે મારા ત્રણ સવાસ છે. મારો પહેલો સવાલ એ છે કે આ જમીન સરકારી જમીન હતી, તો શું તે વેચી શકાય? જો તે વેચી શકાય, તો શું વ્યવહાર નિયમો મુજબ થયો હતો? બીજો મહત્વપૂર્ણ મુદ્દો એ છે કે તહસીલદાર (જુઓ પાનું ૪) ▶▶















"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**